જાદુઈ માછલી.



પત્થરના પાદશાહ.

અમૃત કીનાક્ષ પ્રીં. વર્કસમાં છાપ્યું

અનેક ચમત્કારોથી ભરપુર સંપૂર્ણ વાર્તા

—: બન્ને ભાગ ભેગા :—

જાદુઇ માછલી

અને

ત્થરનો પાદશાહ

છપાવનાર અને વેચનાર:—

લર કંચનલાલ શાન્તીલાલ બ્રધર્સ

મુ. નડીઆદ.

વત ૧૯૮૫ — ૧૯૨૯

ાવૃતી ૩ જી — પ્રત ૧૫૦૦

કીંમત દસ આના

પ્રયોજક:—સાહિત્યવિલાસી, મુ. રાજકોટ.
વેચનાર:—જદુલાલ નારણદાસ બુકસેલર, મુ. નડીઆદ.
સંવત ૧૯૮૫ પ્રત ૧૫૦૦ સને ૧૯૨૯

ખાસ સુચના

આ પુસ્તક તેના લેખક રા. સાહિત્યવિલાસીને યોગ્ય બદલો આપી પ્રકાશકને માટે રચાવવામાં આવ્યું છે.

આ ચોપડી ઉમરેઠ બટવાડી પોળને નાકે આવેલા સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસમાં રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદીએ છાપી અને બુકસેલર કંચનલાલ શાન્તીલાલ બ્રધર્સે નડીઆદમાંથી પ્રગટ કરી.

—: આ પુસ્તક મળવાનાં ઠેકાણાં :—

જે. એન. બુકસેલર, મુ. નડીઆદ.

પ્રાગજીભાઇ વલ્લભભાઇ બુકસેલર,
ઠે. કાલબાદેવી રોડ દરીઆ મહેલ-મુંબાઇ

બુકસેલર હાસમભાઈ ઇસાભાઇ, જુના મારકીટ-કરાંચી

જાદુઇ માછલી

યાને

દરીયાનો દૈત્ય

પ્રકરણ ૧ લું.

આત્મઘાતની તૈયારી

સખુગ્કર ! આ હીણુભાગી માનવ આત્મઘાત કરી ખુદાનો કોપ તારા શીર.પર વ્યર્થ ન લે.

સખુગ્કરના અચાનક આવેલા અવાજથી આત્મહત્યા કરવા તૈયાર થયેલ—ગીરીસ્રૃંગ ઉપરથી ખીણુમાં વહેતા ધોધબંધ જળના પ્રવાહમાં પડી દેહ નાશ કરવાને ઉત્સુક થએલા તે હીણુભાગ્ય પુરુષે પાછળ ફરીને જોયું તો તેજના અંબાર સરખા વયોવૃદ્ધ ફકીરને પોતાની સમીપ ઉભેલા જોયા.

તતક્ષણે તે કમનસીબ માણસ ફકીરનાં ચર્ણોમાં વંદન કરી અવાચક સરખો ઉભો રહ્યો તેનાં ચક્ષુમાંથી અસ્ખલીત અશ્રુ પ્રવાહ

વહન કરતો હોવાથી તે પવિત્ર–દયાળુ ફકીરનું હૃદય દયાથી ઉભરાઇ જવા લાગ્યું.

બચ્ચા, થોડી ક્ષણ પછી તે ફકીરે કહ્યું બચ્ચા ! જગતમાં ક્રુર માનવીઓ નિર્બળ માનવીઓનો વધ કરીને પણ પોતાનું જીવન લંબાવવાની–જીંદગીનાં કહેવાતાં–ક્ષણીક નાશવંત સુખો ભોગવવાની પ્રબળ આકાંક્ષા ધરાવે છે, મર્ણની પથારી ઉપર સુતેલા માનવીઓ પોતાનુ આયુષ્ય લંબાવવા ખુદાને પ્રાર્થના કરે છે, તો હે માનવ ! ખુદાના હુકમ વિના તું મૃત્યુને સ્વાધીન થવા કયમ તૈયાર થયો ? ધર્મના પાક ફરમાનો કહે છે કે જે મનુષ્ય આત્મઘાતી થાય છે. તેઓને દોજખમાં વાસ મળે છે.

પ્રભુના પ્યારા ફીરસ્તા તુલ્ય; હે દયાળુ ફકીર ! મારી કર્મ કથા ઘણી લાંબી છે. જો આપ દયા કરીને મારા ઉપર ગુજરેલા જુલમનું બ્યાન સાંભળશો તો મારા દુ:ખનો ભાર ઓછો થશે.

કહે; ભાઇ કહે. માનવનું જીવન ખુદાએ દુનીયાની સેવા કરવા માટે જ સરજેલુ છે માગથી બનતી યથાશકિત મદદ ખુદાના નામ ઉપર આપવા હું તૈયાર છું. તે ફકીરે કહ્યું.

પ્રકરણ ૨ જું

જેન્ટલમેન લુંટારો

હે દયાળુ ! તે ગરીબ માણસે પોતાની જીવન કથાનો પ્રારંભ કરતાં કહ્યું–હે દયાળુ અરબી મહાસાગરના ત્રટ ઉપર કેશાવતી નામના એક નાના ગામડામા મારૂ મકાન–ઝુંપડું આવેલુ છે મારો જન્મ એક

માછીના કુટુંબમાં થયેલો હોવાથી બાલપણથીજ હું માછીમારનો ધંધો કરૂં છું મ્હારી સ્ત્રી ઘણીજ સ્વરૂપવતી આકાશની અપ્સરાને લજાવે તેવી ખુબસુરત છે. પરંતુ હું ગરીબ હોવા છતાં અને કોઇ પણ જાતનો મોજશોખ ભોગવતો ન હોવા છતાં મ્હારી ગરીબ પત્ની મ્હને દેવતુલ્ય માન આપતી સંપુર્ણ પાતવ્રતના નીયમો પાળતી હતી. વંઠેલ જમાનાની ફેશનેબલ સ્ત્રીઓને તે ઘણીજ ધીકકારતી-સ્વપ્ને પણ તેમનો સંગ ન થાય તેની ખાસ સંભાળ રાખતી હતી. મ્હારૂં નામ જેસંગ અને મ્હારી પત્નીનું નામ રૂપાળી હતું રૂપ સૌન્દર્ય એ ઇશ્વરની મહાન-કીંમતી-અમુલ્ય બક્ષીસ હોવા છતાં મ્હારી આપત્તિનું મુળ કારણ મ્હારી સ્ત્રીનું સૌન્દર્ય હતું. સ્ત્રી સાન્દર્યથી મહાન રાજાઓની પાયમાલી થઇ છે ઇતિહાસો તેની સાક્ષી પુરે છે. દમયંતીના રૂપથી મોહિત થયેલા કળિયુગે નળરાજાને આપેલા કષ્ટની વાતો જગતમાં જાણીતીજ છે. મ્હારૂં પણ તેમજ થયું. એક શ્રીમંત વણીકની દ્રષ્ટી મ્હારી સ્ત્રી ઉપર પડી. તે પાપીષ્ટે મારી પત્નિને ફસાવવા અનેક પ્રયત્નો કર્યા ભેટ સોગાતો મોકલી, જેનો તીરસ્કાર પુર્વક અસ્વીકાર કર્યો, તેથી તેને એક દિવસે સંધ્યા સમયે એકાંત જળાશય ઉપર જળ ભરવા જતાં માર્ગમાંથી અચાનક ઉચકી જંગલમાં પકડી જઇ તેના ઉપર બળાત્કારની તૈયારી કરી. પ્રભુથી આ જુલ્મ સહન ન થયો, તેણે સતીના વાર કરવા બે ભીલ વીરોને મોકલ્યા. ભીલોની એકાએક ડગથી ને જુલમી વાણીયાનો પગ ભાગી ગયો. અજ્ઞાન ભીલોએ દયાથી તેને જીવતો છોડી દીધો બસ ! તેજ સમયથી મ્હારા સર્વ નાશની તૈયારી થઇ.

પ્રકરણ ૩.

શયતાનનો શાથી.

તે લુચ્ચા વણીકે ઘેર જતાંજ કોટવાળને કેટલીક લાંચ આપી પોતાના પક્ષમાં લીધો. અને મ્હારા નામનુ ખોટું ખાતુ ઉમરેઠ જઈ ત્યાંના એક બદમાસ ખેડાવાળ બ્રાહ્મણની પાસે પડાવી લાવ્યો. આ અઠંગ ઉઠાવગીર ખેડાવાળ બ્રાહ્મણ સામાનાં અક્ષરની નકલ કરવામાં એટલો પ્રવીણ હતો કે ન્યાયાસન ઉપર વિરાજમાન થનાર ન્યાયાધીશની સહીઓની નકલ પણ તે કરી શકતો હતો.

કોટવાળની સાક્ષી રાખી શહેરના સુબા પાસે મારા નામ ઉપર લેણાની જુઠી ફરીયાદ નોંધાવી હુકમનામુ કરાવી લીધું અને જપ્તીથી લહેણું વસુલ કરવા કોટવાળ અને વણીક મ્હારે ત્યાં આવી પહોચ્યા.

આ સમયે હું સાગર ઉપર માછલાં પકડવા ગયો હતો. મ્હારૂં છ માસનું નિર્દોષ બાળક બ્હાર ગોડીયામાં સુવાડી મારી સ્ત્રી ગૃહ કાર્ય કરતી હતી. ત્યાં અચાનક જઇ કોટવાળે તેને પાછળથી લાત મારી જમીન ઉપર ફેંકી દીધી અને ઘરનો સામાન ભાંગફોડ કરવા માંડયો મ્હારી સ્ત્રીએ તેમ ન કરવા વિનંતિ કરી, એટલે કોટવાળે તેને સરકારી કામમાં અડચણ કરવાનો આરોપ મૂકી પોલીસ થાણામાં લઇ ગયા. મ્હારૂં કુંમળુ બાળક તેની માતાના વિયોગથી ઘણીવાર રૂદન કરી ભુખથી અચેતન થઇ ગયું. પણ આ જમ જેવા કસાઇઓને તેની દયા કયાથી આવે? તેઓ કંઇ દ્રવ્ય લેવા આવ્યા નહોતા તેમને તો મારી સ્ત્રીના સૌન્દર્યનીજ જરૂર હતી હું રાતરે સુમારે એક ઘડી રાત ગયા પછી ઘેર આવ્યો તો મને કોટવાળના જુલમની આફીતી

મળી મ્હારૂં નિર્દોષ બાળક તે વખતે ભુખથી મરણનો છેલ્લોજ શ્વાસ લેતું હતું. મ્હારી પાસે એક પૈસો પણ ન હતો. એટલે રાત્રે મને મફત દુધ કોણ આપે? હાય! તે ગરીબ માછી એક ભયંકર હાય મારીને બોલ્યો. અંતે મ્હારૂં તે નિર્દોષ બાળક આ જગતના પ્રપંચને જોયા-જાણ્યા સિવાય આ ફાની દુનિયામાંથી સદાને માટે જતું રહ્યું તેના મૃત્યુથી હું દીવાનો બની દોડતો પોલીસ થાણા ઉપર જઇ પહોચ્યો.

પ્રકરણ ૪ થું.

જુલ્મી જમાનો

કોટવાળે રૂપાળીને પોલીસ થાણાના એકાંત સ્થળે કેદ કરવાનું અસત્ય બહાનું બતાવી પકડી આણી તેને ભય અને લાલચ બતાવી વાણીયાની અને પોતાની નીચ વૃત્તિ તૃપ્ત કરવા સમજાવી. નીચ જ્ઞાતિમાં ઉત્પન્ન થયા છતાં પતિવ્રતના પ્રભાવને સમજનારી રૂપાળીએ તેઓને તીરસ્કાર પુર્વક તેમની અયોગ્ય માગણીને તાબે થવાની સાફ ના પાડવાથી કોટવાળ તેના ઉપર બળાત્કાર કરવા તૈયાર થયો. એક શસ્ત્રહીન અબળા પાસે પોતાના બચાવનું સાધન શું હોય? પરંતુ કુદરતનો એવો નિયમ છે કે દુઃખમા બુદ્ધી એકદમ સતેજ થાય છે રૂપાળીએ થોડીક ક્ષણ વિચાર કરી પોતાના સામા ધસી આવતા કોટવાળ ઉપર ખુરસી ટેબલ ખડીઓ વિગેરે જે હાથમાં આવ્યું ને પોતાના બચાવના હથીઆર તરીકે ફેંકવા માંડયું ક્ષણભર કોટવાળ તેની બહાદુરીથી વિસ્મય પામ્યો તેમ તેના ઉપર વધુ જુલ્મ ગુજારવાનો દ્રઢ સંકલ્પ કર્યો એક નિર્બળ હરીણી એ સબળ શાદુલો

સામે કેટલીકવાર પોતાનો બચાવ કરી શકે ! કોટવાળને માર પડતો જોઇ દુષ્ટ વાણીયાએ તેણીના પગમાં પાછળથી લાત મારી જમીન ઉપર પછાડી. કોટવાળે રૂપાળીના હાથ બાંધી લીધા અને તે બુમ બરાડા ન પાડે તેટલા સારૂ તેના મોંમાં કપડાનો ડુચો ઘાલવા તૈયારી કરી.

પોતાનું શીયળ લુંટાતું જોઇ રૂપાળી ભયથી એક ચીત્કાર કરી બેભાન થઇ ગઇ.

માળીએ કહ્યું-હે દયાળુ ફકીર મહાત્મા ! આ ક્ષણેજ હું ત્યાં જઇ પહોંચ્યો. બાળકના મૃત્યુથી અર્ધ દીવાનાપણાને હું પામ્યો હતો. તેમાં સ્ત્રીના આર્તનાદથી વધારો થયો. દ્વાર રક્ષકને એક ધક્કો મારી જમીન ઉપર પછાડી નાંખ્યો અને એકજ લાતથી બારણાના ચુરે-ચુરા કરી નાખી હું અંદર દાખલ થયો ત્યાં જઇ મેં શું જોયું ? એક શયતાનને પણ શરમાવે-એવું અમાનુષી કૃત્ય મેં પ્રત્યક્ષ નીહાળ્યું. મારી સ્ત્રીની અચેતન અવસ્થાનો લાભ લઇ તે પાપાત્મા વણીક પોતાની ઇચ્છાનુસાર કાર્ય કરી રહ્યો હતો દીવાનાપણાને લીધે એક હાથીના જેટલું સામર્થ મારામાં દાખલ થયું. વણીકના પગ ઝાલી એક ધોબી જેમ લુગડાને ધુવે તેમ મેં તે વણીકને પત્થર સાથે જોરથી અફાળી મારી નાંખ્યો.

પ્રકરણ ૫ મું.

કેદખાનામાંથી પલાયન

વણીકનું મૃત્યુ નીહાળી કોટવાળ નાસી ગયો. હું મારી સ્ત્રીના વસ્ત્રો વ્યવસ્થિત કરી તેણીને ઉચકી લઇ બહાર નીકળવાની તૈયારી કરતો હતો. તેટલામાં કોટવાળ દસ માણુસની ટુકડી લઇ આવ્યો. અને પોલીસની મદદથી મને કેદખાનામાં દાખલ કર્યો, અને મારી સ્ત્રીને બેભાન અવસ્થામાં નગરની બહાર ફેંકી દીધી.

સુબા પાસે મારા નામ ઉપર ફરીઆદ માંડી બે આક્ષેપ મુકયા. એક ગુન્હો સરકારી મકાન તોડી રાજદ્રોહ કરવાનો. બીજો ગુન્હો નીર્દોષ (!) વણીકનું ખુન કરવાનો. બન્ને ગુન્હા જુઠા સાક્ષીઓની મદદથી કોટવાળે પુરવાર કરી બતાવ્યા, સુબા સાહેબ બહુ પ્રમાણીક હતા. પરંતુ કાયદાની દ્રષ્ટિએ તેઓ મારો બચાવ કરી શકયા નહી. કોટવાળની બ્હીકથી મારા સગાઓએ સુબા સાહેબ આગળ સત્ય હકીકત નિવેદન કરી નહિં.

મારા માટે સરકારી કાયદા પ્રમાણે શુળીની ભયંકર શિક્ષા નિર્માણ થઇ. એક માસની મુદત અપીલ માટે આપી, મને જેલખાનામાં લઇ ગયા.

એક રાત્રે અચાનક આકાશમાં ભયંકર તોફાન શરૂ થયું. કાટકાઓની ગર્જના અને મુશળધાર વૃષ્ટિએ સૃષ્ટિને પાતાળમાં પેસાડી દેવાનો સંકલ્પ કર્યો હોય તેમ ક્ષણમાં સર્વત્ર જળ જળ થઇ રહ્યું.

શુળી ઉપર રીબાઇને પ્રાણ જવાના ભયથી બહાર નાસી

જઇ આપઘાત કરી જીવન ગુમાવવાની મારી પ્રબળ ઇચ્છા હતી. પરંતુ નાસવાનો કોઇ સુયોગ પ્રાપ્ત થતો નહિ. આવી પડેલી આ નવીન આફતની મને મદદ મળી, કેદખાનાની દીવાલના જાળીયા ઉપર ચડી છાપરામાંથી નળીઆં ખસેડી નાંખી હું સહેલાઇથી છાપરા ઉપર જતો રહયો.

બીહામણી ભયંકર રાત અને વરસાદના તોફાનથી પહેરેગીરો ક્યાંઇ લપાઇ ગયા હશે. એમ સમજી છાપરા ઉપરથી હું ભુસકો મારી પાછળની બાજુએથી નાસી છુટયો. મારે ઘેર છાનો માનો જઇ તપાસ કરી તો મારા અંધ પીતા મને શુળીની સજા સાંભળી હાય ! અફસોસથી મૃત્યુ પામ્યા હતા.

હે દયાળુ મહાત્મા ! એક વણીક-જેન્ટલમેન લુટારાની બુરી મસલતથી મેં મારૂં સર્વ ગુમાવ્યું. પિતા, પત્નિ, બાળક, ઇજ્જત એ સર્વ ગયું, તો હવે આ મારૂં જીવન નીરર્થક સમજી તેનો નાશ કરવો ઉચીત સમજું છું, માટે મહેરબાની કરી મને આ દુઃખી સંસારમાંથી મૃત્યુને ભેટવા રજા આપો.

પ્રકરણ ૬ ઠું.

વાંસળીનો ચમત્કાર

ગરીબ માછીની હકીકત શબ્દે શબ્દ સત્યથી ભરપુર હોવાથી તે દયાળુ ફકીરે પોતાની ઝોળીમાંથી એક દીવ્ય-અદ્દભુત વાંસળી બહાર કાઢી તે ગરીબ માછીને આપી તેના ગુણ સમજાવતા કહ્યું—

આ વાંસળી હૃદયમાં જેનું નામ દઇ વગાડવામાં આવે અને તેનો સ્વર તે માણસના સાંભળવામાં આવતાં તુરતજ તે માછી

બેભાન અવસ્થામાં નૃત્ય કરે છે અને તેવી રીતે તે નૃત્ય કરતાં પોતાનો પ્રાણ ખુવે છે.—

અય માછી, હૃદયમાં તારા ઉપર જુલ્મ ગુજારનારનુ ધ્યાન ધરી આ વાંસળી વગાડજે; જેથી તારા દુશ્મન કોટવાળનું જીવન તારી દયા ઉપર અવલંબી રહેશે, તારી સ્ત્રીને તે દુરાત્મા પાછી સુપ્રત કરે તો તેઓના ઉપર દયા લાવી તેમનો પ્રાણ લઇશ નહિ.

તારૂ જીવન પવિત્રાથી ગુજારવા માટે દરરોજ પ્રાતઃકાળ પહેલાં દરીયામાં ફકત ચાર વાર માછલાં પકડવા જાળ નાંખજે. વધુ નાખીશ નહિ વધુ નાખીશ તો હેરાન થઇશ. અને ફકત મ્હારી આજ્ઞા પ્રમાણે વર્તીશ તો જરૂર તું કોઇ દિવસ મ્હોટો અમીર, રાજાના ખાસ માનીતા અમીરની પદવીથી વિભુષીત થઇશ.

તે ગરીબ માછીએ ફકીર પાસેથી વાંસળી લઇ તેને નમન કરવા પોતાનું શીર ઝુકાવ્યું. તેજ ક્ષણે ફકીર અદ્રશ્ય થઇ ગયો.

તે માછી જેનુ નામ જેસંગ હતું તે પોતાની પત્નિને મેળવવા અને કોટવાળને શીક્ષા કરવા હૃદયમાં ફકીરના કથન મુજબ કોટવાળનું નામ જપતો વાંસળીનો સુર વગાડતો પોતાના નગ્ર ભણી જતો હતો.

રસ્તામાં કોટવાળ તેની શોધમાં દશ સીપાઇઓની ટુકડી લઇને આવતો સામે મળ્યો. વાંસળીનો મધુરો સ્વર તેને શ્રવણ થતાંજ તે બેભાન બની નાચવા લાગ્યો. આથી સીપાઇયો માછીને જાદુગર સમજી તેને પકડવાનો પ્રયત્ન કરે ત્યાર પહેલાજ માછીએ તેઓની દશા પણ કોટવાળના જેવીજ કરી.

સુબાને આ વાતની જાણ થતાં એક હજાર માણસનુ લશ્કર લઇને તે માછીને પકડવા આવ્યો માછીની બંસીનો નાદ તેના

લશ્કરમાં પહોંચતાંજ આખુ લશ્કર બેભાન બની નાચવા લાગ્યું

સુબાની અવદશાની-વીતકવાર્તા પાદશાહના જાણવામાં આવતાંજ તે અજબ ચમત્કાર જોવા પોતે એકલોજ માછીને જઇ મળ્યો અને આવી રીતે આખા લશ્કરની ખરાબ દશા કરવાનું કારણ પુછ્યું.

નેક નામદાર ! તે માછીએ પોતાની વીતક વાર્તા કહેતાં કહ્યું-નેક નામદાર ! મારી સ્ત્રી ઉપર કોટવાળે બળાત્કાર કરવાથી મારી ઇજ્જત, બાળક, પીતા, અને સ્ત્રીનો મ્હેને વીયોગ થયો છે તેનુ વેર-વેરનો વસુલાત હું કોટવાળની સામે કરી રહ્યો છું. એમ કહીને દુ:ખી માછીએ પોતાની સર્વ હકીકત કહી સંભળાવી

પ્રકરણ ૭મું.

પીયુવિરહિણી પ્રેમદા.

ભાઇ ! હું તને જરૂર ન્યાય આપીશ આવતી કાલે સ્હવારે અદાલતમાં આવજે. મારા રાજ્યમાં આવા જુલ્મો થતા હશે એવો મને સ્વપ્ને ય ખ્યાલ ન્હોતો. પ્રજાને પ્રતાપે તો મારૂ રાજ્ય છે. પ્રજાને કેમ દુભવી શકાય ? હં. અને તારે ત્યાં તારી સ્ત્રી બિચારી ભુખે મરતી હશે તુ ઘેર જા તારી પાછળ હમણાંજ મારા માણસને રૂપીયા સો આપીને મોકલું છું રાજાએ આશ્વાસન આપ્યું.

રાજાનુ નામ અજયસિંહ હતું બાવીસ વરસનો જુવાન હતો બે વરસથી ગાદી ઉપર આવ્યો હતો. સુસંસ્કારી માણસ હતો, પ્રજાને સુખી કરવાના કોડ હતા. પણ ઘણું ખરૂં આવા સારા રાજાના અમલદારો ખરાબ હોય છે. તેઓ રાજાને બદનામ કરે છે.

માછીમારની આંખોમાંથી આભારનાં આંસુ સરી પડ્યાં. રાજા હજો, તો આવા હજો એમ તેને થયું.

તે ઘેર ગયો. રૂપાળીએ તો દુઃખનો વરસાદ સહન કર્યો હતો પતિ શુળીએ જવાનો છે. શિયળ લુંટાઇ ગયું, વ્હાલા બાળક અને પિતા જેવા સસરાનું મોત થયું, અને ઘરમાં કાંઇ પણ ન રહ્યું આથી વધુ દુઃખ દુનિયામાં કયું હોઇ શકે? તે આખો દિવસ ચોધાર આંસુ પાડીને રડતી. કોઇ તેને છાનું રાખે તેમ ન્હોતું. છેલ્લા દસ દિવસથી અનાજનો એક દાણો ય તેણે મોંમાં નહોતો નાખ્યો. શરીર આખું ય લેવાઇ ગયું હતું, કાંચનવર્ણું શરીર ફીક્કું પડી ગયું હતું. મોઢા પર નુરનો છાંટો ય નહોતો. આંખો ખૂબ રડવાથી સુજી ગઇ હતી. હાલવા ચાલવાની જરા પણ શક્તિ નહોતી રહી.

"વહાલી! ઉઘાડ!" બ્હારથી અવાજ આવ્યો. રૂપાળી ચમકી, તેની આંખોમાં આનંદનો ચમકારો જણાયો. ફિક્કા મોઢા ઉપર જરા રતાશ આવી દસ દસ ઉપવાસ હોવા છતાં તેના પગમાં અજબ શક્તિ આવી. એકદમ ઉભી થઇ. વીજળીની ઝડપથી દોડી બારણું ઉઘાડ્યું. અને પિયુઘેલી પ્રેમદા વૃક્ષને વેલી વળગે તેમ પતિને વળગી પડી. ચોધાર આંસુએ રડવા મંડી. થોડી ક્ષણ આમ કાંઇ પણ બોલ્યા ચાલ્યા વિના પસાર થઇ. બન્નેની આંખમાં આનંદનાં આંસુ સરવા મંડયાં.

બન્ને ઘરમાં ગયા, બેઠાં, પતિએ સઘળી આપવીતી કહી. પટાવાળો રૂપીયા અને અનાજનું એક ગાડું આપી ગયો. બન્નેએ અજયને અંતરના આશિર્વાદ આપ્યા.

આમ દુઃખની વાદળી પસાર થઈ અને તેમના ન્હાનકડા સુઘડ ઘરમાં આનંદ ફેલાઇ રહ્યો.

પ્રકરણ ૮ મું.

શીયળની ખાતર

હે પ્રભુ ! આ રાજ્યનું સત્યાનાશ વાળજે. આ રાજા અને આ કોટવાળના રૂંએ રૂંએ કીડા ખરજો. જે રાજમાં સ્ત્રીઓના શીયળ સલામત નથી તે રાજ્યનો, હે પ્રભુ ! તું નાશ કેમ નથી કરતો ? પ્રભુ ! કલીયુગ આવતાં તારામાં પણ કલીયુગ પેઠો કે શું ?

અજયસિંહ તે દિવસે રાત્રે નગરચર્ચા જોવા નીકળેલા. દસ વાગ્યે એક કુવા પાસે પસાર થતાં તેણે ઉપલા શબ્દો સાંભળ્યા. તે ચમકયો કાન સરવા કર્યા. ધીમે પગલે તે કુવા પાસે પહોંચ્યો. કોઇ સ્ત્રી કુવામાં કુદી પડવા જતી હતી. અજય એકદમ કુદ્યો અને બાઇને ઝાલી લીધી. બાઇએ ચીસ પાડી અને બેશુદ્ધ થઇને પડી.

અજયે તેને શુદ્ધિમાં આણવા પ્રયાસ કર્યો. બાઇના મોઢા સામે તેની નજર ગઇ તે ઇંદ્રની અપ્સરાને પણ લજાવે તેવી રૂપાળી હતી. ઉંમર ભાગ્યેજ સોળ સત્તર વરસની હશે.

ધીમે ધીમે છોકરી ભાનમાં આવી પોતાને પારકા માણસના હાથમાં જોતાં તે ચમકી. અજયે તેને ધીરજ આપી. જે કાંઇ દુઃખ હોય તે કાપવા વચન આલ્યું.

બાઇએ પોતાના દુઃખની રામકહાણી કહી.

"હું અહિંના એક ગરીબ વાણિયાની પુત્રિ છું. મારા બાપ ગાંધીયાણું કરે છે. મારી માતા મને બહુજ ન્હાની મુકીને મરી ગઇ છે ત્યારથી પિતાના લાલનપાલનથી ઉછરી છું. મારા પિતાને દુનિયામાં કોઇ વ્હાલી ચીજ હોય તો તે હું, એક વરસ પહેલાં મારાં લગ્ન થયાં.

લગ્ન પછી ચાર મહિને મારા પતિ કમાવા માટે પરદેશ ગયા. હું બાપ પાસે આવી. પરમ દિવસે આ રાજ્યના પાપી કોટવાળે મને જોઇ. તે રાક્ષસને મારા સૌન્દર્યનો લોભ લાગ્યો. મારા પિતા પાસે નિર્લજ માગણી કરી. પિતાએ તેને ધુતકારી કાઢ્યો તે આજ બે કલાક પહેલાં અમારી પાસે આવ્યો. મારા પિતાને તેણે ધમકી આપીને કહ્યું કે, "આજ રાતે બાર વાગે મારો માણસ તારી છોકરીને બોલાવવા આવશે. જો તેની સાથે તારી છોકરીને મોકલીશ તો હું તને ન્યાલ કરી દઇશ, નહિ તો તારી છોકરીનું બળાત્કારે શિયળ લુંટીને, તમારા બેયનાં ખુન કરીને, બંનેને એક પથારીમાં એક બીજાને નગ્નાવસ્થામાં ભેટીને સુતા હો તેમ સુવાડી દઇશ. લોકો માનશે કે તમને પિતા પુત્રીને વ્યભિચારનો સબંધ હતો, તેથી કોઇએ આવીને તમારૂં ખુન કર્યું છે. બધા તમારા મૃત્યુ પછી તમારી ઉપર થુંકશે."

આમ કહી તે ચાલ્યો ગયો. અને પેલો રાક્ષસ મારા પિતાનું મારી નજર સામે ખુન કરે, મારૂં શિયળ લૂંટે, તેને બદલે અહિં કુવામાં પડી મેં મરવાનો નિશ્ચય કર્યો છે. મારૂં આ દુઃખ તમારાથી કાપી શકાય તેમ નથી. મોટા ચમરબંધીય આ રાક્ષસ જેવા કોટવાળથી ધ્રુજે છે. રાજાને તો દિન દશાની ખબર નથી. હું તો પ્રભુને કહું છું કે ગામની મા દીકરીઓ ઉપર ખરાબ નજર નાખનાર આ કોટવાળ અને રાજાનું સત્યાનાશ જાવ." બાઇએ રાજાને ઓળખ્યા વિના શ્રાપ આપ્યા.

"બ્હેન ! તું રાજાને ગાળો શા માટે આપે છે ? તે તો તારા જેવોજ નિર્દોષ છે. હું તારૂં દુઃખ જરૂર ફેડીશ. ધીરજ ધર. ચાલ તારે ઘેર જઇએ, અને તારા પિતાને શુદ્ધિમાં લાવીએ.

"તમે જરૂર મારૂં દુઃખ ફેડશો ?" બાઇને શંકા આવી.

" હા. હા. મારા પર વિશ્વાસ રાખ. હું તારૂં દુઃખ ચોક્કસ ફેડીશ. કોટવાળની મગદુર નથી કે તારી સામે આંગળી પણ ચીંધી શકે બાઇને વિશ્વાસ આવ્યો. બન્ને બાઇને ગેર ગયા. તેના પિતાને શુદ્ધિમાં લાવ્યા.

પ્રકરણ ૯ મું.

પાપીનો ફેંજ

' કેમ ! પાનાચંદ ! મોકલ તારી છોકરીને ' એક સિપાઇ રાતે બાર વાગ્યે ઘરમાં આવ્યો.

" હા ! બાપુ ! મોકલું છું. કોટવાળ સાહેબના હુકમની સામે થવાની અમારી શી તાકાત ? પણ ભાઇ ! જરા સાવચેતી રાખીને લઇ જજે. કોઇ રસ્તામાં તેને ઓળખી જશે તો અમારી આબરૂ પર પાણી ફરી વળશે. દિકરી ! બ્હેન ! બહાર નીકળ. આ ભાઇ સાથે જા."

" તમે કોઇ જાતની ચિંતા ન કરતા. કોઇને હું ખબર નહિ પડવા દઉં. પાંચ વાગ્યા પહેલાં તો તમારી દીકરીને અહીં પાછી પહોંચાડી દઇશ. અમારો એ તો રાત દિનો ધંધો રહ્યો. તેમાં ગાફલ રહીએ તો કેમ પાલવે ? " સિપાઇએ મગરૂરીથી જવાબ આપ્યો. તેનો રાત દિનો ધંધો કોટવાલ માટે છોકરીઓ પહોંચાડવનો હતો કે પ્રજાનું રક્ષણ કરવાનો ? રાજા તેને પગાર કયા કામ માટે આપતો હતો ?

તરતજ ઓરડામાંથી સોળ સણગાર સજેલ દીકરી ઘુમટો કાઢીને બહાર આવી અને સિપાઇ સાથે ચાલી.

કોટવાલને ઘેર પહોંચ્યા, કોટવાળ રાહ જોઇને આંટા મારતો હતો. પોતાની ધમકીથી જરૂર પાનાચંદ છોકરીને મોકલશે, એમ તેને લાગતું હતું. છોકરીને આવતી જોઇ તેનુ હૃદય આનંદથી ઉછળવા લાગ્યું સિપાઇએ છોકરીને ઓરડામાં દાખલ કરી- દાખલ થતાં છોકરીએ પોતાની મેળે બારણું બંધ કરીને સાંકળ વાસી.

કોટવાળના આનંદનો હવે તો પાર જ ન રહ્યો. તે સમજ્યો કે આ તો મારા ઉપર મોહિત થઇ છે. આટલી સ્હેલાઇથી તેને આજ સુધી કોઇ છોકરી ન્હોતી મળી. અને આનું રૂપ ? તેણે આજ સુધીમાં આવું રૂપ કયાંય ન્હોતું જોયું.

અભિમાન અને આનંદમાં કોટવાલે મુછોને વળ આપ્યો.

છોકરી શરમાઇને દરવાજા પાસે ઉભી રહી. તેણે હજુ ઘુંઘટ ન્હોતો ખોલ્યો.

" વ્હાલી ! હવે શરમ કોની રાખે છે ? તારો આ ઘુંઘટ ઉઘાડીને તારા મુખચંદ્રના દર્શન કરવાનો લ્હાવો આપ." આમ કહેતાં કહેતા તે છોકરી પાસે ગયો અને અડપલું કર્યું.

છોકરી છણકો કરીને દૂર ખસી, કોટવાળ વધુ ધીરજ સહન કરી શકે તેમ ન્હોતું તેણે એકદમ છોકરીનો હસ્ત પકડયો અને ઘુંઘટ ઉઘાડયો.

પણ ' મારા બાપ ' એવી કારમી ચીસ કોટવાલથી પડાઇ ગઇ. ઘુંઘટ ખોલતાં રમણીય મુખચંદ્ર દેખાવાને બદલે યુવાન રાજા અજયની વિકાળ આંખો દેખાઇ. કોટવાલના રામ રમી ગયા. અજયના ગુસ્સાનો પાર ન્હોતો.

" કુતરા ! રૈયતનું રક્ષણ તો બહુ સારૂ કરે છે હો ! રાવણે તો એક સીતા હરી હતી. પણ તેં તો પ્રભુ જાણે કેટલી સીતાઓના

હરણ કર્યાં છે. કેટલી સીતાઓનાં શીયળ લૂંટયાં છે તને શી સજા કરવી તે સમજાતું નથી. તારા કાપીને રાઇ રાઇ જેવડા ટુકડા કર્યા હોય તો પણ તે સજા ઓછી છે. અરે તારા હાથ નીચેના પોલીસોને પ્રજાનું રક્ષણ કરવા પગાર અપાય છે કે તારે માટે રાત દિ સ્ત્રીઓ પહોંચાડવા માટે ? ”

આ બધું કેમ બન્યું તે વાચક સમજી ગયેલ હશે. અજયે છોકરીના બાપને શુદ્ધિમાં લાવ્યા પછી કહ્યુ કે, “ પોલીસ આવે એટલે તેને કહેજો કે ‘ ભલે મારી છોકરીને મોકલું છું ’ તમારી પુત્રીનાં કપડાં મને પ્હેરવા આપો હું ઈંચાઇમાં તમારી પુત્રિ જેવડો લાગું છું. એટલે કાંઇ વાંધો નહિ આવે. તમારી પુત્રિને બદલે હું તમારી પુત્રીના વેશમાં કોટવાલ પાસે જઇશ, અને તેની પૂરી ખબર લઇશ. ”

અને આ યુક્તિમાં અજય સફળ થયો.

અજયસિંહે તરતજ સીટી મારી. પોલીસોને બોલાવ્યા. અને કોટવાલને બાંધીને જેલમાં લઇ ગયા.

બીજે દિવસે સવારે કચેરીમાં કોટવાલ, તેનો મળતીયો પોલીસ અને પેલા ખોટા અક્ષર કરવાવાળા વેપારીને પકડીને લાવવામાં આવ્યા. માછીમાર, રૂપાળી, પાનાચંદ અને પુત્રિને પણ બોલાવવામાં આવ્યા. પાનાચંદ અને તેની પુત્રિને હવે ખબર પડી કે, રાત્રે આપણને બચાવનાર આપણો રાજા જ હતો. પુત્રિને પસ્તાવો થવા માંડયો કે “ મેં આવા ભલા રાજાને ખાલી જુંડા શાપ આપ્યા.

ત્રણેય ગુન્હેગારોએ પોતાના ગુન્હા કબુલ કર્યા. કોટવાલને ફાંસીની સજા થઇ. બીજા બેને દેશનિકાલ કર્યા.

રાજાએ જેસંગ, રૂપાળી, પાનાચંદ અને તેની દીકરીનો આભાર માન્યો: તમારે લીધે મારી આંખો ઉઘડી છે. નહી તો આ કોટવાળ પ્રજા ઉપર જુલ્મો ચલાવ્યો જાત. તમારો જેટલો આભાર માનું તેટલો ઓછો છે."

વાણીયાની પુત્રીએ રાત્રે આપેલી ગાળો અને શાપ માટે માફી માગી. રાજાએ હસતાં હસતાં માફી આપી.

રાજા હવે સાવચેત રહેવા માંડયો. જુલ્મી અમલદારોને કાઢી મુકયા. તેની જગ્યાએ પ્રજાની સેવા કરવાની ભાવનાવાળા સંસ્કારી માણસોને દાખલ કર્યા.

માછીમાર પોતાનો ધંધો સુખરૂપ ચલાવવા લાગ્યો. આઠ વરસ પસાર થયાં. તે દરમ્યાન રૂપાળી ત્રણ સંતાનોની માતા થઇ. જેસંગ ફકીરની આજ્ઞા મુજબ ફકત ચાર વખત જાળ પાણીમાં નાખતો. તેમ કરવાથી જેટલી માછલી મળે તે વેચીને પોતાનો નિર્વાહ ચલાવતો.

પ્રકરણ ૧૦ મું.

અડગ વ્રત

"બા! એ બા! મને ભુખ લાગી છે. બાપુ કયારે આવશે?"

"હમણાંજ આવશે હોં! પછી આપણે સાથે જમશું."

રૂપાળીએ પોતાના પાંચ વરસના બાળકને આશ્વાસન આપ્યું.

"પણ બા! તમે ખોટું કાં બોલો? તમે અને બાપુ તો

ચાર દીથી નથી જમ્યા. અમને અરધો રોટલો ખાવા આપો છો. તમે હમણાં આમ કેમ કરો છો ?" આઠ વરસની છોકરી બોલી.

રૂપાળીની આંખમાંથી આંસુના બે ટીપાં સરી પડયાં તેનું શરીર હમણાં લેવાઇ ગયું હતું છેલ્લા એક મહીનાથી માછીમારને એક પણ માછલી ન્હોતી મળી ફકીરની આજ્ઞા મુજબ તે ચાર વખત જાળ નાખતો. ચારેય વખત જાળ ખાલી આવતી. ફકીરની આજ્ઞા ઉથાપીને વધુ વખત જાળ તે નજ નાખતો. શરૂઆતમાં તો આજ સુધીમાં જે કાંઇ બચાવ્યું હતું, તે ઉપર નભાવ્યું પણ છેલ્લા ચાર દીવસથી તો ઘરમાં કાંઇ નહોતું રહ્યું બાળકોને થોડું ઘણું ખાવા આપતા અને અડગ દમ્પાત ભુખ્યાં રહેતાં.

દરરોજ સાંજે રૂપાળી જેસંગની રાહ જોઇને બેસતી. તેને આશા રહેતી કે આજ તો જરૂર કાંઇ મળેલ હશે. પણ લથડતે પગલે જેસંગને ઘરમાં આવતા જોઇ તેની આશા નિરાશામાં ફેરવાઇ જતી. છતાંય તે નિરાશા બતાવી દેતી નહી. તેને લાગતું "હું જો નિરાશ થઇશ તો તેને આશા કોણ આપશે ?" તેથી મોઢા પર કૃત્રિમહાસ્ય બતાવીને તે પતિને દિલાસો આપતી.

"એમ શું નિરાશ થાવ છો ? કાલ જરૂર માછલીઓ મળવાની એ નોધારાનો આધાર કાંઇ આપણને ભુલી નહિજ જાય, અને આપણે તો અડગ વ્રત લીધું છે તેથી કદાચ પ્રભુ આપણી કસોટી કરતો હશે. આ કસોટીમાંથી પસાર થશું એટલે આપણે અગાઉ મુજબ સુખથી રહી શકીશું." તે આવા પ્રકારનો દિલાસો આપતી.

આજ જેસંગ પાછો આવ્યો. નિરાશ ચ્હેરે ઘરમાં દાખલ થયો નિશ્વાસ નાખીને સુઇ ગયો. રૂપાળીએ તેને ખુબ દિલાસો આપ્યો. આ દુઃખમા તેને એકદમ નિદ્રા આવી ગઇ.

પ્રકરણ ૧૧ મું

પ્રભુ ખરેખર આંધળો બન્યો છે.

આજ હું છેલ્લો પ્રયાસ કરી લઉં. હવે પ્રભુની કસોટી બહુ થઇ. આજ કાંઇ મળે તો ઠીક છે, નહિ તો આ દેહનું સમુદ્ર દેવને બલિદાન આપી દઈશ, મને મારે માટે દુખ નથી લાગતું. પણ રૂપાળી અને મારાં બાળકોનું દુખ નથી જોઇ શકતો. તેમનાં દુઃખ જોવા કરતાં હું મરી જાઉં એ વધારે પસંદ કરૂં છું આવો વિચાર કરતો કરતો જેસંગ બીજે દીવસે સવારે સમુદ્ર કાંઠે માછલીઓ પકડવા ગયો.

"હે પ્રભુ! મારે ખાતર નહિ તો મારી રૂપાળી અને બાળકો ખાતર મારી ઉપર અમીદૃષ્ટિ રાખજે." આમ કહીને તેણે જાળ પાણીમાં નાખી. અને વિચારતંદ્રામાં બેસી રહયો,

આઠ વાગ્યે તેણે જાળ નાખેલી. સાડા આઠ વાગ્યા તેણે જાળ પાછી ન કાઢી. જાળ પાછી કાઢીશ પણ તેમાં એક પણ માછલી નહિ હોય એવી તેને બ્હીક હતી, કવિએ કહ્યું છે. "કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે." અહિં તેથી ઉંધુ હતું કંઇ લાખો આશામાં અમર નિરાશા છુપાઇ હતી. આશાઓ તો ઘણી હતી. માછલી રોજ રોજ ન મળે એ કાંઇ બનવા જોગ છે? મારી વ્હાલી પત્નિ અને બાળકોની શુભેચ્છા શા માટે સફળ નહિ થય? પ્રભુ કાંઇ આંધળો થયો છે કે મારી દરકાર ન રાખે? એવા સેંકડો આશાઓ હતી, પણ આ આશાઓમાં 'માછલી નહિ૪ મળે'

એ અમર નિરાશા ડોકીયાં કરતી હતી. અને જેસંગને કમકમાટી ઉપજતી હતી.

દસ વાગ્યે તેણે છેવટે જાળ ઉપાડી. આશા નિરાશા વચ્ચે તેનું દીલ હીંચકા ખાતું હતું પણ જાળ વજનમાં ભારે ન્હોતી. નિરાશા તરફ મન વધારે ઢળ્યું. જાળ બહાર નીકળી. એક પણ માછલી તેમાં ન્હોતી. તેનાથી એક નિશ્વાસ નિકળી ગયો. માથે હાથ રાખીને ગમગીન ચહેરે બેઠો. ઘામ ધખ્યો હતો. સુર્ય પોતાનાં તાતાં કિરણો વરસાવી રહયો હતો. માછીમારને તેની કાંઇ અસર ન્હોતી. તેના હૃદયમાં અને મગજમાં સુર્ય કરતાં વધુ ગરમ અગ્નિ સળગી રહયો હતો. તેને આ કિરણો શી અસર કરવાનાં હતાં.

આમ અરધી કલાક બેસી રહ્યા પછી તેને ભાન આવ્યું. "આમ નિરાશ થયે શો ફાયદો ? ચાલ બીજી વાર અજમાવું. પ્રભુ ખરેખર આંધળો બન્યો છે."

પ્રકરણ ૧૨ મું

એ શું હતું

તેણે બીજીવાર જાળ નાખી, અને વિચારમાં પડયો. બાર વાગ્યે તે ઉપાડી. આ વખતે જરાય આશા ન્હોતી તેને ખાત્રી હતી કે કાંઇ નહિ મળે. પણ જાળ જરા ભારે લાગી. તેનામાં કાંઇક આશા આવી જાળ બ્હાર ખેંચી કાઢી જાળ આખીય કાદવથી ભરાયેલ હતી તેમાં એક પણ માછલી ન્હોતી. મહા મ્હેનતે જાળ સાફ કરી.

ત્રીજી વાર જાળ નાખી અને વિચાર શુંન્ય દશામાં બેઠો, આજ સાંજે આપઘાત કરવા નિશ્ચય કર્યો બે વાગ્યે જાળ કાઢી વજનમાં ખુબ ભારે લાગી પણ તેના મોઢા ઉપર આશા ન જણાઇ બ્હાર ખેંચી કાઢી. તેમાં મરેલ ગધેડું ભરાયેલ હતું તેના વજનથી જાળ થોડી તુટી પણ ગઇ હતી. તેણે મહેનત લઇને જાળને બરાબર કરી. તેની નિરાશાનો પાર નહોતો રહ્યો. પ્રભુ ઉપર જરાય શ્રદ્ધા ન રહી. " આ પ્રભુને દુનિયા દયાળુ કહે છે મેં એક પણ પાપ નથી કર્યું, પ્રમાણિકતા અને પવિત્રતાથી મારો સંસાર નિભાવું છું એમ છતાંય પ્રભુ મને ભૂખે મારે છે. ખરેખર ? ઇશ્વર બહુ જ ક્રુર છે."

હવે છેલ્લો પાસો નાંખી દેવા તેણે વિચાર કર્યો. જાળ પાણીમાં નાખી. હવે તો લગીરે આશા ન્હોતી. ચાર વાગ્યે જાળ ખેંચવા ઉઠયો. પણ આ શું ? આ વખતે તો જાળ અજબ ભારે લાગી. છતાં તે ખુશ ન થયો. નિરાશા તેના હૃદયમાં છલોછલ ભરી હતી પોતાની હતી તેટલી શક્તિ વાપરી નાખ્યા છતાં જાળ સાવ ધીમે ધીમે બ્હાર આવતી હતી.

તેને એક વિચાર આવ્યો. કોઇ કદાવર દરિયાઇ પ્રાણી તો જાળને વળગી નહિ રહ્યું હોય ને ?

છતાંય તેણે જાળ ખેંચ્યેજ રાખી છેવટે જાળમાં ભરાયેલું કંઇ દેખાયું તે તેણે જોરથી ખેંચ્યું, તો એક મોટી લોઢાની પેટી બહાર આવી.

હવે તેના આનંદનો પાર ન રહ્યો. તેને ખાત્રી થઇ કે આ પેટી કિંમતી ચીજોથી ભરેલ હશે. હવે મારે આખી જીંદગી કામ નહિ કરવું પડે એમ તેને લાગ્યું ખરેખર ! પ્રભુને ગાળો આપવામાં મેં ભુલ કરી. તે તો ગરીબનો બેલી છે.

પ્રકરણ ૧૩ મું

પ્રેમલીલા

"હવે હું જોઉં તો ખરો કે આમાં છે શું?" એમ કહીને તે લોઢાની પેટીને જરા દૂર કિનાર પર ઘસડી લાવ્યો.

તેનું ઢાંકણું બરાબર મજબુત હતું. તેના પર ભયાનક રાક્ષસના આકારનાં ચિત્રો હતાં, આ ચિત્રો જોતાં જેસંગ જરા કંપ્યો. પેટીને ખખડાવી જોઇ. પણ કાંઇ અવાજ ન થયો.

"ખરેખર! મારાં નસિબ ખુલી ગયાં પેટીમાં મૂલ્યવાન વસ્તુઓ ઠાંસી ઠાંસીને ભરેલ હોવાથી કાંઇ ખખડતુંય નથી. હવે આને ઉઘાડવી કેવી રીતે? આમ હાથેથી તો કાંઇ ઉઘડે એમ નથી. ઘેરથી કાંઇક હથીયાર લઇ આવું. રૂપાળીને પણ સાથે લેતો આવું. તે પેટી ઉઘાડવામાં મદદરૂપ થઇ પડશે. આ બધું રૂપાળીને પ્રતાપે મલ્યું હોય તે સંભવિત નથી? ખરેખર! રૂપાળી તો સ્વર્ગની દેવી છે. મારા જેવા પામરને આ રત્ન સાંપડ્યું છે, એ મારાં ઓછાં સદભાગ્ય નથી. તે ન હોત તો મારૂં શું થયું હોત? રૂપાળીએ મારા મામુલી સંસારને સ્વર્ગમય બનાવ્યો છે." તેણે એક ખાડો ખોદ્યો તેમાં પેટી રાખી અને ઉપર રેતી ભરી દીધી.

ઘેર દોડગો. રૂપાળી ચિંતામાં બહારથી આનંદ બતાવતી છોકરાંને રમાડતી હતી, રસીલી વાર્તાઓ કહેતી, હસતી અને તેમની સાથે રમતી પણ ખરી. બાલકો રમતાં રમતાં ઉંઘી ગયાં. તેવામાં દરવાજો ખખડ્યો.

" આજ અત્યારમાં કેમ આવ્યા હશે ? " રૂપાળીને વિચાર આવ્યો. પણ તરતજ તેના મોઢા પર લાલાશ આવી. આંખોમાં આશા દેખાઇ. "આજ ચોક્કસ માછલી ગળી હશે. તે વેચીને ઘેર વ્હેલા આવેલ છે." તેની આંખમાંથી હર્ષનું એક આંસુ પડ્યું. વધુ ખાત્રી માટે તેણે પૂછ્યું " કોણ છે ? "

"એ તો રૂપાળીનો જેસંગ ! " જેસંગે પ્રેમાળ સ્વરે જવાબ આપ્યો.

અવાજમાં રહેલ આનંદ અને સંતોષ રૂપાળી સમજી ગઇ. તેને ખાત્રી થઇ કે આજ મહેનત નકામી નથી ગઇ. હરીણીને વેગે તે દોડી. સાંકળ ખોલી. જેસંગે તેને બાથમાં લઇ લીધી, અને તેના કપોલપ્રદેશમાં એક ચુંબન લીધું.

"તમે તો એવાને એવા રહ્યા. સાવ નપટ શરમાતા નથી ? શરમ બધીય વેચી ખાધી છે કે શું ?" રૂપાળીએ બનાવટી છણકો કરતાં કહ્યું.

"મારી રૂપાળી પાસે શરમ બધીય ચાલી જાય છે. રૂપાળી પાસે જો ખોટો વિવેક કે શરમ રાખું તો મારૂં જીવતર ધુળ થાય." રૂપાળીનું મોઢું આનંદથી લાલચોળ થઇ ગયું.

" આપણા બાળકો આ દેખે તો કેવું ખરાબ ! એકાંતમાં તમે ગમે તેમ વરતો તે ચલાવી લેવાય. આટલાં આટલાં વરસ આ દેહનો ઉપભોગ કર્યો છતાં હજુ નથી ધરાયા કે આમ ધોળે દીવસે અડપલાં કરો છો ?"

"રૂપાળી ! તારાથી ધરાઉં એટલે તો મારૂં આવી બને. તારો આ દેહ જો જડ હોત તો હું જરૂર ધરાઇ રહયો હોત પણ આ

દેહમાં સ્નેહાળ આત્મા વસે છે તેથી આ દેહનો જેમ જેમ ઉપભોગ કરનો જાઉં છું, તેમ તેમ અસંતોષ વધતો જાય છે. પણ તારી એક વાત ખરી છે. બાળકો આપણને આ સ્થિતિમાં જુએ તો તેમના કુમળાં મગજ પર બહુ ખરાબ છાપ પડે."

રૂપાળીએ પોતાના અસ્તવસ્ત થયેલાં કપડાં બરાબર સરખાં કર્યાં, બંને ઘરમાં દાખલ થયા. ઉંઘેલાં બાળકો જાગ્યાં હસતાં હસતાં માબાપને ઘેરી વળ્યાં.

આ આનંદમાં જેસંગ જે કામ માટે આવ્યો હતો તે ભુલી ગયો.

પ્રકરણ ૧૪ મું.

રૂપાળીનું દુઃખ

બાળકો બહાર રમવા ચાલ્યાં ગયાં.

"આજ તો તમે તો ખુબ લહેરમાં લાગો છો. માછલીઓ ખુબ મળી કે શું? વાત તો કરો? કાંઇ પૈસા લાવ્યા હો તો બજારમાંથી કાંઇ નાસ્તો લાવું જુગોને? તમે ચાર દીવસમાં કેટલા બધા દુબળા પડી ગયા છો રૂપાળીએ થોડી વાર પછી પુછ્યું.

તું આવું ખોટું બોલતાં કયારથી શીખી? મારા કરતાં તો વધારે દુબળી તું પડી ગઇ છે તારા જેવી દેવી માટે હું માત્ર નાલાયક છું હું તારૂ પેટ પણ નથી ભરી શકતો. મને ધિકકાર છે.

વળી આ ગાંડા કાઢવા મંડયા ને? ખરેખર તમારામાં થોડુંક ગાંડપણ તો છે હોં મેં કાંઇ તમને ઓછા હેરાન કર્યા

છે ? તમે મારે માટે કાંઇ ઓછું દુઃખ નથી ભોગવ્યું આજનો કયો પતી પોતાની પત્નિ માટે મરી ફીટે છે ? બાયડીને તો બધા જોડાની પેઠે રાખે છે વહુ બીચારી પતીને પરમેશ્વર માનતી હોય અને આ પતીદેવ તેને ગુલામડી કરતા ય હલકી માને પોતાનું પેટ ભરે અને વહુ જીવે છે કે મરી ગઇ તેની ય ફીકર ન રાખે અને તમારી ઉદારતા હું કેમ ભુલુ ? હાલના કેટલાય પતી પોતાની સ્ત્રીની આબરૂ લુંટાતી હોય ત્યારે પોતાનો જીવ બચાવવાની ચિંતામાં પડે છે અને બીચારી નીરાધાર સ્ત્રીને આબરૂ લુટાયા પછી ઘરમાં પેસવા નથી દેતા રામચંદ્રજી જેવ.એ પવિત્ર સીતાજીનો ત્યાગ કર્યો હતો તમે મારી આબરૂ લુટાતી જોઇ છતાં મારો ત્યાગ ન કર્યો એ ઉપકાર હું ભેવેભવ નહી ભુલું રૂપાળી ચોધાર આંસુએ રડવા મંડી પોતાની આબરૂ લુંટાઇ ગઇ હતી તે માટે તેને બહું લાગી આવતું હતું બે ત્રણ વારતો તેણે આપઘાત કરવા પણ પ્રયાસ કરેલા પણ જેસંગને ખબર પડી જતાં તેને આપઘાત કરતાં અટકાવેલા અને કહેલ કે–હવે કોઇ દીવસ આવા પ્રયાસ કરે તો તને મારા સોગન છે" અને પતીના સોગન રૂપાળી જેવી પતીવ્રત્તા સ્ત્રી તો નજ ભાંગી શકે ને ? છતાં ય તેને અવારનવાર આબરૂ લુટાયાની વાત યાદ આવતી અને તેને ખુબ દુઃખ થતું જેસંગને મોઢું દેખાડતા પણ તેને કોઇ કોઇ વાર શરમ થતી.

આજ પણ તેને તે વાત યાદ આવી અને ચોધાર આંસુ પાડવા લાગી જેસંગે તેને શાંત પાડવા ઘણા પ્રયાસ કર્યા લગભગ અરધા કલાકે તે શાંત પડી.

પ્રકરણ ૧૫ મું

હકદાર કોણ

રૂપાળી ? તું કયાં ઓછી ઘેલી છો ! ગઇ ગુજરી સંભારવાથી શો ફાયદો ? અને તેં કાંઇ રાજીખુશીથી આબરૂ લુંટાવા દીધી છે ? તને ભાન પણ ન્હોતું અને એ રાક્ષસે ઘોર કામ કર્યું. તું જો બે ભાન ન થઇ હોત તો એ રાક્ષસની મગદુર હતી કે તારા દેહને અડી શકે !" છતાંય જો તું તેને પાપ માનતી હો તો, તેં આજ સુધી ખુબ રડી રડીને, હૃદય બાળીને તેનું પ્રાયશ્ચિત કર્યું છે બે ત્રણ વાર આપઘાત કરવા મહેનત કરી એજ તારા પાપનું પ્રયશ્ચિત હવે આ વાત આપણે જવા દઇએ. હું તો તને એક ખુશ ખબર કહેવા આવ્યો છું. આપણી પ્રેમમસ્તીમાં હું તે સાવ ભુલી ગયો. માછલી તો એકે ય નથી મળી."

" હેં ?" રૂપાળી ચમકી.

" એમ નિરાશ થવાની જરૂર નથી, માછલીને બદલે એક મજબુત લોઢાની પેટી મળેલ છે. તે ખુબ ભારે છે. મને લાગે છે. કે તેમાં સોના મહોરો ભરેલી હશે આપણે ન્યાલ થઇ ગયા છીએ. હું હથીયારો લેવા આવ્યો છુ તું પણ મારી સાથે આવીશ ? પેટી ઉઘાડવવામાં તારી મદદ મને ખુબ ઉપયોગી થઇ પડશે, તને તો ખબર છે કે આવા કામમાં હું સાવ બાઘો છું માટે તારી મદદ વિના આ પેટી ખુલે એમ લાગતું નથી."

" વાહ ? બહુંજ સરસ ? ત્યારે આપણે પ્રભુની કસોટીમાંથી આબાદ નીકળી ગયા કે શું ! હું ન્હોતી કહેતી કે વે કૃપા સિંધુ

આપણને નહિ ભુલી જાય? હાથીને હારે અને કીડીને કણ તે આપી દે છે પણ તે પેટી આપણે છાનીમાની લઇ લઇએ તેમાં પાપ નથી! એ ચોરી ન કહેવાય!"

"ચોરી શા માટે? એમાં પાપ તે શેનું? આપણે મહેનત કરીને દરીયામાંથી કાઢી છે. માટે તે પેટી આપણીજ છે."

"ના આપણે દરીયામાંથી માછલી પકડવાનો પરવાનો રાજા સાહેબ પાસેથી લીધો છે. સોનામહોરોની પેટીઓ લેવાનો પરવાનો કંઇ ઓછોજ લીધો છે? માટે તે પેટી પર રાજા સાહેબનો હક છે તે રાજા સાહેબને આપણે આપી દેવી જોઇએ અને આપણો રાજા કેટલો ભલો છે! તેણે આપણી ઉપર ઓછા ઉપકાર કર્યા છે. તે રાજાનો વિશ્વાસ ભંગ કરાય? કોઇ ચોર તેના મહેલમાથી જ આ પેટી ચોરીને, ગભરાઇ તે દરીયામાં ફેંકી ગયો હોય તો? એ ચોરીનો માલ આપણાથી લેવાય?"

"તો પછી આપણે ભુખે મરવું?"

"આપણો રાજા એવો કૃતઘ્ની નથી. તે આપણને સારૂં ઇનામ આપશે. પણ તેનો વિચાર આપણે કરવાનો નથી તે ખુશી પડે તો ઇનામ આપે ખુશી પડે તો ન યે આપે. સત્ય અને પ્રમાણીકતાની ખાતરજ તે પેટી ઉઘાડીને તેમાંથી કાંઇ મૂલ્યવાન વસ્તુ નીકળે તો તે રાજાને સ્વાધીન કરી દેવી જોઇએ."

"રૂપાળી! તારૂં કહેવું હવે મને સાચું લાગે છે. તેં મને પાપ કરતાં બચાવ્યો છે. આનંદમાં ને આનંદમાં હું ભાન ભુલ્યો હતો. તેં જીવનમા ઘણી ય ભુલો કરતાં મને અટકાવ્યો છે. આજ

પણ તેં મને બચાવ્યો. તું ન હોત તો મારૂં જીવન જ કેમ નભત તે હું નથી સમજી શકતો. મારો ઉદ્ધાર કરવા માટે જ પ્રભુએ તને મોકલી હોય એમ લાગે છે."

"વળી પાછું ગાંડપણ ?" આમ કહી રૂપાળીએ જેસંગના ગાલ પર વ્હાલથી ટપલી મારી.

પ્રકરણ ૧૬ મું.

દોલત કે હેત.

બાળકો કયારના ય બ્હાર રમવા ગયાં હતાં. રૂપાળીએ હથોડી, છરી વિગેરે ઓજારો શોધ્યાં. બંને બ્હાર નિકળ્યાં. ઘરને તાળું માર્યું. રમતાં બાળકોએ કહ્યું, " અમે હમણાંજ આવીએ છે હોં ? તમે અહિં રમજો ! "

રસભર વાતો કરતાં કરતાં તેઓ દરીઆ કિનારે ગયાં. ખાડામાંથી પેટીને કાઢી. મહા મ્હેનતે તેને ઉઘાડી. તેમાં શું છે તે જોવા માટે બન્ને પેટી ઉપર નમ્યા. તેવામાં ભયાનક અવાજ થયો. પેટીમાંથી ધુમાડાનું વાદળ નીકળ્યું. બન્ને ધુમાડાથી ગુંગળાયાં, અને બેશુદ્ધ થઇને જમીન ઉપર પડયાં.

પાંચ મીનીટ પછી તેમને ભાન આવ્યું. ધુમાડાનું વાદળ આકાશમાં ઉંચેને ઉંચે જતું હતું. પેટી સાવ ખાલી હતી. આશ્ચર્ય ચકિત થઇને બન્ને આકાશ સામે જોઇ રહ્યાં. કાંઇ આફત આવી હોય એમ લાગ્યું. બન્ને દિગ્મુઢ થઇ ગયાં. પેટીમાં કાંઇ ન હોવાથી

નિરાશા તો થઇજ. છતાં વાદળ શેનું હશે તે જોવાની ઉત્સુકતામાં નિરાશા દબાઇ ગઇ.

તેઓ આકાશ સામે જોઇ રહ્યાં.

વાદળ ખૂબ ઉંચે ગયા પછી, પાછો ભયાનક અવાજ થયો. વાદળમાં એક આકાર દેખાવા લાગ્યો તે આકાર ધીમે ધીમે નીચે ઉતરવા લાગ્યો. જરા નીચે આવતા બંનેને માલુમ પડ્યું કે આ તો કોઇ ભયાનક રાક્ષસ છે.

તેના હાથ, પગ, માથું વિગેરે બહુજ કદાવર હતાં. તેની આંખો વિકાળ હતી. આ આંખો જોતાં રૂપાળી અને જેસંગના હાંજાં ગગડી ગયાં. પરંતુ આપદ સમયે હિમત રાખવા તેમણે નિશ્ચય કર્યો. રાક્ષસ સાવ નીચે ઉતર્યો.

" હે ! હિરણ્યાકસ્યપુ ! મને માફ કર ! હું તારે તાબે છું. હું કદિ તારી સામે નહિં થાઉં. મારાથી ભુલ થઇ ગઇ. માફ કર." ભયાનક અવાજે રાક્ષસે ચીસ પાડી.

પ્રકરણ ૧૭ મું.

રાક્ષસનો ક્રોધ

આ ચીસ સાંભળીને રૂપાળી અને જેસંગના રામ રમી ગયા. છતાંય હિંમત પુર્વક જેસંગ બોલ્યો.

" અરે મૂર્ખ રાક્ષસ ! હિરણ્યાકસ્યપુ હિરણ્યકસ્યપુ શું કરે છે ? તારૂં મગજ ઠેકાણે છે કે નહી ? હિરણ્યકસ્યપુને આજ લાખો વરસ થઇ ગયાં. પ્રભુએ નૃસિંહાવતાર ધરીને તેને ચીરી નાંખ્યો, એ

વાતનું તને ભાન નથી ? એ રાક્ષસની માફી શા માટે માગે છે ? તું ભાનમાં છે કે મદીરા પીને ગાંડો બન્યો છે ?"

"તુચ્છ ! મગતરાં ! આટલો ઘમંડ ! એક ફુંકે હું મોટા મોટા પહાડો ઉડાવી શકું છું ધારૂં તો એક લાતે પૃથ્વીનું સત્યાનાશ વાળી શકું છું. મોટા માંધાતાનેય હંફાવી શકું છું. જળમાં સ્થળ કરી શકું છું. સ્થળમાં જળ લાવી શકું છું. તારા જેવા તુચ્છ મગતરાનો એક ક્ષણમાં ભુક્કો કરવા શકિત ધરાવું છું. મને તું મૂર્ખ કહે છે ? ખરેખર તારૂં મોત ગંધાય છે. તારા સો વર્ષ પૂરા થયાં છે. તમે બંને અહિં ઠીક આવી ચઢયાં. મને ભુખ ખૂબ લાગી છે." આમ કહીને રાક્ષસ એક પગલું આગળ વધ્યો પોતાનું મોઢું ફાડયું. તેની આંખો ક્રોધથી ભભુકી ઉઠી. તેના અંગમાં તનમનાટ મચી રહયો.

જેસંગને તો લાગ્યું કે હવે આવી બન્યું. જીવવાની આશા છોડી દીધી. છતાંય મોત માણસને કોઇ દીવસ ગમે ખરૂં ? અને જેસંગ તો આશા ભર્યો હતો પોતાની રૂપાળી સાથે હજુ તો ખુબ સુખ ભોગવવાની અભિલાષા હતી. પોતાના બાળકોને પરણાવવાના કોડ હતા. અને એવી ઘણીય આશા હતી.

રૂપાળી આટલી બધી નહોતી ગભરાતી. એ તો આત્મભોગની મૂર્તિ હતી. તે પોતાને માટે નહોતી જીવતી. પ્રીયતમ માટે જીવતી હતી. તેની ઇચ્છાઓ, તેની આશાઓ, તેનું સુખ, બધું તેના પતિમાં હતું. રાક્ષસ પોતાના પતિને મારે તે પહેલાં પોતાને મારી નાખે એજ એની અત્યારે અભિલાષા હતી. પોતાના પતિનું મૃત્યુ પોતાની નજર સામે કેમ જોઇ શકાશે, એજ એનું મહા દુઃખ હતું.

પ્રકરણ ૧૮ મું.

પરોપકારનો બદલો

" રાક્ષસરાજ ! ક્ષમા કરો હું મૂર્ખ માણસ છું મારાથી અવિવેક થઇ ગયો. આપની મહત્તાને મારા જેવા મૂઢ જાણીતો નજ શકે ને ? આપ જેવા અદ્ભુત સામે અવિવેક બતાવવાનું મારૂં તે શું ગજું ? તમારા અજબ ચમત્કારથી હું ગભરાઇ ગયો. મારી બુદ્ધિ ઠેકાણે ન હતી. અને મારામાં બુદ્ધિ હોય પણ ક્યાંથી ? હું એક અભણ ગરીબ માછીમાર હું કાંઇ ઓછો ભણેલો છું કે વિવેક બતાવતાં આવડે ?" જેસંગે ખુબ દીનતાથી ઉપલા શબ્દો કહ્યા.

રાક્ષસની આંખોમાંની રતાશ જરા ઓછી થઇ ખુશામત કોને નથી ગમતી ? રાક્ષસ આ ખુશામતથી પાણી પાણી થઇ ગયો તેના અવાજમાં જરા કોમળતા આવી.

" અલ્યા ! હવે ઝાઝો ડાહ્યો થા મા ? ને ગાળો દીધા પછી ગોળ પીરસતાં તને ઠીક આવડે છે હોં ? પણ આ પેટી સાગરમાંથી કોણે કાઢી ? "

જેસંગને આશા આવી. તેને લાગ્યું કે, "હવે જરૂર બચી જવાનો મેં આ પેટી સાગરમાંથી કાઢી છે, એમ કહીશ એટલે તે મારી ઉપર ખુશ થવાનો અને કદાચ કાંઇ ઇનામ પણ આપે."

બાપુ એ પેટી તો તમારા આ સેવકે કાઢી છે સાલી પેટી બહું ભારે તો ખરી હોં ! મારો તો ખેંચી ખેંચીને કુચો નીકળી ગયો કેમે ય કરીને બહાર ન્હોતી આવતી અને તેને

ઉધાડવામાં પણ કાંઇ ઓછી મુશ્કેલી નથી પડી મારી વહુને બોલાવી લાવ્યો હથીઆર લાવ્યો અમે બે યે મહા મ્હેનતે તે ઉઘાડી.

"ત્યારે તો તારાં સો એ વરસ આજ પુરાં થઇ ગયાં.

પ્હેલા તારી આજીજીઓ ઉપરથી મે નિશ્ચય કરેલો કે તને જીવતો જવા દેવો પણ આતો પ્રતિજ્ઞાનો પ્રશ્ન છે મ્હે પ્રતિજ્ઞા લીધેલી કે જે માણસ મારી પેટીને સાગરમાંથી કાઢીને મને છુટો કરશે તેને હુ મારી નાખીશ આ પ્રતિજ્ઞા પુરી કરવા ખાતર તને મારી નાખ્યા વીના છુટકોજ નથી પરંતુ તેં કરેલા ઉપકારના બદલામાં એક ઉપકાર તો હું તારી ઉપર જરૂર કરીશ.

પ્રકરણ ૧૯ મું.

રાક્ષસની આત્મ કથા

જેસંગ ધ્રુજવા મંડયો તેની બધી આશા સરી પડી.

"કઇ જાતનો ઉપકાર તમો કરશો ?" જેસંગે ધ્રુજતાં ધ્રુજતાં પુછ્યું.

"તારી ઇચ્છા મુજબ મોત આપું. તું કહે તો તને કાપી નાખું કહે તો તને આખોને આખો ખાઇ જાઉ. કહે તો જમીન પર પછાડીને તારા કુરચા ઉડાવી દઉં, કહે તો આકાશમાં ફેંકી દઉં, તું કહે તો સમુદ્રમાં ડુબાડી દઉં. બોલ તને કઇ જાતનું મોત આપું ? તેનો તારે નિર્ણય કરવાનો છે ?"

"બાપુ ! આમ મશ્કરી શા માટે કરો છો મેં તમને સમુદ્રમાંથી કાઢયા મેં તમને બચાવ્યા તેનો આવો બદલો આપો એ

શું સંભવિત છે ?"

"હું જરાય મશ્કરી નથી કરતો, મેં પ્રતિજ્ઞા કરેલ છે કે જે મને આ પેટી ખોલીને મને બચાવે તેને મારી નાખવો."

"પણ આવી ગાંડી ગાંડી પ્રતિજ્ઞા હોતી હશે ?"

"હા, હા, તું જાણે છે કે હું કોણ છું ?

"ના ! તમારી વાત તો કહો ? તમે આવી શા માટે પ્રતિજ્ઞા લીધી ?

"મારૂં નામ અતિકાય. હું એક ન્હાનકડા રાજનો સ્વતંત્ર રાજા હતો. ભોગવિલાસ ખુબ માણતો હિરણ્યકશ્યપુએ મારા રાજ્ય ઉપર હુમલો કર્યો. હું તેની સામે થયો. પણ કાંઇ ન વળ્યું. તેને તો આખી સૃષ્ટિનું રાજ્ય લેવું હતું ને ? તેમાં હું તે કઇ વસાતમાં ? મને અને મારા કુંટુંબને કેદ કરવામાં આવ્યું. મારૂં રાજ તેણે પચાવી પાડયું.

હિરણ્યકશ્યપુ માણસો તરફ ખૂબ કુર હતો. રાક્ષસો તરફ માયાળુ હતો તેણે પોતાના શહેરમાં મને એક મોટો મ્હેલ આપ્યો. અને બહુ મોટું વર્ષાસન મને આપવા માંડયું. જીવનમાં બેજ વસ્તુની જરૂર છે, એમ હું માનું છું. મદીરા અને સુન્દરી. આ બન્ને વસ્તુઓ મને ત્યાં મળી રહેતી એટલે રાજ ગયું તેની મને ઝાઝી પરવા ન્હોતી.

મદિરા તો જાણે ઠીક. પણ સુન્દરી મને એક ને એક પસંદ ન આવતી વિવિધતાનો હું શોખીન હતો. મારા નોકરો શહેરમાંથી હંમેશા સંખ્યાબંધ રૂપસુન્દરીઓ ઉપાડી આવતા. હું તેમની સાથે યથેચ્છ વિહાર કરતો.

હું બહુજ કામી છું. એકી સાથે વીસ વીસ રમણીઓ સાથે હુ રતીવિલાસ કરી શકતો. બળાત્કારમાં મને ખાસ આનંદ આવતો. સુન્દરી રાજીખુશીથી મારે તાબે થાય તેના કરતાં મારે તાબે થવામાં સખ્ત નારાજ હોય તેની સાથે સંભોગ કરવામાં મને ખાસ આનંદ આવતો.

હિરણ્યકશ્યપુને કાને મારી ફરીયાદ ગઇ. પ્હેલાં તો તેણે આંખ આડા કાન કર્યા, પણ ફરિયાદ ખૂબ વધી પડી તેણે મને ખાનગીમાં બોલાવ્યો. ઠપકો આપ્યો, અને ફરીથી આમ ન કરવા સુચના આપી. મેં તેને ચોકખું કહી દીધું કે "હુ તો દરરોજ એમ:ને એમ વરતવાનો" હિરણ્યકશ્યપુ ક્રોધમાં આવ્યો. તેનું મોં લાલચોળ થયું. તેણે એટલું જ કહ્યું, ત્યારે હું જોઇ લઇશ."

હિરણ્યકશ્યપુ એ કંઇ યોગી ન્હોતો. તેણે દોઢસો રખાત રાખી હતી, અને તેમાંથી તેની ખાસ માનીતી વીસ તો જુદા જ મ્હેલમાં રહેતી.

મારા પ્રતાપે ગામમાં હોહાટ થવાથી, ઘણી રૂપાળી સ્રીઓએ મારી બ્હીકથી ગામ છોડી દીધું. હવે મારા માણસોને સ્રીઓ મેળવવામાં ખૂબ મુશ્કેલી પડવા લાગી, પ્હેલાં વીસ પચ્ચીસ લાવતા. હવે તો ત્રણ ચાર ત્રણ ચાર લાવવા મંડયા. મને તેથી સંતોષ વળે તેમ ન્હોતું.

મારે પચ્ચાસ રાણીઓ તો હતી. પણ તેઓ મારા માટે જરા પણ યોગ્ય ન્હોતી રહી. અને તે સિવાય હું તો વિવિધતાનો શોખીન રહ્યો.

હું મુંઝાયો. હવે શું કરવું ? તે દિવસે હિરણ્યકશ્યપુએ મારૂં અપમાન કરેલ હોવાથી હું ખૂબ ધુંધવાતો હતો ત્યાં એક વીચાર

આવ્યો હિરણ્યકશ્યપુ તે દિવસે જ શિકાર માટે જંગલમાં ગયો. આઠ દિવસે તે પાછો ફરનાર હતો. માટે તેની દોઢસો રખાતનો ઉપયોગ કરૂં તો?

વિચાર અમલમાં મેલ્યો. પહેલે દિવસે રાતે બાર વાગે તેની વીસ માનીતી રખાતને બંગલે પહોંચ્યો પહેરેગીરોમાંથી થોડાને મારી નાખ્યા અને થોડાને લાંચ આપી શયનગૃહમાં ઘુસ્યો. બધી ય સ્ત્રીઓએ કકળાટ કરી મુકયો પણ મારી આગળ તેનું કાંઇ ન ચાલ્યું. બધીય સ્ત્રી ઉપર બળાત્કાર ગુજારતાં તેઓ બેશુદ્ધ થઇ ગઇ.

આ પ્રમાણે બાકીની ૧૩૦ સ્ત્રીઓને આઠ દીવસમાં ભ્રષ્ટ કરી નાંખી. મારી વાસનાને ખુબ સંતોષ મલ્યો કારણ કે બધા બળાત્કારના કીસ્સા હતા.

આઠમે દિવસ હિરણ્યકશ્યપુ આવ્યો. રાજકાજમાંથી પરવારી બંગલે પહોચ્યો. કોઇ તેની વાસના પુરી પાડી શકે તેવી સ્થીતીમાં નહોતી. તેમણે પોતાની આપવીતી કહી દોઢસો એ દોઢસો સ્ત્રીની આ સ્થીતી થઇ છે તેની ખબર પડતાં તેના ક્રોધનો પાર ન રહયો.

તે વખતે તેણે મને બોલાવ્યો હું ન ગયો. મને પકડવા સૈન્ય મોકલ્યું. તેમને મેં હંફાવ્યું. મહામહેનતે હું પકડાયો. હીરણ્ય-કશ્યપુની રૂબરૂમાં મને રજુ કરવામાં આવ્યો

તે મને ખાનગી ઓરડામાં લઇ ગયો. મે કરેલા અત્યાચાર સંબંધે પ્રશ્ન કર્યો, મેં નફ્ફટાઇથી હા પાડી અને કહ્યું કે મારી આ ટેવ તો હું ચાલુ રાખવાનો.

હવે તેના ગુસ્સાનું પુછવુંજ શું? તેની આંખમાં બળતો અગ્નિ મને બાળી નાખશે એમ મને લાગ્યું તરતજ તેણે પોતાના નોકરોને બોલાવ્યા અને લોઢાની મોટી પેટી લાવવા કહ્યું.

તેઓ પેટી લાવ્યા. આમાં બેસી જા! તેણે મને હુકમ કર્યો. મેં ચોકખી ના પાડી બરજોરીથી મને બેસાડવાનું નક્કી થયું ખુબ ધમાચકડી પછી નોકરો મને પેટીમાં બેસાડવામાં સફળ થયા. ઉપરનું ઢાકણું બંધ કરી દીધું અને તેણે પોતાના માણસોને હુકમ કર્યો. " આ પેટીને સાગરમા ફેંકી દો. "

અને આમ સમુદ્રમાં મને ફેંકવામાં આવ્યો. સમુદ્રમાં આમ ઘસડાતાં અસંખ્ય વરસો પસાર થયાં. તેનો ઇતીહાસ કહેવાનો અત્યારે મને વખત નથી. કેટલાક વરસ તો મગરમચ્છના પેટમાં મારી પેટી રહી. આમ હુ ખુબ મુંઝાવા લાગ્યો. મેં પ્રતિજ્ઞા લીધી કે, " જે કોઇ મને આ પેટી ખોલીને છોડાવે તેને ત્યાં લક્ષ્મીના ભંડાર ભરી દઉં." ઘણા વરસ મુંઝવણમાં ને મુંઝવણમાં પસાર થયાં મને છોડાવનાર કોઇ ન મળ્યો. એક એક દીવસ જ્યા યુગ જેવડો લાગે ત્યાં આટલાં આટલાં વરસ પસાર કરતાં કેટલીક વેદના થતી હશે, તેનો ખ્યાલ આવે છે? હું ખુબ મુંઝાયો. મેં ફરીથી પ્રતિજ્ઞા લીધી કે, "હજુ કોઇ મને છોડાવે તો ભુતળનું તમામ ધન બતાવી દઇને તેને ન્યાલ કરી નાખું." સેંકડો વરસ પસાર થયાં. સુંદરી અને મદિરા વિના એક દીવસ જેને કાઢવો મુશ્કેલ થઇ પડતો, તેને આટલાં વરસ કાઢતાં કેટલું દુઃખ થતું હશે? મેં પાછી પ્રતિજ્ઞા લીધી. "હજુ કોઇ મને છોડાવે તો તેને મોટો દાગાજથી ગજા બનાવી દઉં અને સદા અદશ્ય રૂપે રહી હંમેશાં તેના ત્રણ હુકમ બજાવું, ગમે તેવા હુકમનો હું અમલ કરૂં." હજારો વરસ પસાર થયાં. મને કોઇ છોડાવનાર ન મળ્યો. હવે હું ક્રોધે ભરાયો, અને પ્રતિજ્ઞા લીધી કે " હવે જે કોઇ મને છોડાવશે તેનો હું

જીવ લઇશ. પણ તેના ઉપર એક ઉપકાર જરૂર કરીશ અને તે એ કે તેની ઇચ્છા હોય એ રીતે તેનો જીવ લેવો" માટે હવે એકદમ બોલી નાખ! તારો કેવી રીતે જીવ લઉં? મારે હજુ ઘણાય કામ છે. આટલાં વરસ સુંદરી વિના પસાર કર્યાં હોવાથી હું કામ વિહ્વળ થયો છું મારા સદભાગ્યે અહીં એક રૂપસુંદરી તો મોકલી છે. (રૂપાળી તરફ આંગળી ચીંધી) તે મને પુરો સંતોષ તો નહીજ આપી શકે. અત્યારે કામ ચલાઉ સંતોષ મળે તો બસ છે માટે એકદમ બોલી નાંખ. તને કેવી રીતે મારી નાંખું? મારી આ પ્રતીજ્ઞા પુરી કર્યા પહેલાં મ્હારાથી એક પણ કામ નહી થઇ શકે.

"બાપુ! આ મશ્કરી જવા દો તમારા વૃતાંતમાં સાચું કેટલું છે તે તો હું નથી જાણતો. પણ એક વાત હું નથી માની શકતો આ પેટીમાં તો હું સમાઇ શકું તેમ નથી તો પછી તમે તેમાં સમાઇ શકયા હો તે સાવ અસંભવીત છે. અને તમે પેટીમાંથી કયાં નિકળ્યાં છો? તમે તો આકાશમાંથી ઉતરીને આવ્યા છો. આવી ખોટી વાતો કરીને અમને શા માટે બ્હીવડાવો છો! જેસંગને એક સરસ યુક્તિ સુજવાથી દીનતાથી કહ્યું."

પ્રકરણ ૨૦ મું

રાક્ષસ ફસાયો

"તું તો સાવ મુરખ છે માછીમારને અક્કલ તો ન હોય પણ આટલીય સાધારણ અક્કલ નહી હોય એમ હું ન્હોતો ધારતો. હું ધુંવાડા રૂપે બહાર નીકળી આવ્યો તેનું તને ભાન નથી? રાક્ષસે તિરસ્કાર પુર્વક કહ્યું.

તે દરમ્યાન રૂપાળીએ નાસી જવા પ્રયત્ન કર્યો રાક્ષસ ચેતી ગયો તેણે ધુળની એક ચપટી તેની સામે નાખી. રૂપાળીના પગ જમીન સાથે ચોંટી ગયા. ગમે તેટલી મ્હેનત કરવા છતાં તે ન ખસી શકી.

"બાપુ! એ વાત તો કેમ મનાય? ધુમાડા રૂપે તમે કેવી રીતે નીકળી શકો?" જેસંગે પુછ્યું.

"સાવ અણઘડ! જો આવી રીતે તમે મુર્ખ માણસો એક ચીજ બતાવ્યા વીના ફકત સમજાવ્યાથી તો ન જ સમજી શકો."

આમ કહીને રાક્ષસે પોતાના શરીરને ધુમાડા જેવું કરી નાખ્યું અને પેટીમાં જઇને બેઠો જેસંગે તરતજ ચપળતાથી પેટીનું ઢાંકણું બંધ કરી દીધું.

અરે એ શું કરે છે,? રાક્ષસે પુછ્યું.

"અધમ! પીશાચ! તારે લાયક કામ કર્યું છે તારા જેવા પર ઉપકાર કરવો નકામો છે" જેસંગે ક્રોધથી કહ્યું.

"અરે એ તો હું જરા મશ્કરી કરતો હતો. એમ હું કાંઇ ગાંડો છું કે મારા ઉગારનારને મારી નાખું? તું તો સાવ મૂઢ લાગે છે. એટલુંય ન સમજી શકયો કે એ તો મશ્કરી હતી? લે! લે! હવે બ્હાર કાઢ."

હું બરાબર સમજી ગયો છું, બચ્ચા! હવે લ્હેર કર.

પણ રાક્ષસે ખુબ કાલાવાલા કરવા માંડયા. મોટાં મોટાં વચનો આપવા લાગ્યો. કરગરવા લાગ્યો, રડવા મંડયો, જેસંગનો ગુલામ થવા વચન આપ્યું. છેવટે જેસંગ પીગળી ગયો.

તું તારા ઇષ્ટદેવના સોગન ખા. તું પરમેશ્વરના સોગન ખાઇને કહે કે મને અને મારી બાને કોઇ પણ ઇજા નહી કરે.

હું પરમેશ્વરના સોગન ખાઇને કહું છું. મારા ઇષ્ટદેવના સોગન ખાઇને કહું છું કે તને કશીય ઇજા નહીં કરૂં, તારી સ્ત્રી ઉપર પણ કાંઇ જુલમ નહિ કરૂં તારો ગુલામ થઇને રહીશ. કૃપા કરીને પેટી ઉઘાડો."

રૂપાળીએ તો પેટી ઉઘાડવાની જેસંગને સાફ ના પાડી. પણ જેસંગને રાક્ષસની ખુબ દયા આવતી હતી. રૂપાળીની ઇચ્છાની વિરૂદ્ધ થઇને તેણે પેટી ઉઘાડી.

પ્રકરણ ૨૧ મું.

સતીનો શાપ

રાક્ષસ એકદમ બહાર નિકળ્યો. જેસંગ સામે તિરસ્કારપૂર્વક હસ્યો.

"સાલા! મગતરા! તને પણ દગો કરતાં આવડે છે ખરો હોં? પણ અકલ જરા ઓછી છે. અમારે રાક્ષસને ઇષ્ટદેવ કેવા, અને પરમેશ્વર કેવા? હવે તો મારી ઇચ્છા મુજબ તને મારી નાખીશ."

આમ કહીને તે જેસંગ તરફ ધસ્યો. તેને પકડ્યો. જમીન પર પછાડ્યો તેના બે પગ ઝાલીને તેને ઉભોને ઉભો ચીરી નાખ્યો. જેસંગે વેદનાથી છેલ્લી ચીસ પાડી. તેના શરીરના બે ફાડાયા થઇને જમીન પર પડ્યાં.

આ જોતાં રૂપાળીની આંખમાં લોહી વરસવા લાગ્યું તે બેશુદ્ધ થઇ ગઇ.

તરતજ આ કામી રાક્ષસ રૂપાળી તરફ દોડ્યો. રૂપાળી ભાનમાં આવી. ઉભી થઇ નાસવા મંડી રાક્ષસે તેને પકડી. બાથમાં

લીધી અને પોતાની દુષ્ટ મુરાદ પાર પાડવા જમીન ઉપર પછાડી, અને પોતે તેના ઉપર ચઢી બેઠો.

રૂપાળીને આ અણીનો પ્રસંગ હતો તેનામાં અજબ શકિત આવી તેણે આ અજબ શકિતથી રાક્ષસના પેટમાં જોરથી લાત મારી. રાક્ષસ જમીન પર ઉથલી પડયો. રૂપાળી ઉભી થઇ અને નાઠી.

પણ રાક્ષસ તરત સાવધ થયો તેની પાછળ દોડયો હવે એકેય આરો નહોતો એકજ ઉપાય રહયો તેણે પ્રભુને સંબોધીને કહ્યું.

"હે! પ્રભુ! જો હું તન અને મનથી મારા પતિને વફાદાર રહી હોઉં, મેં સ્વપ્ને ય પણ પરપુરૂષ માટે દુષ્ટ વિચાર ન કર્યો હોય તો રાક્ષસને તુ બાળી નાખજે"

તરતજ એક અજબ ચમત્કાર થયો. આકાશમાં ઘનઘોર વાદળા છવાઇ ગયા ભયાનક ગર્જના થઇ. આકાશમાંથી સડસડાટ કરતી વીજળી ઉતરી આવી અને આ કામી રાક્ષસ ઉપર પડી. તરતજ આકાશ પાછું ચોકખું થઇ ગયું. રાક્ષસના દેહની રાખનો ઢગલો પડેલો દેખાયો.

રૂપાળી પણ આ ચમત્કારથી અજબ થઇ પોતાની લાજ રાખવા માટે કૃપાસીંધુ પરમેશ્વરનો આભાર માન્યો. પતીના શબ તરફ દોડી તેનું માથુ ખોળામા લીધું અને ચોધાર આંસુ પાડી રડવા લાગી.

પ્રકરણ ૨૨ મું

એક અજબ ચમત્કાર.

રૂપાળીની નજર જરા ઉંચે ગઇ આકાશમાંથી સફેદ કપડાં પહેરીને કોઇ વ્યક્તિ ઉતરતી હતી રૂપાળી ગભરાણી દુધથી દાઝેલા છાશ ફુંકીને પીએ. તેણે બરાબર જોયું તેના મોઢા પર પ્રેમ અને દયાનું સામ્રાજ્ય હતું તેની કોમળ આખો વિશ્વપ્રેમનો સંદેશ આપતી હતી તેના વસ્ત્રોના ફડફડાટમાં પણ અજબ મૃદતા અને કરૂણતા હતી તે વ્યકિત નીચે ઉતરી રૂપાળીની પાસે આવી.

"પુત્રી ? તું મને ઓળખે છે !"

"હા. સ્વર્ગના દેવ" રૂપાળીએ તેના પગમાં પડી ઉત્તર આપ્યો.

"તારા પર બળાત્કાર કરવા તૈયાર થએલો રાક્ષસ હું પોતે જ. દેવે શાંતીથી કહ્યું."

રૂપાળીને ધ્રુજારી વછુટી તેની આંખોમાં ભયનો મહાસાગર ઉછળવા લાગ્યો.

તે બનવા જોગ નથી. તમે ખરેખર સાચુ કહો છો? રૂપાળીએ ધ્રુજતાં ધ્રુજતાં પુછ્યું.

હા પણ તારે ગભરાવાની જરૂર નથી રાક્ષસની યોનીમાંથી મારો છૂટકારો કરવા માટે હું તારો આભારી છું. વરસો પહેલાં એક વાર ઇંદ્રની આજ્ઞાનો મારાથી ભંગ થઇ ગયો અને ક્રોધમા તો ઇંદ્ર મહારાજ દુર્વાસાથી કાંઇ ઓછા ઉતરે એવા નથી, એ વાત તારાથી કયાં અજાણી છે? તેણે મને શાપ આપ્યો " જા ! તારો રાક્ષસ યોનીમાં જન્મ થાવ.

મેં ખુબ કાલાવાલા કર્યા આ એક ગુન્હો માફ કરવા તેના ચરણ આંસુથી ભીંજવી નાખ્યા પણ મોટા માણસો પોતાનું બોલ્યું ફોક કરે તો તેમની મોટાઇ ઓછી થઇ જાય ને ? બહુ કાલાવાલા કરીએ આપનો તે અનુગ્રહ કરે ખરા. તેણે કહ્યું. "એક પવિત્ર સતીનાં દર્શન થવાથી રાક્ષસ યોનીમાંથી તારો છુટકારો થશે" તે પ્રમાણે તારાં દર્શન કરવાથી મારો ઉદ્ધાર થયો તું મારા પર ખુબ ક્રોધે ભરાએલ અને મને શ્રાપ આપ્યો અને તેથી મારૂં શ્રેય થયું. હલકટ માણસોની ખુશામત કરતાં મહાન માણસોનો ક્રોધ વધારે સારો છે. મેં મારા રાક્ષસના અવતારમાં તારા ઉપર જે જે જુલ્મો વરસાવ્યા તે માટે હું તારી માફી માગવા આવ્યો છું."

પ્રકરણ ૨૩ મું

જેસંગને જીવતદાન.

"તમારા જેવાને માફી આપનાર હું તે કોણ ? હું મહા પાપી છું મેં આ સંસારમાં ઘણાય પાપ કર્યાં હશે તેને બીજાને માફી આપવાનો અધિકાર ન જ હોઇ શકે ને ?' રૂપાળી નમ્રતાથી બોલી.

"આમાં જ તારી મહત્તા દેખાય છે. બાકી આવું બોલીને તું તારૂં પોતાનું અપમાન કરે છે તારા જેવી સ્ત્રી દુનિયામાં મળવી દુર્લભ છે. હું તારા ઉપર પ્રસન્ન થયો છું. બોલ! હું તારૂં શું શ્રેય કરૂં ?"

"દેવ ! મારે શું જોઇએ છે એ આપનાથી અજાણ્યું નથી જ. કાંતો મારા પતિને જીવતદાન આપો, અગર મને પોતાને તેમની પાસે સ્વર્ગમાં લઇ જાઓ. તેના વિયોગમાં મારા પ્રાણ તુટું તુટું થઇ રહ્યાં છે. મારૂં હૃદય હમણાંજ ધડકતું અટકી જશે એમ લાગે છે." આમ કહી રૂપાળી રડી પડી.

"અરે ! એ તો હું સાવ વીસરી ગયો. ચાલ ! તારા પતિને જીવતો કરી દઉં" આમ કહીને તે જેસંગના શબ પાસે ગયા તેના બંને કટકા પાસે પાસે રાખ્યા સમુદ્રમાંથી રૂપાળીએ થોડું પાણી લાવીને દેવના હાથમા આપ્યું. દેવે એક મંત્ર ભણીને જેસંગ પર છાટયું પાંચ મીનીટમા તેના દેહના બે કટકા અજબ રીતે સંધાઇ ગયા અને જેસંગ આળસ મરડીને ઉભો થયો

રૂપાળી આ ચમત્કાર જોઇ અજબ થઇ ગઇ હર્ષથી તેની આંખમાં આંસુ આવ્યા. દેવની આમન્યા રાખવાનું ભુલી ગઇ જેસંગને આનંદથી ભેટી પડી.

દેવ આવી સાધારણ વાતમાં ખીજાઇ જાય તેવા ન હતા તે ઉલટા આ દંપતીનો આવો સ્વર્ગીય પ્રેમ જોઇ ખુશ થયા.

દંપતીને તરતજ ભાન આવ્યું રૂપાળીએ પતીને બધી હકીકત ટુંકમાં સમજાવી બંને દેવના પગમા પડયા દેવે તેમને આશીર્વાદ આપ્યા.

"તમારા અદભુત પ્રેમથી હું ખુબ રાજી થયો છું મૃત્યુ લોકમાં આવા પ્રેમી પવિત્ર આત્માઓ વસે છે ત્યાસુધી મૃત્યુ લોકને સ્વર્ગથી ઉતરતો ન જ ગણી શકાય હવે તમારે જે માંગવું હોય એ માંગો. હું આપવા તઇયાર છું."

પ્રકરણ ૨૪ મું

વરદાન

તમે અમારી ઉપર અનહદ ઉપકાર કરેલ છે તમે જે કૃપા કરી છે તે બસ છે એમ છતાંય આપની આજ્ઞાથી હું કૃપા વાંચ્છું છું તનતોડ મહેનત કરીને મારા કુટુંબનું પાલન કરી શકું એટલી રોજી મેળવવા હું શકિતવાન થાઉ એવા આશીર્વાદ આપો, જેસંગે વીનતી કરી.

' વત્સ હું તારા ઉપર વધુને વધુ ખુશ થતો જાઉ છું તેં ધાર્યું હોત તો લક્ષ્મીના ભંડાર માગીને આખી જીંદગી માટે એશ્વર્ય થઇ શકયો હોત પણ તેં દરરોજની રોજી માગી છે તેમાજ તારી મહત્તા છે હું તને લક્ષ્મીના ભંડાર આપુ તો તું આવો સશક્ત નીતીવાન અને ઉંચા વીચારવાળો ન રહે લક્ષ્મી અને આરોગ્યને હમેશાં અણબનાવ હોય છે બહુજ ઓછા લક્ષ્મીવાન નીતી જાળવી શકે છે આળસ અને વીલાસીતા માણસનું સત્યાનાશ વાળે છે તમે લક્ષ્મીવાન થાઓ તો તમારા વચ્ચે આટલો અદ્ભુત પ્રેમ પણ ના રહે. તનતોડ મહેનત વીના મેળવેલ પૈસા જેવું ભયાનક પાપ દુનીયામાં એકેય નથી અહીંથી બે ગાઉને છેટે એક સરસ તળાવ આવે છે અહીંથી સીધે ઉગમણી દિશામાં જજે. ત્યાં એક ડુંગર દેખાશે તેની પાછળ મોટું જંગલ આવશે જંગલની વચમાં ચાર ટેકરીઓની મધ્યમાં રળીયામણું તળાવ છે. તેમાં ચાર જુદા જુદા રંગની અસંખ્ય માછલીઓ છે. તારે હંમેશા દરેક રંગની એક એક માછલી એટલે કુલ ચાર માછલી લેવી. વધારે લોભ ન કરતો. તે માછલીઓ રાજાને

વેચજે. તે તેની સારી કીંમત આપશે. તેમાંથી તું તારૂં જીવન નભાવી શકીશ.

મારે તને હવે એકજ વાત કરવાની છે તારે આવતી કાલની કોઇ દિવસ ચિંતા ન રાખવી. કાલની ચીંતા તારે માથે રાખવાને બદલે પ્રભુને માથે મુકી દેજે. માણસ ફક્ત ચીંતાનો ભાર પોતાના માથા પર રાખવાથી જ દૂ:ખી થાય છે. તને શું પ્રભુમાં વિશ્વાસ નથી ? જે પ્રભુ અસંખ્ય પંખીઓને અને પ્રાણીઓને-કીડીને કણ અને હાથીને હારો આપી દે છે, તે પ્રભુ તને ભુખ્યો રાખશે ?

બસ આ મારો સંદેશ છે. હું જાઉં છું. મારા કહ્યા મુજબ વર્તીશ તો સુખી થઇશ. અને આ રૂપાળીનું જીવ કરતાં ય વધુ કાળજીથી રક્ષણ કરજે તે સંસારનું દુર્લભ રત્ન છે."

જેસંગ અને રૂપાળી તેને પગે પડયાં. અને ઉભા થઇને જુવે છે, તો દેવ અદ્દશ્ય થઇ ગયા હતા.

બન્ને પ્રભુની લીલા ઉપર વિચાર કરતાં કરતાં ઘેર ગયાં.

પ્રકરણ ૨૫ મું.

અદ્ભુત ચમત્કાર.

"બા ! બા ! એટલીવારમાં તું પાછી આવી ?" ન્હાની છોકરીએ ઘરમા આવતાં માને કહ્યું.

એટલી વાર કેમ ? અમને તો ગયાં ઘણીયવાર થઇ ગઇ. તમે ભુખ્યા પણ થયાં હશો." રૂપાળીએ જરા ચકિત થઇને કહ્યું.

"હા-હા-હા-હા-હા." છોકરી હસી પડી. "બા આજ તું ગાંડી તો નથી થઇ ગઇ ને ? હજી તો હમણાજ તેં રોટલા

અને શાક કર્યાં. અમને જમાડયા. 'તારા બાપુને બોલાવી આવું.' એમ કહીને બ્હાર ગઇ, અને તરતજ પાછી આવી. એ બધું ય ભુલી ગઇ ?"

"બા ગાંડી થઇ ગઇ ! બા ગાંડી થઈ ગઇ" બીજો છોકરો નાચવા મંડયો.

રૂપાળીના આશ્ચર્યનો પાર ન રહ્યો.

"તું કહે છે શું ? હું રોટલા અને શાક કરી ગઇ ? ચાલ બતાવ જોઇએ ?

છોકરી તેને રસોડામાં લઇ ગઇ. એક પાટીયામાં તાજુંજ કરેલું શાક હતું. થાળીમાં ગરમ રોટલા હતા. રૂપાળી અને જેસંગ તાજ્જુબ થઇ ગયાં.

"હું તો આજ બધુંય ભુલી ગઇ છું." છોકરાં આ ચમત્કારથી ન ચમકે, તે માટે રૂપાળીએ કહ્યું. "પણ કહે તો ખરી કે તારા બાપુ ભેગી બહાર ગયા પછી હું એકલી પાછી આવી કે તારા બાપુની સાથે ?"

"તમે બેય બહાર ગયા. થોડીવાર પછી તું એકલી પાછી આવી. તેં કહ્યું, ચાલો છોકરાં ! તમને જમાડી લઉં. ભુખ્યાં થયાં હશો. તારા હાથમાં એક થાળીમાં લોટ, અને ચાર રીંગણાં હતાં."

"હં પછી ?"

"પછી, પછી પછવાડું. હું કાંઇ વાર્તા કરતી નથી તેં રસોઇ કરીને અમને જમવા દીધું. અમે જમી રહ્યા પછી તું થોડીવાર અમારા ભેગી 'આંધળો પાડો' રમી પછી તેં કહ્યું, તારા બાપુને

જમવા તેડી આવું હમણાજ આવીશ હોં!' અને તુ ગઇ અને તરતજ તમે બેય આવ્યા.

રૂપાળી અને જેસંગને ખાત્રી થઇ કે આ તો ઇશ્વરનો ચમત્કાર છે આપણા હૃદય પવીત્ર અને સાત્વીક હોવાથી આપણા બાળકોને ભુખે મારવા પ્રભુને ન ગમ્યું. તે મારો વેશ લઇને બાળકોને જમાડી ગયા. ખરેખર દેવ સાચુંજ કહેતા હતા કે પ્રભુ પર આસ્થા રાખો. તે તમને નહી ભુલી જાય.

બન્નેએ જમી લીધું અને પ્રભુની મહત્તા પર વાર્તાલાપ કરતાં નીંદ્રાધીન થયાં.

પ્રકરણ ૨૬ મું

માછલીની કીંમત

રૂપાળી ! પેલા તળાવમાં હું માછલી લેવા જાઉં છું તળાવ ખુબ દુર હોવાથી વાર તો લાગશેજ પણ બાર વાગ્યા સુધીમાં તો ચોકકસ આવી જઇશ, સહવારે સાત વાગે પ્રાતઃકર્મ કરીને જેસંગ બોલ્યો.

" હું તમારી સાથે ન આવું ? "

" ના મારે આમ મજુરી કરાવીને તને મારી નાખવી નથી મારી નાખવાની ઇચ્છા થશે તે દીવસે ચોક્કસ કહીશ હમણાં તો તું મારા જીવનનો આરામ બને એટલે બસ છે. " જેસંગ બોલ્યો.

" બળ્યું આવું તે શું બોલતા હશો ! તમને મદદ કરૂં તેમાં હું ઘસાઇ જવાની છું ? તો પછી મારૂં જીવન શું કામનું ? " રૂપાળીએ જવાબ આપ્યો.

' ના પણ આ બાલકોની જવાબદારી તારી ઉપર છે. કમાવાની જવાબદારી મારી ઊપર છે તું ઘર કારભાર સરસ ચલાવીને હું થાકયો પાકયો ઘરમાં આવું ત્યારે સ્વર્ગસમ સુખ આપીને મને કાંઇ ઓછી મદદ નથી કરતી મારી મીઠી ? છાતી સાથે જોરથી ચાંપીને ચુમ્બન આપતાં જેસંગ બોલ્યો.

એક મીનીટ પછી આ પ્રેમલીલા છોડીને જેસંગ ચાલતો થયો રૂપાળી પોતાના અસ્તવસ્ત થએલાં કપડાં સરખા કરીને આનંદથી ઘર કામે વળગી.

જેસંગ દેવે બતાવેલા રસ્તે ગયો તેના કહેવા મુજબ એક ડુંગર આવ્યો. ડુંગરની પાછળ જંગલમાં આવેલા તળાવ પાસે આવી પહોંચ્યો. તળાવની ચાર બાજુ ચાર ટેકરીઓ હોવાથી દેખાવ ખુબ સરસ લાગતો હતો.

જેસંગે તળાવમાં નજર કરી. તેમાં ચાર જુદા જુદા રંગની મનોહર માછલીઓ ગેલ કરતી હતી જેસંગે જાળ નાખી. જાળમાં ચાર માછલી પકડાણી એક લાલ, બીજી લીલી, ત્રીજી પીળી અને ચોથી સફેદ હતી. આવી સરસ માછલી તેણે પોતાની જીંદગીમાં ન્હોતી જોઇ. તેણે વધુ માછલી મેળવવાનો લોભ ન કર્યો. તેને ખાત્રી થઇ કે રાજા આ માછલીઓ જોઇને ખુશ થશે અને સારૂં ઇનામ આપશે.

જેસંગ આ માછલીઓ લઇને રાજાના ખાનગી કારભારી પાસે આવ્યો ખાનગી કારભારીએ રાજા અજયને આ માછલીઓ બતાવી. અજય તે જોઇ ખુશ થઇ ગયો, જેસંગને અંદર બોલાવ્યો ચાર માછલીની ચાર ગીની કીમત આપી અને કહ્યું કે, " દરરોજ આવી ચાર માછલીઓ લાવજે. "

જેસંગ રાજી થતો ઘેર ગયો, રૂપાળી રસોઇ કરીને તેની રાહ જોતી બેઠી હતી. જેસંગે તેને આ ખુશ ખબર આપ્યા, ચાર ગીનીમાંથી ત્રણ ગીની તેમણે ગરીબોને દાનમાં આપી દીધી.

પ્રકરણ ૨૭ મું.

જાદુઈ માછલી

રાજાએ પોતાના એક નોકરને બોલાવ્યો.

"જો ! આ સુંદર માછલીઓ આપણી સૌથી વધુ હોશીયાર રસોયણને આપી આવ. તેને કહેજે કે આ માછલીઓ રાંધવામાં તારી બધી હોશીયારીનો ઉપયોગ કરી નાખવાનો છે.

નોકર માછલીઓ જમના રસોયણને આપી આવ્યો. જમના સત્તર અઢાર વર્ષની ઉંમરની હોશીયાર રસોયણ હતી.

જમનાએ તરતજ માછલીઓ ચીરી. તેમાં સંભાર ભર્યો એક પેણામાં ખુબ તેલ રેડીને તેના પર તળવા મુકી. એક બાજુ બરાબર તળાઇ રહી. હવે બીજી બાજુ તળવા માટે ચીપીયાથી બધી માછલીઓને ઉથલાવી. પણ તે ઉથલી રહી કે તરતજ ભયાનક અવાજ થયો, રસોડાની ભીંત ઉભી ફાટી. તેમાંથી એક નવયૌવના રૂપસુંદરી નીકળી તેની સુંદરતાનો કાંઇ પાર નહોતો. તે રતીરૂપ રંભા લાગતી હતી તેનું શરીર સીધું સોટા જેવું અને પાંચ ફીટ ઉંચુ હતું. તેનું મુખ જોઇને શરદપૂર્ણિમાનો ચંદ્રમા લાજી મરે. આંખો મૃગના જેવી હતી ભ્રમર તો જાણે કામદેવે બાણ તાક્યું હોય એવી લાગતી હતી. તેના ગાલ રેશમ જેવા સુંવાળા અને ગુલાબી રંગના હોવાથી તેને દંત રક્ષત કરવાસીહોના હોઠ ફફડી ઉઠે એમ હતું. તેના બે બરાક

રતનો અમૃત ભરેલા સોનાના કળશીયા હોય એમ લાગતું હતું. તેની પાતળી કેડ જોઇને સિંહ કદાચ આપઘાત કરે તો તે અસંભવિત ન કહેવાય. આ પાતળી કેડ નીચે મોટા ભરાઉ નિતંબ એવા સરસ રીતે ગોઠવાઇ ગયા હતા કે તેનો ઘડનાર બ્રહ્મા પણ તેના પર બે ઘડી મુગ્ધ બની જાય, તેની જાંઘો કદળીસ્થંભ જેવી હતી.

આ અદ્દભુત રૂપસુંદરી અત્યારે ક્રોધમાં હોય તેમ લાગતું હતું. તેની આંખો ક્રોધથી લાલચોળ બની ગઇ હતી. તે રૂપસુંદરી હોવા છતાં તેના મુખ ઉપર દયા, પ્રેમ, કે આનંદની એક પણ નિશાની નહોતી દેખાતી. તે ચંડીકા બની હતી.

તેણે અમુલ્ય હિરાગળ વસ્ત્રો પહેર્યાં હતાં. તેનો પ્હેરવેશ મોહક કહી શકાય. કાનમાં હીરાના એરીંગ, ગળામાં મોતીનો હાર, અને હાથમાં સોનાની માણેક જડિત બંગડી પહેરી હતી.

તેના એક હાથમાં સીસમની નાની લાકડી હતી. તે ધીમાં ધીમા ડગલાં ભરતી પેણા પાસે આવવા લાગી તેને જોઇને જમના ગભરાઇ ગઇ. તેનો દેખાવ ગમે તેવા મર્દને ગભરાવવા બસ હતો તેમાં જમનાનું શું ગજું? જમના ધ્રુજતી ધ્રુજતી એક બાજુએ દિવાલ સાથે લપાઇને ઉભી રહી.

પેલી સુંદરી પેણા પાસે આવી, લાકડીનો એક ફટકો જોરથી માછલીઓને માર્યો, અને ગુસ્સાથી બોલી. " માછલીબાઇ! માછલી બાઇ! તું તારી ફરજ આમ બજાવે છે.?"

માછલી તે વળી જવાબ આપતી હશે?

સુંદરીએ ફરીથી ફટકો મારીને એજ પ્રશ્ન પુછયો. તેવામાં એક ચમત્કાર થયો. ચારેય મરેલ માછલીઓએ પોતાના માથાં ઉંચા કર્યાં અને વિચિત્ર સાદે નીચે મુજબ બોલી—

" હા–હા. જો તમો ગણો તો અમો ગણીએ. જો તમે તમારૂં કરજ અદા કરો તો અમે કરીએ. આપશો તેવું પામશો, અને વાવશો તેવું લણશો જો તમો નાસશો તો અમો તમને પકડશું તેથી અમારા મનનું સમાધન થાશે. "

આ જવાબ સાંભળીને સુંદરીનો ગુસ્સો ખુબ વધ્યો. તેણે પેણાને લાત મારી પેણો ઉંધો વળી ગયો પોતે તરતજ ભીંત પાસે પહોંચી ગઇ. અને અલોપ થઇ ગઇ, ફાટેલી ભીંત અગાઉ જેવીજ સાજી થઇ ગઇ. તેમાં એક પણ તડ ન રહી.

જમનાના ગભરાટનો પાર ન રહયો. તેને આશ્ચર્ય પણ ખુબ થયું હતું. તે ગભરાતી ગભરાતી પેલા પેણા પાસે ગઇ ઉંધો વળેલ પેણો સરખો કરતાં માલુમ પડયું કે માછલી બળીને કોલસા જેવી થઇ ગઇ હતી.

પ્રકરણ ૨૮ મું.

આશક માશુક

" હે ! પ્રભુ મારૂં ખરેખર આવી બન્યું છે. રાજાએ હોંસથી ખાસ કીમતી માંછલી મને રાંધવા મોકલી તેના આ સ્થિતિ થઇ તે તો રાહ જોઇને બેઠા હશે હું શો જવાબ આપીશ ? આ ચમત્કારી વાત કોણ સાચી માનશે ? ઉલટા બધાય મારી મશ્કરી કરવાના અને રાજા સાહેબ ઉલટા વધુ ગુસ્સે થવાના પ્રભુ ! પ્રભુ ! તું બચાવે તો જ બચું "

" કેમ વહાલી! માછલી તૈયાર થઇ ગઇ ને! રાજા સાહેબ મંગાવે છે. બરાબર સરસ રીતે રાંધી છે ને?" રાજાનો ખાનગી કારભારી રસોડામાં આવીને બોલ્યો. તેણે જમનાને રડતી દેખી.

" કાં? તને શું થયું? આમ રડો છો શા માટે? હું કાંઇ સમજી શકતો નથી." કારભારીએ ચકિત થઇ પુછ્યુ.

" વ્હાલા મારા દુર્ભાગ્યને હું રડું છું. મારું દુઃખ કોઇનું ટાળ્યું ટળે એમ નથી."

" તું આમ કેમ બોલે છે? તારાં દુઃખ ટાળવા માટે હું તઇયાર નથી! તારે ખાતર હું સર્વસ્વ ત્યાગી દેવા તઇયાર છું બોલ તો ખરી વહાલી! મારાથી કોઇ વાત છુપાવવી તને ઠીક લાગે છે?" આમ કહી તે જમનાને ભેટી પડ્યો, અને એક ચુમ્બન લીધું

જમના અને કારભારી વચ્ચે આ સંબંધ જોઇ વાચકને આશ્ચર્ય થશે માટે તેમનો થોડો ઇતિહાસ કહી દેવો જરૂરી લાગે છે.

જમના બાલવિધવા હતી. તેને રૂપાળી ગણી શકાય, એવું તેનું રૂપ હતું. સંસાર સુખનો જરા પણ અનુભવ કરાવ્યા વિના તેનો પતિ સાવ ન્હાનપણમાં મરી ગયો, તે રાજની નોકરી પર છ માસથી આવી હતી, જાતની રજપુત હતી નિરાધાર હોવાથી તેણે આ નોકરી સ્વીકારી.

તે નોકરી પર ચડી ત્યારે તેની ઉંમર સત્તર વરસની હતી. તેના ફાટ ફાટ થતાં યૌવને તેનામાં મુંઝવણ પેદા કરી હતી. તેને કામબાણ લાગવા મંડયા. મદમસ્ત રસિક સાથે રતી યુદ્ધ કરવા તેનો સમસ્ત દેહ ઉછળવા લાગ્યો.

તેની આ કામ વાસના તો ગમે તે પાસે તે પુરી કરાવી શકત પણ તે વ્યભીચારીણી ન્હોતી. પોતાની સાથે જીંદગીભર પ્રેમ ટકાવી રાખે તેવા પ્રેમીની શોધમાં તે હતી.

આ સખ્ત તાલાવેલી વખતે તેને કારભારી સાથે પ્રસંગ પડવા લાગ્યો કારભારીનો મોહક ચહેરો તેને ગમી ગયો તેની રીત-ભાત પર તે ખુશ થઇ કારભારી રાજાને માટે રસોઇ સબંધે સુચના કરવા અવારનવાર આવતો અને તેની સાથે વાતચીત કરતો.

કારભારી રસિક હતો. તેની આંખોની મસ્તી અજબ હતી. પોતાની સ્ત્રીને મરી ગયાં બે વરસ થયાં હતાં, તેનામાં પણ કામ જવાળા વ્યાપી હતી. રસોયણનાં કામણગારાં નયનોએ તેને ઘાયલ કર્યો, આ બુલબુલને પોતાનું કરવા તેણે નિશ્ચય કર્યો.

જમનાને રસીક જોતો હતો. આ રસીકને જમના જોતી હતી. પણ દીલની વાત કરતાં તેઓ અચકાતાં, આવા કામમાં સ્ત્રી કરતાં પુરૂષ વધારે સાહસિક હોય છે.

એક દીવસ કામનું ખાલી બ્હાનું કરીને તે રસોડામાં આવ્યો જમના પણ નવરી હતી, બંને વાતો કરવા લાગ્યાં વાત કરતાં કરતાં કારભારી તેની નજદીક ગયો અને યુક્તિ પૂર્વક તેનાં મોહક સ્તન દબાવ્યાં, જમનાનું મોં લલ થઇ ગયું આનંદ અને શરમની આ નિશાની હતી. તે કાંઇ બોલી નહી. કારભારી સમજ્યો કે બાઇ સાહેબ આતુર છે પછી તે કાંઇ ઝાલ્યો રહે ? જમનાને તે ભેટી પડ્યો અને ચુમ્બન લીધું અજાબ આનંદમા જમનાના અંગીઆની નાડી પણ તુટી ગઇ 'આ શું કરો છો ? કોઇ દેખી જશે. શરમાતા નથી ” જમના એક હાથે ચાખરો ઝાલીને બોલી.

" ત્યારે બારણું બંધ કરી આવ " રસીક બોલ્યો.

જમના દોડતી બારણું બંધ કરી આવી અને રતીયુદ્ધમાં બંનેએ મસ્ત બનીને પોતાના લાંબા વખતની કામજ્વાળા શમાવી દીધી. આ રતીયુદ્ધ વખતનું જમાનાનું વર્ણન મારા એક કવિ મીત્રે બહુજ સરસ લખ્યું છે. તે અહી આપી દઉં.

નયને, વદને, બદને, મદને, સદનો કરી રાજ દીધું મદને;
રતીની તરસી પીયુને પરસી, વરસી અમીવેણુ ગળે વળગે.
અળગી કરતાં સળગી વદતી વીટળાઇ વળે અધીરી બનતી;
થથરે પગને ફરકે અધરો પસીને પલળી શ્રમથી નમતી.
કળથી કુચડી ભુજમાં ભચડી કરડી રદથી[1] મરડી કટીએ;
જકડી સ્તનને છણીને ખણીને, નીવી બંધ કરી સર ઉમળકે.

આ બનાવ પછી કારભારી અઠવાડીયામાં બે ત્રણ વારે જમનાને ઘેર મોડી રાત્રે જતો અને તેના દેહનો યથેચ્છ ઉપભોગ કરી આવતો કોઇ કોઇ વાર જમના ખુબ કામવિહ્વળ થઇ હોય તો તે મોડી રાતે કારભારીને ત્યાં પહોંચતી અને પોતાની કામાગ્નિ શાંત કરીને ઘેર ચાલી જતી.

અત્યારે પોતાની માશુકને રડતાં જોઇને તે દીલગીર થયો. તેને સખ્ત આલીંગન આપ્યું અને જે કાંઇ દુખ હોય તે કાપવા વચન આપ્યું.

---

૧ રદ=દાંત.

પ્રકરણ ૨૯ મું

પ્રેમ-વિનોદ

"વ્હાલા ! હું ખરું કહું છું. હું ખરી વાત કહીશ તો તમે ચોક્કસ નહિ માનો. તમે એમજ કહેવાના કે હું ખોટું બોલું છું. અને તેથી મારા પરનો પ્રેમ ઘટી જવાનો. તમે મારો તિરસ્કાર કરવા માંડશો. માટે કૃપા કરીને મને કાંઇ ન પુછો."

"મારામાં તને આટલોય વિશ્વાસ નથી? મારી મીઠ્ઠી? ચાર મહિનાથી આપણો ગાઢો સંબંધ છે તો ય તેં મને ન ઓળખ્યો? તારા પર મારો કેટલો પ્રેમ છે, તેનો તને કાંઇ ખ્યાલ નથી? તું ખોટું બોલે છે એમ હું સ્વપ્ને ય માની શકું ખરો? તું ખોટું બોલે તો પછી દુનિયામાં સાચું બોલનાર કોણ રહ્યું?" એક હાથ જમાનાના ગળામાં નાંખીને કારભારી બોલ્યો.

"જુઓ! મારામાં તમને આટલો બધો વિશ્વાસ છે, તેથી ખરી વાત કહું છું. પણ છતાંય મને તો બ્હીક લાગે છે, આ વાત સાંભળતાં તમારો મારા પરનો વિશ્વાસ કદાચ ચાલ્યો જશે."

આમ કહી તેણે બધી વાત કહી સંભળાવી.

આ સાંભળીને કારભારી તો ચકિત થઇ ગયો. આ વાત તેને બીજા કોઇને કહી હોત તો તે ચોક્કસ ન માનત અને કહેનારને ધુતકારી કાઢત. પણ પોતાની વ્હાલી માશુક! આ ભોળી બાળા કદી પણ ખોટી વાત ન કરે, એવી તેને ખાત્રી હતી.

"વ્હાલી! ખરેખર વાત અજબ છે. હું કબુલ કરું છું કે આ વાત મને બીજા કોઇએ કહી હોત, તો તે હું ન માનત. પણ

આમાં તારે રોવા જેવું છે શું? રાજા એવો ક્રોધી નથી કે આવી વાતમાં ખીજાઈ જાય. હું તેને બરોબર સમજાવી દઇશ. તેને આ ચમત્કારની વાત નહિ કહું. પેલા માછીમાર પાસે બીજી ચાર એવી જ માછલીઓ મંગાવું છું. આપણે બે સાથે રહીને તે શેકશું. હું આ ચમત્કાર જોવા ખુબ ઇંતેજાર છું અને હું પાસે જ હોઇશ એટલે તને ગભરાવાનું કારણ નહિ રહે. આ વાત મને કહ્યા વિના, તું રડતી હતી તે ઠીક કહેવાય! ગાંડી રે ગાંડી!" આમ કહી તેણે એક ચુંબન લીધું.

"તમે મને મલ્યા ન હોત તો મારૂં શું થાત? તમે મને ઓછી સુખી નથી કરી. તેનો આભાર માનવો તો દૂર રહ્યો. પણ આવી મુસ્કેલીઓમાંથી બચાવવા માટે કેટલો ઉપકાર માનવો?" આલિંગનમાં આનંદથી પડેલ બાળાએ કહ્યું.

"માનવો હોય તેટલો માનજે, પણ મને તારા જેવી રૂપ અને ગુણના ભંડારરૂપ રમણી મળી છે; તે માટે તારો ઉપકાર નહિ ભુલું હો? હું તો પ્રભુનો આભાર માનવાનો" કારભારીએ તેના ગાલ ઉપર હાથ ફેરવ્યો.

'લુચ્ચા! જાવ હવે કોઇ દેખશે તો મારી અને તમારી આબરૂ પાણીમાં ફરી વળવાની. તમને તો કાંઇ નહિ. પુરુષની આવી વાતોમાં આબરૂની બહુ દરકાર નથી હોતી. પણ સ્ત્રીઓને તો જાળવ્યે જ છૂટકો મને આહીં બચ્ચા સાક્ષી વીત્રવા માને છે માટે નિકળો અહીંથી"

કારભારી ચાલ્યો ગયો બાળામાં હવે નવું જ ચેતન આવ્યું તે હોંસભેર હસતા હસતા કામે વળગી. એક રીતે તો બાળા સાચ્ચીજ

ગણુાય પરણેલા પતીનું તેણે મોઢું ય નહોતું જોયું. અને હવે કારભારીને જીવન અરપી બેઠી એમાં ખોટું શું ? તેને વ્યભીચારીણી તો નજ કહી શકાય કારભારી સિવાય ગમે તેવા રૂપાળા માણસને જોઇને વીકાર નહોતો થતો લોકોની રૂઢી મુજબ તેના કારભારી સાથે લગ્ન નહોતાં થયાં એટલુંજ આત્માના લગ્ન તો થઇ ગયાં હતાં અને પ્રભુના ચોપડામાં તો નોંધાઇ પણુ ગયા હતા.

પ્રકરણુ ૩૦ મું.

જેસંગની ટેક

કારભારી તરતજ રાજા પાસે ગયો. રાજાએ તેને જેતાંજ પુછયું.

" કાં ? માછલી તઇયાર થઇ ગઇ ? "

" મહારાજા સાહેબ ! માછલી જરા વધુ પડતી સેકાઇ ગઇ છે. રસોયણે આ માછલીઓને બીજી માછલીઓની રીતથી સેકવા માંડી પણ આ માછલીઓ તો ખુબ કોમળ હોવાથી સાવ દાઝી ગઇ આપની આજ્ઞા હોય તો પેલા માછીમારને બીજી માછલીઓ લેઇ આવવા કહું.

" ભલે ! તેને કહેજે કે તાકીદે લાવે.

કારભારીએ માછીમારને બોલાવવા માણસ મોકલ્યો. માછીમાર તરતજ આવ્યો. કારભારી તેને પોતાના ઓરડામાં લઇ ગયો.

" જેસંગ ! તું લાવ્યો તો એવી બીજી ચાર માછલીઓ લાવીશ ? તને ચાર ગીની મળશે. "

" ના સાહેબ ! "

" કેમ ? "

તે સ્થળ ખૂબ આઘું છે. તેથી આજ તો નહીજ જઇ શકાય. કાલ ચોકકસ લાવીશ." ખરી વાત છુપાવીને જેસંગ બોલ્યો.

" આઘું હોય તો શું થયું ? તને એક ઘોડો આપું. તારી સાથે ઘોડેસ્વારને પણ મોકલું. પછી કાંઇ વાંધો છે ?

" આજ માફ કરો, મને આજ ખુબ કામ છે. આવતી કાલે ચોકકસ લાવીશ. "

" એવું શું કામ છે ? મૂરખના જામ ! કોઇ ભૂંડાભુખ જેવા કામમાં તને ચાર ગીની કોણ આપવાનું છે ? આ એક કલાકનું કામ છે, અને ચાર ગીની કમાઇ લઇશ. "

" મને પૈસાનો એટલો બધો મોહ નથી. ચાર ગીની મને આજ એક વાર મળી ગઇ છે, તે બસ છે."

" પણ તારે વાંધો શું છે ? "

" મારે પ્રતિજ્ઞા છે. ગમે તેમ કરશો તોય નહી જાઉં."

" આ મહારાજા સાહેબનો હુકમ છે. તેને માછલીઓની ખાસ ઇચ્છા છે. માટે જો અત્યારે નહી જાય, તો મહારાજા સાહેબ ઘાણીમાં ઘાલીને તારૂં તેલ કાઢશે. "

" તો મને તેમાં વાંધો નથી પણ મહારાજા સાહેબને હું બરાબર ઓળખું છું. તમારી પેઠે તે ગરીબોને હેરાન કરનારા નથી. તે તો દયાના સાગર છે."

" કેમ શું છે ? " આ રકઝક સાંભળતા અજય પોતાના ઓરડામાંથી બહાર નીકળ્યો.

" બાપુ ! આ જેસંગ માછલીઓ લેવા જવાની ના પાડે છે."

"કેમ જેસંગ?" અજયે જેસંગ તરફ નજર ફેરવી.

"બાપુ મારી પ્રતિજ્ઞા છે કે એક દિવસમાં ચારથી વધારે માછલી ન પકડવી. તમારા આ કારભારી મને ધમકી આપે છે, કે ગમે તેમ થાય પણ માછલીઓ લાવ નહિ તો મહારાજા સાહેબ ઘાણીમાં ઘાલીને પીલશે."

"આ સાચી વાત છે?" અજયે કારભારીને પૂછયું. અજયની આંખો સ્હેજ લાલ થઇ.

"હા આપને માછલીઓની ખાસ ઇચ્છા છે, એટલે મેં એમ કહ્યું."

"મારી ઇચ્છા હોય એટલે શું થઇ ગયું? આપણે કોઇની પાસે જોરજુલમથી કામ કેમ લઇ શકીએ? જેટલો હું સ્વતંત્ર છું, તેટલોજ જેસંગ સ્વતંત્ર છે. પ્રજાના એક પણ માણસ પાસેથી જોર જુલમથી કામ લેવાનું નથી, એ વાત મેં તમને કેટલી વાર કહી છે? જા! જેસંગ! તારી પ્રતિજ્ઞા ન તોડજે. પણ આવતી કાલે જરા વ્હેલો ઉઠીને ચાર માછલીઓ ચોકકસ લાવીશ ને?"

"હા. બાપુ. તમારૂ કામ કરવાને કયો અભાગી ના પાડે? આ તો મારી પ્રતિજ્ઞા છે. નહિ તો અત્યારે જ માછલીઓ લાવ્યો હોત." આમ કહી જેસંગ ચાલતો થયો.

અજયે કારભારીને સખ્ત ઠપકો આપ્યો.

"બાપુ! મારી આ એક ભૂલ માફ કરો. હવેથી એક પણ પ્રજાજનને હેરાન નહિ કરૂં."

બાપુએ તેને હસતાં હસતાં માફી આપી. અને ભવિષ્યમાં આમ ન કરવા સલાહ આપી

પ્રકરણ ૩૧ મું

પ્રેમી યુગલ

" કંઇ અતિ ધીમે ગાલ શું ગાલ ચાંપી,
પ્રીતિવશ પડી કરતા ગોઠડી ગાંડી ઘેલી,
અડકી સજ્જડ સુતાં હાથ એકેક નાખી
પ્રહર નવ જણાયે રાત્રિએ વીતિ જાતી."

આમ જેસંગ અને રૂપાળી પ્રેમથી વાતો કરતાં કરતાં રાતના બે વાગ્યા સુધી જાગતાં જ રહ્યાં. બંનેએ રતીરસ અને પ્રેમરસનું ખુબ પાન કર્યું. અને એકબીજાને સજ્જડ આલિંગન આપીને સુતાં રૂપાળીને તરત જ ઘસઘસાટ ઉંઘ આવી ગઇ.

જેસંગે રૂપાળીને ઉંઘતી જોઇ તેનું રૂપ તેની ઉંઘવાની રીત વિગેરે જોઇને તેને વ્હાલ ઉપજ્યું. એક ચુંબન કર્યું. એક કવિની સરસ કવિતા યાદ આવી અને તે ધીમે ધીમે ગણગણવા લાગ્યો.

અધર[1] લાલ મધુર ગાલ, ભાલ[2] ઝળક વાળું,
કમલ નયન,[3] વિમલ વદન,[4] મદન મય[5] રસાળું[6]
મંદ મંદ મધુર સ્મીત, અધર પર જણાયે
ચટક ચાલ, મોહ જાળ લટક લટ[7] સુહાયે[8] ૧
સરસ સરસ મધુર શબ્દ તરસને છીપાવે,
ઝરમર રસ પ્રણાય[9] ભરીત મનસર વરસાવે.

---

૧ હોઠ. ૨ કપાળ. ૩ કમળ જેવી આંખ. ૪ પવિત્ર મોઢું. ૫ કામદેવથી ભરેલ. ૬ રસીલું ૭ વાળની લટ. ૮ શોભે. ૯ પ્રેમ.

કટી[૧૦] સુવક[૧૧] ધન[૧૨] નિતમ્બ[૧૩] રંભણુ[૧૪] વિહારી[૧૫]
જંઘ [૧૬]મૃદુલ [૧૭]અંગ અનંગ [૧૮]રંગ ધારનારી,
બની અધીર ધરીને ચીતે [૧૯]વદનને છુપાવી
કુમળી કાય લળતી જાય, મદ મન છલકાવી
મદન રંગ બદન સંગ જંગ [૨૦]તો જમાવે,
સ્વામી અંક પડી નિઃશંક; [૨૧]રંકતા જણાવે,

આ કવિતા ગણુગણુતા જેસંગને પણ ઘસઘસાટ નિંદ્રા આવી વૈદકશાસ્ત્રનો એક સિદ્ધાંત છે કે રતિકેલીમાં પુરૂષ અને સ્ત્રી બંનેને ખુબ સંતોષ થયો હોય તો ઘસઘસાટ ઉંઘ આવે. જેને પુરો સંતોષ ન થયો તેને આખી રાત ઉંઘ નથી આવતી, આજના કેટલાક પતિઓ પોતાની સ્ત્રીને પુરો સંતોષ નથી આપી શકતા, પરિણામે આજે ઘણી સ્ત્રીઓ એવી છે કે જેને અનિંદ્રાનુ દરદ લાગુ પડયું છે તેને માટે દવા કરાવે છે, પણુ તે ફોકટ અનિંદ્રાના દર્દનુ ખરૂ કારણ સ્ત્રીને પતી પુરો સંતોષ નથી આપી શકતાં તે જ છે.

રૂપાળીની ઉંઘ પાંચ વાગે ઉડી ગઇ. પતિના આલિંગનમાંથી છુટી થઇને બેઠી થઇ. પતિનુ મુખ વહાલથી જોઇ રહી. આજ તે લહેરમાં આવી. બે દીવસ પહેલા એક સખી પાસે.

મુજે દીલને સદાયે લ્હારી સુરત સતાવે,
ચમકી નયન કટારી ભુરકી ભરી જમાવે.

---

૧૦ કેડ, ૧૧ વાંકી અને પાતળી, ૧૨ જાડા, ૧૩ પુંઠ, ૧૪ રતીકેલી, ૧૫ આનદ આપે તેવા, ૧૬ જાંઘ, ૧૭ નરમ, ૧૮ કામદેવ, ૧૯ વસ્ત્ર, ૨૦ રતિયુદ્ધ ૨૧ નિશ્ચિંત.

ગાલે ભરેલ લાલી, જાણે કમળ ખીલેલું,
અર્પી અનંગ અંગે ત્હારી સુરત સતાવે,

બહુજ મીઠા સ્વરથી રૂપાળીએ આ ગીત ગાયુ, જેસંગ જાગી ગયો. ચુંચી આંખો કરીને પ્રેમમસ્ત રૂપાળીને જોઇ અને ઉંઘતોજ હોયે એવો ડોળ કરીને પડયો રહયો.

ગાયન પુરૂ થયું, તેનો પ્રેમ ઉભરાઇ આવ્યો તેણે જેસંગના મુખ પર એકદમ ચુંબન લઇ લીધું પણ જેસંગ સાવધ હતો ચુંબન ચોરવા આવનાર રમણીને તેણે બાહુ પાશમાં જકડી લીધી. અને ચુંબનોથી નવડાવી મુકી, તે ખુબ લ્હેરમાં આવ્યો અને લલકારવા માંડયો.

જેણે અધરપાન કર્યું ન સુંદરીનું.
જેણે કર્યું ન મન તૃપ્તજ કિંકરીનું
જેણે ન ભોગ વિલાસ કર્યો લગારે
વૃથા કર્યો જનમ તેણે કુડા વિહારે,

× × ×

બાહુ[૧] છે બે મૃણાલો, [૨]સુમુખ [૩]કમળ છે વારી [૪]લાવણ્યલીલા
[૫]શેવાળો વાળ કરો, નયન સફરીયો શ્રોણી[૬] છે તીર્થશીલા
કાંઠે છે બે ચકવાકો સુભગ [૭]કુચ [૮]તણાં કામ બાણુર્મિ રાજે
બ્રહ્માએ નારી રૂપી શુભ સર [૯]નીમ્યું દગ્ધને [૧૦]સ્નાન કરવા.

---

૧ હાથ, ૨ કમળદંડ, ૩ સુંદરીનુ મોહું, ૪ પાણી, ૫ રૂપ, ૬ નિતંબ, ૭ સુંદર, ૮ સ્તન, ૯ રસ–સરોવર, ૧૦ દુઃખી.

"હવે બસ રાખો ! બહુ થયું, કાંઇ કામકાજ કરવું છે કે આખો મોઢા સામે જોઇને કવિતાઓજ ગાયા કરવી છે ? સ્હવારના પ્હોરમાં બીજો કાંઇ ધંધો નથી જડતો કે શું ?" રૂપાળીએ કૃત્રિમ ક્રોધ કરતાં કહ્યું.

"તારૂં ચંદ્રવદન જોતાંજ કવિતાઓ યાદ આવ્યા કરે અને જીભ તે ગાયા કરે, તેમાં મારો શો વાંક ! અને આજે તો તું ગુન્હેગાર છે, મને પુછ્યા ગાછ્યા વિના મારા મોઢા ઉપર ચુમ્બન શા માટે ચોરી લીધું તેની તને શી સજા કરૂં ?

"અમે ચોર અને બાઇ સાહેબ પોતે તો સાહુકાર ખરાને !" હું ઉંઘી ગઇ હોઉં, કોઇ કામમાં પરોવાઇ ગઇ હોઉં, કે વિચારમાં પડી હોઉં ત્યારે આપ સાહેબ ચુંબનો ચોરી લેતા નથી ને ? છતાં ય આપોને તમારા જેવું કોણ થાય ! અમે કાંઇ ઓછા તમારા જેવા અપ્રમાણીક છીએ ? તમારૂં ચુંબન હું ચોરી ગઇ હોઉં તો તે લઇ લો પાછું એવો ચોરીનો માલ આપણને ન ખપે.

જેસંગે તેને પાછી બાહુપાશમાં જકડી અને સંખ્યાબંધ ચુંબન લઇ લીધા.

"અ ર ર ર ર ! આટલા બધા અપ્રમાણિક માણસ ! મેં તો તમારૂં એક જ ચુંબન ચોરેલું અને તમે આટલા બધાં કાં લઇ જાવ !"

"એ તો ચોર પાસેથી મુદ્દામાલ લીધા પછી તેને દંડ પણ કરવો જોઇએ ને ? આ ચુંબનો દંડના લઉં છું."

૭ વાગવા આવ્યા હતા. રૂપાળી હવે તેના આલિંગનમાંથી મહામહેનતે છુટી, કપડા ઠીકઠાક કર્યાં.

"ઠીક, ત્યારે હું માછલીઓ લેવા જાઉં છું. કાલને ટાણે પાછો આવીશ ત્યારે હવે વીદાયનું એક ચુંબન !"

"તમને કાંઇ ધંધો નથી આખો દી ચુંબન ! ચુંબન ! ચુંબન ! તમારાથી તોબાહ !" આમ કહી રૂપાળી સટકી ગઇ, જેસંગ જાળ લઇને તળાવ તરફ જવા નીકળ્યો.

પ્રકરણ ૩૨ મું.

કારભારીની અજાયબી

આગલા દીવસની પેઠે માછીમાર ચાર માછલીઓ લઇને આવ્યો તે તેણે કારભારીને આપી. કારભારીએ તેની કીંમત ચાર ગીની આપી. જેસંગ ખુશ થતો ઘેર ગયો. "લે આ માછલીઓ ચીરીને તળવા મુક."

જમના ધ્રુજવા મંડી તેની આંખમાંથી એક આંસુ પડયું.

"કેમ વહાલી ! શા માટે રડે છે ? કારભારીએ પોતાના રૂમાલથી તેનું આંસુ લુછયું."

"માછલી રાંધવાની હીમ્મત નથી થતી. પેલી ડાકણ હજુ મારી નજર સામે તરે છે તેનો વીચાર કરતાંજ મને કંપારી વછુટે છે. માછલી તળવા મુકીશ એટલે તરતજ તે ભીંત ફાડીને નીકળવાની જમના રડી પડી.

"પણ આજ તો હું તારી પાસે બેસવાનો છું ને ? પછી શા માટે ડરે છે ?"

"તેથી તો મને વધુ બીક લાગે છે તે તમારા પર ગુસ્સે થઇને કાંઇ કામણ કરે તો મારી દે ને ?"

"મને કોઇ કામણ કરી શકે તેમ નથી. આ કામણગારી જમનાએ મારા પર કામણ કર્યું છે એટલે બસ બીજી કોઇ જાદુ-ગરણુની મકદુર નથી કે આ જમના કરતાં ય વધુ જાદુ ચલાવી શકે. કેમ કામણગારી સાચી વાત છે ને? કારભારીએ હસતાં હસતાં કહ્યું.

"તમારે રમત થાય છે, ને મારો જીવ જાય છે. મને ઘેલી કરીને ઉલટા સામેથી મારા પર કામણ કરવાનો આરોપ લાવો છો પણ તે વાત રહેવા દો. અત્યારે તોફાન મસ્તીનો સમય નથી."

"ત્યારે જે કાંઇ હુકમ હોય તે આ સેવકને ફરમાવી દો! મારા મ્હેરબાન!" કારભારી લ્હેરથી બોલ્યો.

"જુવો! તમે ઓરડા બ્હાર ઉભા રહો! હું માછલી ચીરી તેમને તળવા મુકીશ. એક બાજુએ તળાઇ રહ્યા પછી તેને બીજી બાજુએ ફેરવીને એકદમ તમારી પાસે દોડી આવીશ; અને ત્યાં ઉભા રહીને જે થાય તે જોઇશું."

"વાહ! તારે મન તું જ બહાદુરીની મુર્તિ છો, હું બ્હાર ઉભો રહું અને આપ નામદાર બહાદુરીથી રસોડામાં રહો! વાહ! યુક્તિ તો બહુ સરસ ગોતી છે હો?"

"વળી સામું બોલ્યા? તમે તો હમણાં જ કહેતા હતા ને કે "સેવકને હુકમ ફરમાવો?" તો પછી સેવકને માલિકનો હુકમ માનવો જ જોઇએ ને? માટે હું તમને કદાચ હુકમ કરૂં છું કે બ્હાર જઇને ઉભા રહો. માલિકના હુકમની અવગણના કરનાર સેવકની શી દશા થાય છે એ જાણો છો?" આમ કહીને જમનાએ કારભારીના ગાલ પર તમાચો માર્યો.

ખૂબ રકઝક અને વિનવણી પછી કારભારી બ્હાર ઉભા રહેવા કબુલ થયો. એ તો એમ જ થાય ને? દુનિયાના ઇતિહાસમાં હંમેશાં

પુરુષ ઉપર સ્ત્રીનો વિજય થતો આવ્યો છે ને? સ્ત્રીનો પુરુષ પરનો આ જબરદસ્ત કાબુ દેખવામાં ન આવે તે માટે પુરૂષ સ્ત્રીને ગુલામડી માનવાનો ડોળ કરે છે. કારભારી બ્હાર ઉભો ન રહે તો આ ઇતિહાસ ખોટો પડે.

જમનાએ ઉતાવળથી માછલીઓ ચીરી. તેમાં સંભાર ભર્યો તેને તળવા માટે પેણા ઉપર મુકી. એક બાજુ તળાઇ રહી એટલે પોતે ઉભી થઇ ગઇ. તેના હાથ ભયથી ધ્રુજતા હતા. તેણે એકદમ માછલીઓને ફેરવી અને બારણા તરફ દોટ મુકી માછલીઓ ફેરવતાં આગલા દિવસની પેઠે ભયાનક કડાકો થયો; અને ભીંત ફાડીને પેલી રૂપસુન્દરી નિકળી. જમના ધ્રુજતી ધ્રુજતી પોતાના રમણ પાસે દોડી ગઈ.

પેલી સુન્દરીએ આગલા દીવસની પેઠે જ માછલીઓને લાકડી મારીને પ્રશ્ન કર્યો. જવાબ ન મલ્યો. બીજીવાર તે પ્રશ્ન પૂછ્યો. છતાં જવાબ ન મળ્યો. હવે ક્રોધનો પાર ન રહ્યો. ત્રીજીવાર તહુકીને પ્રશ્ન પૂછ્યો. માછલીઓએ અક્ષરસઃ આગલા દીવમની પેઠેજ જવાબ આપ્યો. સુંન્દરીએ ગુસ્સાથી લાકડી મારી ને પેણાને ઉંધો વાળી દીધો. તે ભીંત પાસે ગઇ. ભીંતની વચમાં ઉભી રહી. ભીંત તરતજ સંધાઇ ગઇ.

કારભારીના આશ્ચર્યનો પાર ન્હોતો. આ કામ પુરૂં થયા પછી પાંચ મીનીટ સુધી બેમાંથી કોઇ ન બોલ્યું તેઓ સુમસામ ઉભાં રહ્યાં. જમનાએ પ્હેલાં મૌનભંગ કર્યો.

" કાં આ શું છે? તમે કાંઇ અનુમાન કરી શકો છો?"

" બહુ જ આશ્ચર્યજનક વાત છે. કાંઇ ખબર પડતી નથી. આ વાત હવે રાજાને કહ્યા વિના છૂટકો નથી, હું હમણાંજ જઇને તેને બધી વાત કરૂં છું.

કારભારી ચાલતો થયો. જમના કામકાજ કરવા વળગી. તેના હૃદયમાં હજુ જોરબંધ ધબકારા થતા હતા. તેનો શ્વાસ માતો ન્હોતો આંખો લાલ થઇ ગઇ હતી.

પ્રકરણ ૩૩ મું

ગુલાબના મુજરામાં

કારભારી મહારાજાના ખાનગી ઓરડામાં ગયો. અજય ત્યાં ન્હોતો તપાસ કરતાં માલુમ પડ્યું કે આજ તો એક પ્રખ્યાત ગુણિકા ગુલાબજાનનો દરબારમાં મુજરો છે. મહારાજા ત્યાં ગયા છે.

કારભારી ત્યાં પહોંચ્યો. દરબાર ભરાઇ ગયો હતો. ગુલાબ મુજરા માટે તૈયાર થતી હતી તબલચીઓ પોતાના કામની તૈયારી કરતા હતા.

તરત જ ગુણિકાએ પોતાના લલિત દેહને આમ તેમ નચાવતા આંખોથી કટાક્ષ કરતાં અને અજબ આકર્ષક રીતે હાથના લટકાથી નીચેનું ગીત ઉપાડ્યું. તેના સુન્દર પગમાં પણ ગાતાં ગાતાં અજબ સંગીત દેખાતું હતું.

મદઘેલી[1] રમણી મન ભાવી (૨)
ચંદ્ર, સમુ મુખ, નાજુક કાયા, દૃગ[2]થી દે લલચાવી,
ચાલ મરાલ[3] સમી ચતુરાની ઉરને દે ખટકાવી;
મદઘેલી રમણી મન ભાવી

૧મસ્ત, ૨આંખો, ૩ હંસ-રાજહંસ

કનક કળશ[૪]સમ પીન[૫]પીયોધર,[૬] અધરે[૭] સુરખી[૮] આવી,
સીહ કટી[૯] લટકે લલનાની કોમળતા દરશાવી
મદઘેલી રમણી મન ભાવી

ગુરૂતા[૧૦] છે ધારેલ નિતમ્બે[૧૧] લજ્જા નયને[૧૨] આવી,
બાહુ-લતા [૧૩] વિટળાવા પ્રેમ હૃદય પ્રકટાવી
મદઘેલી રમણી મન ભાવી

થડકે કદળી સ્થંભ[૧૪] સમી હા ! જંઘ[૧૫] અનંગ[૧૬] છુપાવી,
યોવનની ફુલવાડી બ્હેકે મદન પરાગ બહાવી
મદઘેલી રમણી મન ભાવી

આખી ય સભા સ્તબ્ધ બની ગઇ મોહક રાગ મોહક ગીત તેવોજ મન મોહક નાચ અને નાચનારીનું તેવુ જ મોહક રૂપ નાચનારી આ ગીત ગાઇને જાણે પોતાના જ રૂપનું વર્ણન કરતી હોય ને ?

નાચ ગાન પૂરાં થયા પછી દસ મીનીટ સાવ શાંતીમાં એક એકને અજબ કેફ ચડી ગયો.

થોડીવારે રાજાનું ધ્યાન કારભારી તરફ ખેંચાયું. તેણે કારભારીને ઇશારત કરી પાસે બોલાવ્યો.

" કેમ મારૂં કંઇ કામ છે ? "

---

૪ સોનાનો કળશીયો, ૫ ભરાવદાર જાડાં, ૬ સ્તન, ૭ હોઠ ૮ રતાશ, લાલાશ, ૯ સિંહ જેવી પાતળી કેડ, ૧૦ જાડાઇ અને મોટાઇ ૧૧ પુંઠ, ૧૨ આંખો, ૧૩ હાથરૂપી વેલ, ૧૪ કેળ, ૧૫ જાંઘ, ૧૬ કામદેવ ૧૭ સુગંધ.

" આપને ખાનગીમાં વાત કરવાની છે."

" બહુ જરૂરની વાત છે ?"

" હા બાપુ ! "

અજયે ગુણીકાના ખુબ વખાણ કર્યાં તેને યોગ્ય ઇનામ આપ્યું દરબારને બરખાસ્ત કરવામાં આવ્યો.

અજય ખાનગી કારભારી સાથે ખાનગી ઓરડામાં આવ્યો.

પ્રકરણ ૩૪મું.

વિચિત્ર વાત.

"કેમ ! શું કામ છે ?" અજયે ઓરડામાં આવતાં પૂછ્યું. "એક બહુજ વિચિત્ર વાત કહેવાની છે." " બહું જ વિચિત્ર વાત ?" અજયે જરા આશ્ચર્ય સાથે પુછ્યું.

" હા બાપુ, પેલી સુન્દર માછલી સંબંધે આ વાત છે. પણ આ વાત કહું તે પ્હેલાં મારે તમારી એક વાતની માફી માગવાની છે, ગઇ કાલે મેં તમને કહેલું કે માછલી વધુ ગરમીને લીધે દાઝી ગઇ. એ વાત સાવ ખોટી હતી."

" ત્યારે ખરી વાત શી છે ?"

કારભારીએ બધી વાત વિસ્તારપુર્વક સમજાવી.

આ સાવ સાચી બનેલ વાત છે કે અરેબીયન નાઇટસ કે સુડાબહોતેરીમાંની કોઇ વાર્તા છે ?"

" બાપુ ! તમારી પાસે ખોટી વાત કરવાની હિંમત કોણ કરે?"

" ત્યારે કાલ સ્હવારમાં ખુબ વ્હેલો જેસંગ માછલીઓ લાવે

એવો બંદોબસ્ત કરો. સ્હવારે સાત વાગ્યે મારી રૂબરૂમાં માછલી તળવાની છે. ”

“ જેવી આપની આજ્ઞા. ”

“ પણ જેસંગ આજ ફરીથી માછલીઓ નહિ લાવે ? ”

તે લાવે એમ લાગતું નથી. તે દિવસે તેણે ચોકખી ના પાડી દિધેલીને ? છતાં હું તેની પાસે જાઉં છું ! તેને સમજાવી જોઉં નહિં માને તો કાલ સવારે વ્હેલો લઇ આવવાનું કહીશ. ”

“ તેને સમજાવતો પડે તેમાં વાંધો નહિ, પણ તેને ધમકી ન આપતો હો ! ”

કારભારી જેસંગને ત્યાં પહોચ્યો. જેસંગે તેનું સ્નેહથી સ્વાગત કર્યું. આડી અવળી થોડી વાતો કર્યા પછી કારભારી બોલ્યો.

મહારાજા સાહેબની ખાસ ઇચ્છા છે તો આજ ફરીથી માંછલીઓ લાવ ને ?

“ મેં એક વાર આપને કહી દીધું કે મારી પ્રતિજ્ઞા છે તે પ્રતીજ્ઞા હું કોઇ કાળે નહિ તોડી શકું. ”

“ ત્યારે આવતી કાલે ખુબ વ્હેલો ઉઠીને લઇ આવીશને ? ”

“ હા ! ચોકકસ ! ”

પ્રકરણ ૩૫ મું.

લયલા મજનુન

જેસંગ આજ તો ત્રણ વાગ્યે ઉઠયો. ઘસઘસાટ ઉંઘતી રૂપાળીના આલિંગનમાંથી છુટો થઇને બેઠો થયો. રૂપાળીના મોં પર એક મૃદુ ચુંબન લીધું અને જાળ લઇને ચાલતો થયો.

છ વાગ્યે તો તે માછલી લઇને પાછો આવ્યો કારભારીને ત્યાં પહોંચ્યો. કારભારી માછલી ઉપડાવીને રસોડે આવ્યો.

જમના હજી ન્હોતી આવી. તેને બોલાવવા કારભારી તેને ઘેર ગયો. તેની ઓરડી અંદરથી બંધ હતી. કારભારીએ યુક્તિથી સાંકળ ખોલી નાખી.

જમના પથારીમાં ઘસઘસાટ ઉંઘતી હતી. તેને જોતાંજ કારભારીને કલાપીની નીચલી કવિતા યાદ આવી. કલાપીએ જમનાને જોઇને તો આ કવિતા નહિ લખી હોય ને ! કારભારીને શંકા આવી.

તે આ કવિતા ધીમે ધીમે ગણગણવા માંડયો,

સુંદર આ સેજ[1] માંહી, પુષ્પના પરાગ માંહિ,
વસન્તના જેવી પ્રીયા આજ મારી દીસે છે.
સુતેલી છે બાળા લાલ, કોમળ છે ગાત્ર[2] ઢીલાં,
ચંદ્ર જેવો શીત[3] ચહેરો શાંત હસી રહયો છે.
સ્તનો મંદ મંદ હલે શ્વાસની સુગંધી સાથ,
તલાવ તરંગ જેવું કૃષોદર[4] ઝુલે છે.
સર્પના સમુહ જેવા વાળ આમ તેમ હલે,
પવનના જેવું વસ્ત્ર ફરફર ઉડે છે.
કદલીનાં[5] વન જેવાં વસ્ત્ર નિશ્ચલ[6] ઉરૂની[7] વચ્ચે
જલ ફરફર જેવી પાટલી પડેલી છે,
લાલ ગાલ ગુલ પર ચાંદલો ખસી પડેલો
કપાળનું કુંકુમ તો ભુંસાઇ ગયેલું છે.
ઘટ[8] જલધર[9] જેવા નિતંબની[10] પાસે નાની,

---

૧ પથારી. ૨ અવયવ. ૩ થંડો. ૪ પાતળુ પેટ. ૫ કેળ. ૬ ભારે વજનની. ૭ જાંઘ ૮ જાડા. ૯ વાદળું. ૧૦ પુંઠ.

કટી[11] શ્રમ સુરતથી[12] શ્રાંત થઇ પડી છે,
ધુતીના[13] દમામવાળી[14] હસ્ત લતા[15] પ્યારી સારી,
ધડકતી છાતીની ઉપરે પડેલી છે.
પ્યારી પ્રેમવાળી પ્રાણુ પોઢેલી છે પ્રેમ ઘેલી,
ચુમ્બનને ઇચ્છતી આ આંખ એની બંધ છે.
અંગુલી અધર[16] પર ઓષ્ટ[17] જરા ઉંચો રહયો,
રંભા વ્હાલી સુતી સુતી પીયુ પીયુ જપે છે.

જમનાના પગ આંટી વળેલા હતાં. છતાં ઉપરથી છેડો ખસી ગયેલો હોવાથી "ભરાઉદાર છાતી મોહક લાગતાં હતાં સ્તન ખુબ ધડકતાં હતાં, અત્યારે તે પોતાના રમણુ સાથે સ્વપ્નામાં રતીકેલી કરતી હોય એમ લાગતું હતું. તે સીસકાર કરતી હતી મોઢા પર અપુર્વ આનંદ ઝળકતો હતો. તે પોતાની છાતીને જોરથી આલિંગન આપતી હતી. તેનો સમસ્ત દેહ આનંદથી ઉછળી રહયો હતો.

કારભારી આ દેખાવ જોતાં કામવ્હિવળ થઇ ગયો. જમનાની આંખો ખુલી ગઇ. પોતાના પ્રાણુ સખાને જોઇ તેના આનંદનો પાર ન રહયો. બંનેએ રતીકેલીનું અપૂર્ણ સુખ અનુભવ્યું

"કેમ આજ સહવારમાં ?" જમનાએ કપડાં પહેરતાં કહ્યું.

"સ્વર્ગનું સુખ મેળવવા."

"નષ્ટ ! સાચું કહો ને ? મારા સમ !"

"મેં બાપુને બધી વાત કરી છે. તેણે આજ માછલી તળતી વખતે હાજર રહેવા ઇચ્છા બતાવી છે. આ ચમત્કાર નજરોનજર જોવા તે ખુબ ઇંતેજાર છે. તેથી તને અત્યારમાં બોલાવવા આવ્યો

---

૧૧ ડ ૧૨ રતીકેલીના થાકથી ૧૩ વીજળી ૧૪ ભભરાવાળી ૧૫ હાથારૂપી વેલ ૧૬ નીચલો હોઠ ૧૭ હોઠ.

છું. હવે તારે ગભરાવા જેવું નથી હો ! અમે બે હાજર રહીશું પછી તને બ્હીક શી લાગવાની ? ”

“ મને મારે માટે બ્હીક નથી લાગતી. પણ પેલી રૂપાળી ડાકણ તમને અને રામ જેવા રાજાને કાંઇ કરી નાંખે એવી બીક લાગે છે ”

“ તારી બીક સાવ નકામી છે. તે ડાકણ અમારો વાળ પણ વાંકો નહિ કરી શકે. ”

પણ ચેતતા નર સદા સુખી એ કહેવત તમે ભૂલી જાઓ છો?”

“ ના એ નથી ભુલ્યો. અમે અમારી તરવાર તૈયાર કરી રાખીશું. અમને હેરાન કરવા આવનાર ડાકણ જરૂર તેનો સ્વાદ ચાખવાની. ”

જમનાએ કાંઇ જવાબ ન આપ્યો.

પ્રકરણ ૩૬ મું.

રૂપસુન્દરી કે કાળમુખો ?

અજય તો રોજ ચાર વાગ્યે ઉઠનારો હતો. જમનાએ રસોડામાં જઇને માંછલીઓ તૈયાર કરી. કારભારી અજયને બોલાવી આવ્યો.

કારભારીએ તો રાજાને ઓરડા બહાર ઉભા રહેવા વિનંતી કરી. પણ અજય તો આદર્શ ક્ષત્રિય હતો.

હું કાંઇ એવો બાયલો નથી કે કોઇ ડાકણથી ડરીને બહાર ઉભો રહું આ જમના સ્ત્રી હોવા છતાં અંદર રહે અમે પુરૂષ છીએ એટલે બહાર ઉભા રહેવું એમ ને ? અને જમના તું ગભરાતી હોય તો બહાર ઉભી રહે. માછલીઓ અમે હાથે તળી નાખીશું ”

“ એ શું બોલ્યા ? બાપુ ! આપ અંદર ઉભા રહો છો, તો પછી મારે ગભરાવાનું કયાં રહ્યું ? ”

માછલીઓ પેણા ઉપર તળવા મુંકી. એક બાજુ તળાઇ રહ્યા પછી તેમને બીજી બાજુ જમનાએ ફેરવી કે તરતજ અગાઉની પેઠે ભયાનક અવાજ થયો. ભીંત ફાટી પણ તેમાંથી રૂપસુંદરી બહાર ન નીકળી. એક બેડોળ બાવો તેમાંથી નીકળ્યો. તે ઘણો ઉંચો, કદાવર અને બળવાન હતો. તેના હાથમાં એક લીલી લાકડી હતી. બાવો ચુલા પાસે આવ્યો, અને ભયાનક કર્કશ અવાજથી રૂપસુંદરી-એ પૂછયો હતો તેજ પ્રશ્ન માછલીઓને લાકડી મારીને પૂછયો. જવાબ ન મલ્યો. બીજીવાર પુછયો. તો પણ જવાબ નહી ત્રીજીવાર તેજ પ્રશ્ન પૂછયો છતાંય જવાબ નહી હવે તેના ક્રોધનો પાર ન રહ્યો. ગુસ્સાથી તેનુ આખૂ શરીર ધ્રુજવા લાગ્યું ચોથીવાર તે જ સવાલ પુછયો આ વખતે માછલીઓએ રૂપસુંદરીને આપ્યો હતો તે જ જવાબ આપ્યો.

બાવાએ કડાઇ ચુલા ઉપરથી લઇ લીધી અને રસોડાની વચમાં ઉંધી વાળી દીધી. જે રસ્તે આવ્યો હતો. તેજ રસ્તે તે ગુસ્સે થઇને ચાલ્યો ગયો. ભીત પાછી સંધાઇ ગઇ.

રાજાની અજાયબીનો પાર ન રહ્યો જોયાં છતાંય ન માની શકાય એવા આ ચમત્કારીક દ્રસ્યની અસર રાજાજી ઉપર ખુબ થઇ.

પ્રીય વાંચક ! આ માછલીની વાર્તા અતરે સમાપ્ત
થાય છે. આ વાર્તાનો અધુરો રહેલો ભેદ જાણવા સારૂં

પત્થરનો પાદશાહ યાને ભોંયરાનો ભેદ.

નામની બુક તુરત ખરીદ કરો તમારી નજીકના બુકસેલરને ત્યાંથી મગાવી લાકો. પત્થરનો પાદશાહ નામની બુક અમદાવાદ સુરત વીગેરે તમામ સ્થળે જાણીતા બુકસેલરો વેચે છે.

પત્થરનો પાદશાહ

યાને

ભોંયરાનો ભેદ

પ્રકરણ ૩૭ મું.

આ તો અજબ !

આ ભેદ જાણી લીધા વિના હવે મને જરાય ચેન પડવાનું નથી. આ માછલીઓ સાધારણ માછલીઓ તો નથીજ તેમાં કાંઇ રહસ્ય છે."

"હા, બાપુ! આપનું કહેવું સાવ સાચું લાગે છે પહેલા બે દિવસ રૂપસુન્દરી આવી અને આજ બાવો આવ્યો તેનું શું કારણ હશે ?

''કાંઇ ખબર પડતી નથી અને આ બાવો આવ્યો કયે રસ્તે અને ગયો કયે રસ્તે! બહાર ચોકી કરતાં ચોકીદારોએ તો રૂપસુન્દરી કે હબસી કોઇને આવતાં જતાં જોયા નથી. આ બધો ભેદ જાણવોજ જોઇએ પણ ભેદ જાણવો કઇ રીતે!

" હું ધારું છું કે આપણે આ માછલીઓના તળાવ પર જઇએ તો કદાચ ભેદનો ઉકેલ મળી આવે ખરો."

"ત્યારે જેસંગ, આ માછલીઓ સમુદ્રમાંથી નથી લાવતો ?"

"ના, ના ! એ તો આ માછલીઓ અહીંથી ત્રણ ચાર ગાઉ દૂર આવેલા તળાવમાંથી લાવે છે."

" તળાવ ? ત્રણ ચાર ગાઉ દૂર ? હું તો આ પ્રદેશમાં ખૂબ ભટક્યું છું. મેં તો આટલામાં ક્યાંય તળાવ નથી જોયું."

" આપણે પહેલાં જેસંગને બોલાવીએ. તે આપણને બધી હકીકત પૂરી પાડશે."

" હા ભલે. ત્યારે તેને બોલાવો."

જેસંગને બોલાવવા એક માણસને મોકલ્યું. માણસ જેસંગને લઇને થોડીવારમાં પાછો આવ્યો.

" જેસંગ ! તું આ માછલીઓ ક્યાંથી લાવે છે ?"

" બાપુ ! અહીંથી પેલો લંબડીઓ ડુંગર દેખાય છેને ? તેની પાછળ એક મોટું જંગલ છે. તે જંગલમાં ચાર ટેકરીઓની વચમાં આ તળાવ છે."

" આ તો અજબ ! ડુંગર પાછળ ટેકરીઓ ક્યાં હતી ? તળાવ હોય એમ તો કોઇને ખબર નથી. હું તો ઘણી ય વાર તે તરફ શિકારે જાઉં છું. મેં તો તે તરફ તળાવ નથી જોયું."

" ત્યારે બાપુ ! આપ ફરમાવો ત્યારે આપની સાથે આવીને આપને તે તળાવ બતાવવા તૈયાર છું."

" ચાલો ! ત્યારે આપણે અત્યારે જ જઇએ. કારભારી ત્રણ ઘોડા લાવો. પ્રધાનજીને પણ બોલાવો ! અને મારા દસ અંગરક્ષકોને પણ તૈયાર થવા ફરમાવો. ખુબ ભાતું લઇ લેજો. ત્યાં એકાદ દીવસ રોકાવાનું કદાચ થાય."

પ્રકરણ ૩૮ મું.

અજય, પ્રધાન, કારભારી, જેસંગ અને દસ અંગરક્ષકો તળાવ તરફ ઉપડયા એક કલાકમો તેઓ લંબડીઆ ડુંગર ઉપર પહોંચ્યા. ડુંગરની ટોંચ ઉપર ચઢીને જોતાં ડુંગર પાછળ ભવ્ય રમણિય મેદાન નજરે પડયું. આ જોતાં જેસંગ સિવાય બધા ય ને નવાઇ લાગી. આજ સુધીમાં કોઇએ આ ભવ્ય મેદાન ન્હોતું જોયું.

પછી તેઓ ઝડપથી તળાવ પાસે આવી પહોંચ્યા જેસંગના કહેવા મુજબ તળાવની ચાર બાજુએ ચાર ટેકરીઓ હતી. તળાવ અજબ સુંન્દર હતું. અંદર ચાર રંગની માછલીઓ ગેલ કરતી રમતી હતી.

"પ્રધાનજી ! તમે આ બાજુ શિકાર કરવા તો ઘણી ય વાર આવ્યા હશો. તમે આ તળાવ જોયેલું ખરું ?"

"શિકાર કરવા તો ઘણી ય વાર આવેલો પણ આવું કાંઇ જોયેલું નહીં. ખરેખર! આ તો ચમત્કારીક છે. આ તળાવ સંબંધે મેં કોઇ પાસેથી વાતે ય સાંભળી નથી. આ તળાવ અહીં અચાનક રીતે કેમ આવી ગયું, તેની સુઝ પડતી નથી.

રાજાએ અંગરક્ષકોને પુછયું તેમણે પણ જવાબ આપ્યો કે અમે આ તળાવ સંબંધે કાંઇ સાંભળ્યું નથી.

" ત્યારે જેસંગ! તને આ તળાવ કોણે બતાવ્યું ? "

" મહારાજ ! એ જરા ખાનગી વાત છે. "

અજયે બધા તરફ સ્હેજ ઇશારો કરતાં, બધા જરા દુર થઇ ગયા. જેસંગે સમુદ્રમાંથી મળેલી પેટી, તેમાંથી નિકળેલ રાક્ષસ, તેણે

કહેલી આત્મકથા, પછી પોતાનું કરેલ ખુન, રૂપાળી પર અત્યાચાર રૂપાળીના શ્રાપથી તેનો થયેલ નાશ, તેનું દેવના સ્વરૂપમાં પાછું આવવું, પોતાને (જેસંગને) આપેલ જીવતદાન, તેણે આપેલ આશિર્વાદ, અને આ તળાવનો બતાવેલ માર્ગ એ બધી હકીકત તેણે અજયને ટુંકમાં કહી બતાવી

" આ તો અદ્દભુતની પરાકાષ્ટા. હવે તો મારે આ ભેદ શોધ્યા સિવાય છૂટકોજ નથી. "

અજય અને જેસંગ પોતાના માણસો પાસે ગયા.

" હવે ત્યારે શહેરમાં પાછા જઇશું ને ? " પ્રધાનજીએ અજયને પુછ્યું.

" ના. ના. આ ભેદ શોધવા મારી ઇચ્છા છે. "

" બાપુ ! એમ આરો કયાંથી આવવાનો ? જે થયું તેને ભુલી જવામાં જ સાર છે. આ ભેદ શોધવા જતાં કયાંક હેરાન થઇ જઇશું. "

" ક્ષત્રિય બચ્ચાને હેરાન થવાનો ભય નથી હોતો. હું પ્રતિજ્ઞા લઉં છું કે આ ભેદ શોધ્યા પહેલાં હું શહેરમાં પગ નહિ મેલું."

" અરર ! બાપુ ! એ કાંઇ ઠીક કહેવાય ? પ્રજાને કેટલું દુઃખ થશે તેનો કાંઇ વિચાર કર્યો ? " પ્રધાને રાજાને સમજાવવા પ્રયાસ કર્યો.

"મારી પ્રતિજ્ઞા હું મરણાંતે પણ નહિ છોડું. તમે શહેરમાં જાઓ અને રાજકાજ સંભાળો કોઇને આ વાત ન કહેતા. પ્રજાને જાહેર કરજો, મહારાજ હમણા માંદા હોવાથી રાજકાજમાં ભાગ નહી લઇ શકે. "

"ત્યારે મારી વીનંતી નહી સ્વીકારો ?"

"ના ! તમે હવે એકદમ શહેરમાં જાઓ."

પ્રધાન રાજાના હુકમને માન આપીને ઘોડે બેસીને શહેર તરફ ચાલ્યો.

પ્રકરણ ૩૯ મું.

અજબ પ્રકાશ

રાત પડવા આવી આસપાસ બધા જંગલમાં જંગલી પશુઓ ચીચીયારીઓ પાડવા મંડયા બધે કાળુ અંધારૂ ફેલાઇ ગયું રાજા સિવાય બધા ગભરાવા મંડયા.

"બાપુ મારૂ કહેવુ માનોને ? આ અજાણ્યા જંગલમાં આપને જીવનું જોખમ છે માટે હજુ પણ શહેર તરફ ઉપડી જઇએ તો સારૂ કારભારીએ વીનંતી કરી."

''તમને બ્હીક લાગતી હોય તો જઇ શકો છો જેને જવું હોય તે ખુશીથી જઇ શકે છે હું મારી પ્રતીજ્ઞા ગમે તે જોખમે નહી તોડું."

કારભારીને લાગ્યું કે આ સમજે તેમ નથી રાત વધવા મંડી. બધા ઉંઘી ગયા જેસંગ પણ ભેદ જાણવાની કુતુહલતાથી રાજાની સાથે રહયો હતો.

રાતે બે વાગે રાજા ઉઠયો કમરે તલવાર લટકાવી હાથમાં પીસ્તોલ લીધી અને કોઇને ખબર ના પડે તેમ જંગલમાં ચાલતો થઇ ગયો.

અકસ્માત તે વખતેજ જેસંગની આંખો ઉઘડી ગઇ. રાજાને અત્યારે બ્હાર જતો જોઇને આશ્ચર્ય થયું. તે અજયની પાછળ ધીમે ધીમે ચાલવા લાગ્યો. અજયને તેની ખબર ન પડી.

તેઓ એક કલાક ચાલ્યા હશે, તેવામાં જબરદસ્ત ફુંફવાટો સંભળાયો. રાજા ચમકયો. પાસેના ઝાડ પર ચઢી ગયો. જેસંગ બીજા ઝાડ પર ચઢી ગયો.

બે મીનીટમાં એક જબરદસ્ત મણીધર નાગ ત્યાં આવ્યો. તેના મણિને લીધે ચારે બાજુ બાર ગાઉમાં પ્રકાશ ફેલાઇ રહયો. રાજા ચઢયો હતો, તેજ ઝાડ નીચે નાગે મણી મુકયો, અને પોતે ચારો ચરવા ચાલ્યો ગયો.

રાજા અને જેસંગ ઝાડ ઉપર બેસીજ રહ્યા.

પાંચ વાગ્યે નાગ પાછો આવ્યો. મણી ઉપાડી લીધો. રાજાએ તે કયાં જાય છે, એ બરાબર જોયું. સ્હવારનો થોડો પ્રકાશ અને મણીના અજબ પ્રકાશથી બધું સાફ દેખાતું હતું. નાગ અર્ધો ગાઉ દુર આવેલી એક વાવમાં ઉતરી ગયો.

થોડી વાર પછી અજય નીચે ઉતર્યો. અને વાવ તરફ ચાલવા મંડયો. જેસંગ પણ પોતાના ઝાડ પરથી નીચે ઉતર્યો. અને અજયની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

થોડી વારમાં તેઓ વાવ પાસે આવી પહોંચ્યા.

રાજા વાવમાં ઉતરવા લાગ્યો. જેસંગે તરતજ તેનો હાથ ઝાલ્યો. રાજા ચમકયો. પાછળ જોયું. જેસંગને જોતાં તેને ખુબ આશ્ચર્ય થયું.

"બાપુ ! માફ કરો. મેં તમને એકલા જતા જોયા. તમને આફતને પ્રસંગે કાંઇક મદદ કરી શકું. એવી ઇચ્છાથી તમારી પાછળ પાછળ આવ્યો."

"ત્યારે તેં પેલા મણિધર નાગને જોયો ?"

"હા ! બાપુ !"

"ચાલ ? ત્યારે આપણે આ વાવમાં ઉતરીને જોઇએ. ત્યાં કાંઇક ભેદ હોવો જોઇએ."

"બાપુ ! પ્હેલાં મને જવા દો ને ? હું જાઇ આવું."

"ના આપણે બેય સાથે જઇએ."

"પણ જોખમનું કામ છે."

"હું કાંઇ બાયલો નથી."

બન્ને વાવમાં ઉતર્યા. પાણી સુધી પહોંચ્યા. કયાંએ બખોલ કે રાફડા જેવું દેખાયું નહીં. ત્યારે નાગ ગયો કયાં ? રાજા મુંઝવણમાં પડયો.

તેવામાં જેસંગની નજર ભીંત ઉપર ગઇ. ત્યાં મોટા અક્ષરે લખ્યું હતું. "આ વાવ પાસે કોઇએ રાત રહેવું નહિ. રહેશે તેનું મોત થશે."

જેસંગે રાજાનું તે તરફ ધ્યાન ખેંચ્યું.

"ચાલો ! આ નવી અજાયબી. નવી નવી અજાયબીઓ જોઇને હું કદાચ ગાંડો બની જઇશ. પણ આ નાગ ગયો કયાં ?"

"હું તો એમ ધારૂં છું કે નાગ પાસે મણી હોવાથી પાણીએ તેને માર્ગ કરી આપ્યો હશે અને તે આ વાવ નીચે પોતાના રહેઠાણમાં ગયેલ હશે."

" ત્યારે આપણે ગમે તે ઉપાયે તે મણી મેળવવો જોઇએ. પણ મેળવવો કેવી રીતે ? તને કાંઇ ઉપાય સુજે છે ? "

" હા, પ્હેલાં તો આપણે તળાવ ઉપર આપણા માણસો પાસે જઇએ. તેને આ વાત નહી કરીએ. હું ત્યાંથી ઘોડે બેસીને શહેરમાં જઇશ, અને-" અને બાકીની વાત જેસંગે રાજાના કાનમાં કહી. રાજા તે સાંભળી ખુશ ખુશ થઇ ગયો.

" વાહ ! બહુ સરસ યુક્તિ, આવો સરસ વિચાર મને સ્વપ્નેય ન સુઝત. "

થોડીવારમાં તેઓ તળાવ પાસે પહોંચ્યા. કારભારી અને અંગરક્ષકો અજય અને જેસંગને ગુમ થયેલા જોઇ ચિંતામાં પડયા હતા. તેમણે અજય અને જેસંગને આવતા જોયા. તેથી તેઓ ખુશ થયા.

રાજાએ એટલુંજ કહ્યું કે સ્હવારે ઉંઘ જરા વ્હેલી ઉડી જવાથી આટલામાં ફરવા ગયા હતા.

જેસંગ ઘોડે બેસી પુર ઝડપથી શહેરમાં પહોંચ્યો.

પ્રકરણ ૪૦ મું

વિરહિણી રૂપાળી

જેસંગ શહેરમાં પહોંચ્યો. શહેરના લુહારોને ભેગા કર્યા. અજયનો હુકમ બતાવ્યો અને તે હુકમ અનુસાર એક ન્હાનકડી લોઢાની પેટી તૈયાર કરવા, અને તેની ચારે બાજુએ ઉભા અણીદાર ખીલા

ઉભા જડવા કહ્યું લુહારોએ આ કામ એક કલાકમાં કરી આપવાનું વચન આપ્યું.

જેસંગ ત્યાંથી તરત ઘેર આવી પહોંચ્યો. રૂપાળી તેની રાહ જોઇને બેઠી હતી. તેની આંખો આખી રાતની ચિંતાથી લાલઘુમ થઇ ગઇ હતી. મોઢું સાવ ફિક્કું પડી ગયું હતું. જેસંગે તેને બાહુપાશમાં જકડી લીધી અને અસંખ્ય ચુમ્બનોથી મોઢા ઉપરની ફિકાશ અને ચિંતા ધોઇ નાખી રૂપાળીનું વદન હવે આનંદથી લાલચોળ બની ગયું.

અત્યારે આ આનંદથી રૂપાળીનું સૌન્દર્ય અજબ ઝળકી ઉઠ્યું. જેસંગ તો કવિ બની ગયો અને રૂપાળીના સૌન્દર્યનું વર્ણન કવિતામાં ગાવા લાગ્યો.

મનહર છંદ

સુરજ ને ચાંદે આજ આભમાંથી ઉતરીને.
યૌવનવાળીની આંખ ખાસ અજવાળી છે;
ભાલ[1]ની વિશાળતાએ વ્યોમ[2]ને વટાવી દઇ,
ચાંદલાએ ચાંદનીને ફુલાવી ફેલાવી છે.
કેશના કલાપે[3] સાપ શેષને સ્મરાવીને,
અંબરે સાગર શરમાવવાની તૈયારી છે.
હાસને વિલાસ તે શું દંવંશ[4] કર ધારતાની
કર હળવે દઇને હુલાવી કટારી છે.
સુખમાં મધુર અમી[5] ભરપુર ભર્યું તેની,
શાખ[6] પુરવાને ગાલે લાલી[7] પથરાઇ છે.

---

૧ કપાળ, ૨ આકાશ, ૩ અંબોડો, ૪ ભંગ. ૫ અમૃત, ૬ સાક્ષિ, ૭ રતાશ.

નાક તણા વાંકે કાંક પોપટ લજાવ્યા તેથી,
બિંબને બતાવીને મનાવવા સજાઇ છે.
કુચની[૮] કઠોરતાને કાઢવાનો ક્રોધ કરી,
કુમળી છતાં ય આજ છાતી ઉભરાઇ છે.
કટી તણી કૃષતાની[૯] દયા ખાઇ—,
જાંઘની જાડાઇ જગદીશથી દેવાઇ છે.
હંસ તણો વંશ બધો ચાલ શીખી ચતુરાની,
ફોકટ બડાઇ કરી માન ખોટી જાય છે"

રૂપાળી આલિંગનમાંથી છુટી થઇ ગઇ. જરા ક્રોધ બતાવ્યો, અને જેસંગને કવિતા આગળ ગાતાં અટકાવ્યો.

"તમે મારા ગુન્હેગાર છો. કાલ આખી રાત ગયા'તા કયાં? અમે તમારી ચિંતા કરી કરીને મરીએ અને તમે ફાવે ત્યાં રખડો. અને અત્યારે આવતા વેંત કવિતાઓ ગાઇને ફોસલાવવા મંડયા છો. શરમ નથી આવતી?"

જેસંગ જરા લ્હેરમાં હતો. તે હસતાં હસતાં બોલ્યો, "આટલો બધો ક્રોધ? ગુન્હેગારની જે કાંઇ સજા કરવી હોય તે કરી લે. તારી ઇચ્છા હોય તો—

બેડી જડી ચરણની,[૧] ભુજ[૨] બંધ[૩] ભીડી,
દંતે[૪] વીંધી વીંધી, કુચાગ્રથી[૫] પીડી પીડી;
દંડી[૬]ય ચંડી[૭]! સુખી થા; નથી આ ખમાતાં,
કંદર્પ[૮] પારધી તણાં અતિ તીર તાતાં[૯]

---

૮ સ્તન, ૯ પાતળી.

૧ પગ, ૨ હાથ, ૩ બંધન, ૪ દંતે=દાંતથી, ૫ સ્તનનો આગલો ભાગ, ૬ સજા કરીને. ૭ ગુસ્સે થયેલા સ્ત્રી, ૮ કામદેવ, ૯ આકરાં.

" ખરેખર પુરૂષ આટલા બધા નિર્દય હોતા હશે ? આવી વાતમાં ય તમને મશ્કરી સુઝે છે." રૂપાળી રડી પડી.

" ગાંડી રે! ગાંડી! એ તો રાજાનુ કામ હોય ત્યાં મોડું ય થાય. તેમા આટલી ચિંતા શા માટે કરીએ? કાલ આખી રાત રાજા સાથે પેલા તળાવ ઉપર કાઢી. પેલી જાદુઇ માછલીનો ભેદ શોધી કાઢવાની તેમણે પ્રતિજ્ઞા લીધી છે." આમ કહીને તેણે બધી વાત સવિસ્તર કહી સમજાવી,

" ત્યારે તમે પાછા જાવ છો?" રૂપાળીએ નિરાશાથી પુછ્યું.

" હા. છૂટકો નથી."

" પાછા ક્યારે આવશો ?"

" કાંઈ નકકી ન કહેવાય. હું રાજાની સાથે છું. જરા ય ચિંતા ન કરતી. મારા સમ." આમ કહી જેસંગ રૂપાળીથી છુટો પડયો. બન્નેની આંખમાંથી આંસુ નું એક ટીપુ ખર્યું.

જેસંગના ગયા પછી. રૂપાળી ખુબ રડી પડી. પછી આંખમાં આંસુ સાથે પ્રભુને પ્રાર્થના કરી " હે ? ભગવાન ? એમને હેમખેમ રાખજે. મારી આંખના એ રત્નને; મારા દેહના એ પ્રાણને સંભાળજે.

ત્યાં તો બાળકો આવી પહોંચ્યા. રૂપાળીએ આંસુ એકદમ લુછી નાંખ્યા, અને કૃતિમ હાસ્ય હસી.

" બા! મારા બાપુ આવ્યા'તાને ?"

" હા. પણ રાજાજીનું કામ હોવાથી પાછા ગયા." રૂપાળીની આંખમાંથી આંસુનું ટીપું પડયું. બાળકોના મોંઢા પણ દયામણાં થઇ ગયા.

પ્રકરણ ૪૧.

મણી માટે મ્હેનત.

"કેમ જેસંગ! કામ ફતેહ ને?" રાજાએ જેસંગને આવતાં જોતાં સામે જઇને પૂછ્યું.

"હા. બાપુ! જુઓ ને!" જેસંગ ચારે બાજુએ લોઢાના અણીદાર ઉભા ખીલા જડેલ પેટી બતાવી.

અજય તે જોઇ ખુશ થયો.

× × × ×

"કારભારી! તમે બધા હવે શહેરમાં જાવ! તમારૂં કોઇનું હવે કાંઇ કામ નથી. હું અને જેસંગ જરા કામ હોવાથી બહાર જઇએ છીએ." અજયે સાંજે પાંચ વાગ્યે. કારભારીને કહ્યું.

"પણ બાપુ! હું સાથે આવું તો? મને તમારી ખુબ ચિંતા રહે છે."

"ના એવી ખોટી ચિંતા ન રાખીએ. ઠીક! અમે જઇએ છીએ. તમે શહેરમાં ચાલ્યા જાવ."

જેસંગ અને અજય પેલી ન્હાનકડી પેટી લઇને ઘોડા ઉપર બેસી જંગલ તરફ ઉપડયા. કારભારી અને અંગરક્ષકો શહેર તરફ જવા રવાના થયા.

જેસંગ અને અજય થોડી વારમાં પેલા ઝાડ પાસે આવી પહોંચ્યા દિવસ આથમ્યો. બન્નેએ ઘોડાઓને જરા દુર ઝાડ સાથે બાંધ્યા. નાગ જે ઝાડ નીચે મણી રાખતો હતો. તે ઝાડ ઉપર અજય

ચઢ્યો; જેસંગે તે ઝાડ પર પોતાને ચઢવા દેવા ખૂબ વિનંતિ કરી, પણ તે નકામી ગઇ અજય પોતાની ખાતર કોઇનો જીવ જોખમમાં નાખવાની ખાસ વિરૂદ્ધ હતો. જેટલું બની શકે તેટલું કામ પોતાને હાથે કરવાની તે ખૂબ ચીવટ રાખતો. તેથી જેસંગની વિનંતિને અવગણીને જે ઝાડ નીચે નાગ મણી રાખતો, તેની ઉપર અજય ચઢ્યો.

"જેસંગ! તું પાસેના ઝાડ પર ચઢ. એક ઝાડ ઉપર આપણે બેયને રહેવું ઉચિત નથી. કદાચ તેથી ખુબ ખખડાટ થાય અને નાગ હેરાન કરે. અને પેટી મને આપ."

"બાપુ! પેટી ભલેને મારી પાસે રહી. હું તે કામ સરસ રીતે બજાવી શકીશ."

"પણ તારા કરતાં મને મારા પોતામાં વધારે વિશ્વાસ છે. લાવ પેટી! મોડું થાય છે." અજયે હુકમ કર્યો જેસંગને નિરૂપાયે પેટી આપી દેવી પડી.

બન્ને જુદા ઝાડ પર બેસી ગયા.

આજે નાગ કાલ કરતાં ખુબ વ્હેલો નિકળ્યો. લગભગ દસ વાગ્યે વાવમાં સ્હેજસ્હાજ અવાજ થતો સંભળાયો. નાગનો ફુંફાટો કાને આવ્યો અજય સાવચેત થયો.

પ્રકરણ ૪૨

નાગનો નાશ

ત્યાં તો વાવ ઉપરથી પ્રકાશ આવવા લાગ્યો. ચારે બાજુ અજવાળું ઝોકાર થઇ ગયું. નાગ મણી સાથે ધીમે ધીમે ચાલ્યો આવતો હતો.

નાગ પાસે આવતો ગયો. જેસંગનું હૃદય ધબકારા કરવા લાગ્યું. અજય પણ સાવ નિર્ભય તો ન્હોતો જ.

નાગની લંબાઇ અને પહોળાઇ અદભૂત હતી. નાગ આવા કદાવર હોતા હશે, એવો અજયને સ્વપ્ને ય ખ્યાલ ન્હોતો.

અજયના ઝાડ નીચે નાગ આવ્યો એક ક્ષણ ચારે બાજુ તેણે નજર ફેરવી. ઝાડ ઉપર પણ નજર કરી. અજયનું લોહી ફરતુ બંધ થઇ ગયું.

સદ્ભાગ્યે જે ડાળી પર અજય બેઠો હતો, તેના પર ઘણાં પાંદડાં હતાં, અજય તેમાં ઢંકાઇ ગયો હતો નાગની ચપળ આંખો અજયને ન જોઇ શકી

નાગે ફુંક મારી નીચેની જમીન સાફ કરી ત્યાં મણી મુકી દીધો. પછી ચારે બાજુએ નજર ફેરવી, અને ત્વરાથી જંગલમાં ચારો ચરવા ચાલતો થયો.

અજયને હવે જીવમાં જીવ આવ્યો. નાગે અજયને જોયો હોત તો તેનાં સોએ સો વરસ પુરાં થઇ ગયાં હોત. કોઇપણ મર્દની તાકાત ન્હોતી કે આ રાક્ષસી નાગના પંજામાંથી છટકી શકે.

અજયે પ્રભુનો આભાર માન્યો. જંગલમાં ચાલ્યા જતાં નાગ તરફ દ્રષ્ટી રાખી. મણીના અજવાળાને લીધે, તે ખુબ દુર હોવા છતાં દેખી શકાતો હતો.

છેવટે દેખાતો બંધ થયો, અજય ધીમેથી નીચે ઉતર્યો લોઢાની પેટી ઉઘાડી. તેમાં મણી નાખ્યો. પેટીનું ઢાંકણું બંધ કરી દીધું. પેટી મણી પડેલો હતો તે જ જગાએ રાખીને ત્વરાથી ઉપર ચડી આવ્યો.

મણી ઢંકાઇ જવાથી બધો પ્રકાશ ચાલ્યો ગયો, કાળો ઘોર અંધકાર ફેલાઇ ગયો ચોમાસાની રાત હતી. તમરાંઓના વિચિત્ર અવાજ રાત્રિની ભયાનકતામાં વધારો કરતાં હતાં. આવો કાળો અંધકાર ગમે તેવા છાતીવાળાને પણ થથરાવી મુકવા સમર્થ હતો.

ઓચીંતો અંધકાર ફેલાઇ જતાં નાગને આશ્ચર્ય થયું. " શું થયું ? " તેને વિચાર આવ્યો, " કયા કમનસિબ પ્રાણીએ મારો મણી લેવાની દુષ્ટતા કરી છે ? " તેણે પોતાને પ્રશ્ન કર્યો. " આજ વરસો થયાં હું નિર્વિઘ્ને ચારો કરવા આવું છું. આજ મને આ કાર્યમાં વિઘ્ન કરનાર કયું દુષ્ટ પ્રાણી છે ? આવા મૂઢ પ્રાણીનો નાશ થવો જોઇએ " તેણે નિશ્ચય કર્યો.

તેના ક્રોધનો પાર ન રહયો. તેની આંખમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. તેણે જોરથી ફુંફાટો માર્યો, ફુંફાડો આખાય જંગલમાં ફરી વળ્યો. તેણે ક્રોધમાં ફેણ જોરથી જમીન ઉપર પછાંડી. આખા જંગલમાં તેનો પડઘો ફરી વળ્યો.

નાગ એકદમ જે રસ્તે આવ્યો હતો, તે રસ્તે પાછો ફર્યો. ઠેકઠેકાણે તે ક્રોધથી ફેણો પછાડતો હતો.

અજય આ અવાજ સાંભળતો હતો. તેને ભય લાગવા માંડયો. તેને લાગ્યું કે આ કામ ખોટું કર્યું પણ તેણે મન વાળ્યું. ક્ષત્રી બચ્ચો મર્દાઇના કામ માટે પસ્તાતો નથી. જીવન અને મરણ તેને રમત વાત છે. તે જીવી જાણે છે, અને મરી જાણે છે. અજયના દેહની નસેનસમાં આ મર્દાનગીવાળું લોહી ઉછળતું હતું તેણે તિરસ્કાર પૂર્વક ભયના બધા વિચારોને ફેંકી દીધા. તેની આંખોમાં મર્દાનગી પ્રકટી, તેનું શરીર જરા અક્કડ થયું. ગમે તે ભોગે નાગનો પરાજય કરવા તેણે નિશ્ચય કર્યો. મોત ! તેની તેને રજ માત્ર પરવા ન્હોતી.

નાગ હવે નજીક આવ્યો. અજય તેને ન્હોતો દેખી શકતો. પણ તે પાસે આવે છે એમ તેના ચાલવાથી થતા અવાજ અને ફુંફાડાથી માલુંમ પડતું હતું.

નાગ હવે તો સાવ નજીક આવ્યો. અજય તેની ચકચકિત લાલ આંખો જોઇ શકયો.

આવા ભયાનક અંધારામાં પણ નાગની તિક્ષણ આંખો બધું જોઇ શકતી હતી. તે આસપાસ નજર ફેરવ્યે જતો હતો.

તે ઝાડની નીચે આવ્યો. તેણે મણીની જગ્યાએ પેટીને જોઇ નાગે તેને કોઇ પ્રાણી માન્યું. તેનો ક્રોધ છેલ્લી ટોચે પહોંચ્યો,

અજબ શકિતથી તેણે પેટી ઉપર ફેંણો મારવા માંડી તિક્ષ્ણ ખીલાઓ ફેંણને વીંધી નાખવા લાગ્યા નાગને તો લાગ્યું કે આ પ્રાણી મને નહોર મારે છે.

તેનો ગુસ્સો વધતોજ ચાલ્યો. અજબ વેદના થતી હોવાછતાં તેણે ફેણ જોરથી માર્યાજ કરી. ફેંણ સાવ વીંધાઇને ખોખું થઇ ગઇ.

હવે નાગમાં શકિત ન રહી. તેણે છેલ્લી વાર ફેણ મારી લીધી પોતે લગભગ મરણાવસ્થામાં બેભાન થઇ પડયો, અને છેલ્લો શ્વાસ લીધો.

પ્રકરણ ૪૩

વાવમાં

અજય આ છેલ્લો શ્વાસ સાંભળી શકયો. તેને ખાત્રી થઇ કે નાગના રામ રમી ગયા છે. પાંચ મીનીટ તેણે રાહ જોઇ. નાગ જરાય સળવળ્યો નહિ.

તે તરતજ નીચે ઉતર્યો. જેસંગ પણ નીચે ઉતર્યો. બન્નેએ તલવારથી નાગના કેટલાય ટુકડા કરી નાખ્યા.

"જેસંગ! હવે શું કરશું? આ કામ તો ફતેહ થઇ ગયું હું તો ઇચ્છું છું, કે અત્યારેજ આ મણીની મદદથી વાવમાં ઉતરીએ" અજયે પુછયું.

બાપુ! મારું માનતા હો તો રાત અહીં ઝાડ ઉપરજ પસાર કરીએ. સ્હવારે આપણે વાવમાં ઉતરીશું. રાત્રે ભય જેવું છે."

અજયને આ સલાહ યોગ્ય લાગી. બન્ને તે ઝાડ ઉપર પેટી લઇને ચડી ગયા. અને વાતોના ગપાટા મારવામાં રાત પસાર કરી.

અજય નવા વિચારનો જુવાનીઓ હતો. એક માછીમાર સાથે વાતો કરવામાં તે હિણપદ નહોતો માનતો. દુનિયાના સાહિત્યનો તેણે અભ્યાસ કર્યો હતો, બધે ય ભાતૃભાવ ફેલાવવાના તેના કોડ હતા. હલકામાં હલકી કોટીના માણસ સાથે તે સાવ સંકોચ વિના આનંદથી વાતો કરી શકતો.

અત્યારે તેની ઉમર ત્રીસ વરસની હતી. દસ વરસથી રાજ કારભાર તેના હાથમાં આવ્યો હતો પિતાએ તેને પરણાવવા માટે ખુબ મહેનત કરેલી પરંતુ આ ભાઇ સાહેબે સાફ ના સુણાવેલી.

તે સૌંદર્ય પાછળ દિવાનો ન હતો સ્ત્રીઓના મોહક અવયવો તેને ન્હોતા આકર્શી શકતા તે તો પવિત્ર પ્રેમ પાછળ ગાંડો હતો તે પોતાને સમજી શકે એવા આત્માની શોધમાં હતો. દેહની સુંદરતાની તેને રજમાત્ર પણ પરવા ન્હોતી. આત્માની સુંદરતા માટે તે મરી ફીટતો હતો.

બધાએ પરણીજ જવું જોઇએ એમ તે ન્હોતો માનતો લાકડે માંકડું વળગાડવા કરતાં કુંવારી જીંદગી તે હજારવાર પસંદ

કરતો. તેના સ્વપ્નાંઓની દેવી તેને મળે તો ઠીક છે, નહિ તો કુંવારાજ પવિત્ર જીવન ગાળવું એવા તેના કોડ હતા.

સ્હવાર પડયું બન્ને વાવ તરફ વાતો કરતાં ચાલતા થયા બન્નેના હાથ અને મોં ઉપર હજુ નાગના લોહીના છાંટા હતા હાથ મોં ધોઇને વાવમાં ઉતરવાનો તેમણે નિશ્ચય કર્યો.

બન્ને વાવમાં ઉતર્યા પણ તેઓ પાણીને ન્હોતા અડી શકતા પાણી પાસે જાય કે તરતજ પાણી દુર ખસી જઇ માર્ગ કરી આપતું હતું.

આનું કારણ અજય એકદમ સમજી ગયો સાથેના મણીનો તે પ્રતાપ હતો. મણી જેસંગના હાથમાં આપીને તેણે હાથ અને મોં ધોયાં. પોતે મણી લઇ લીધો અને જેસંગે હાથ મોં ધોઇ નાખ્યા.

બન્ને હવે વાવના પગથીયાં ઉતરવા લાગ્યા પાણી માર્ગ કરી આપતું હોવાથી ઉતરવામાં જરાય મુશ્કેલી ન્હોતી.

આમ એક કલાક સુધી તેઓએ ચાલ્યા કર્યું તેઓ સાવ નચે આવ્યા ચારે બાજુએ ભીંત હતી મણીનો પ્રકાશ ન હોત તો અત્યારે ધોળે દીવસે પણ કાંઇ ન દેખી શકત.

પ્રકરણ ૪૪ મું.

સોનાનો મહેલ

તેમણે ભીંત ખુબ બરાબર તપાસી. કયાં ય દરવાજા જેવું ન લાગ્યું. છતાં તેમણે ભીંત ઉપર ચારે બાજુએ હાથ ફેરવ્યા કર્યો.

અચાનક ભીંતમાં ખોસેલો એક ન્હાનો ખીલો જેસંગના હાથમાં આવ્યો. જસંગે તે જરા દબાવ્યો.

તરત જ એક ધીમો અવાજ આવ્યો, અને જમીન પરની એક શીલા ઉઘડી ગઇ.

જેસંગે અને અજયે આ બકોરામાંથી નીચે જોવા પ્રયાસ કર્યો ત્યાં પગથીયાં દેખાયાં. બન્ને ' યા હોમ ' કરીને અંદર ઉતર્યા.

આમ એક કલાક ચાલ્યા અગાઉની મુજબ પાછો છેડો આવી ગયો અહીં પણ ચાંપ હોવી જોઇએ એમ ધારી અજય અને જેસંગ ભીત ઉપર હાથ ફેરવવા લાગ્યા.

પણ મ્હેનત નીષ્ફળ નીવડી. ચાંપનો પત્તો ન લાગ્યો છેવટે કંટાળીને પાછા જવાનો વિચાર કરતા હતા, તેવામાં અજયના પગ નીચે અકસ્માત એક ન્હનો પત્થર દબાયો. તરત જ ભડાક દઇને સામેની ભીતનું બારણું ઉઘડી ગયું બન્ને તેમાં દાખલ થયા.

તે ન્હાનકડી ગલી હતી. તેમાં થોડીવાર ચાલ્યા એટલે બ્હારથી પ્રકાશ આવવા લાગ્યો ગલીનો છેડો આવ્યો, અને સામે નાનકડા મેદાનમાં એક ન્હાનો મ્હેલ દેખાયો.

તેઓ મ્હેલ પાસે ગયા. મ્હેલ આખોય સોનાનો બનાવેલો હતો. તેની અજબ કારીગરી જોઇને અજય છક થઇ ગયો. સદ્-ભાગ્યે મ્હેલના દરવાજા સાવ ખુલ્લા હતા. ત્યાં એક પણ ચોકીદાર ન્હોતો દેખાતો.

તેઓ મ્હેલમાં દાખલ થયા બધુંય નિસ્તબ્ધ હતું, કયાં ય અવાજનું નામ ન્હોતું અજય અને જેસંગ કાંઇ બોલ્યા વિના ચુપ-ચુપ ફરવા લાગ્યા.

નીચે ત્રણ ઓરડા હતા તેમાં તેઓ ફરી આવ્યા ઓરડાના વૈભવની વાત ન થઇ શકે એક ઓરડા જેટલો વૈભવ આખી સૃષ્ટીના સમ્રાટ પાસે પણ નહી હોય.

એક ઓરડામાં પુસ્તકનો ભંડાર ગોઠવેલો હતો તેનાં કમાડ હીરા માણેક રત્ન જડીત સોનાના હતા. ત્રીજો ઓરડો સ્નાનગૃહનો હતો. સ્નાનગૃહમાં અસંખ્ય જાતના તેલ અત્તર અને સાબુઓનો ભંડાર હતો સુગંધીનો પાર ન્હોતો.

હવે તેમણે ઉપર જવા નિશ્ચય કર્યો. ખૂબ મહેનત પછી તેમને દાદર મળ્યો. થોડી વારમાં તેઓ ઉપર પહોંચ્યા.

તેઓ જેમ જેમ ઉપર આવતા ગયા તેમ તેમ એક અજબ જાતની મીઠી સુગંધ આવવા લાગી. આવી મીઠી સુગંધ અજયે પોતાના બાદશાહી જીવનમાં ન્હોતી સુંધી.

ઉપર એક વિશાળ ઓરડો હતો. તે શયનગૃહ હોય એમ લાગ્યું ઓરડામાં પ્રવેશ કરતાં તો સુગંધનો પાર ન રહ્યો.

"આ કઇ જાતનું ફુલ હશે ?" અજયને આશ્ચર્ય થયું.

આ શયનગૃહનો શણગાર તો ઓર હતો. બે પલંગ પાથરેલા હતા. ચારે બાજુએ બહુજ કલાયુક્ત ચિત્રો કલાયુક્ત રીતે ટાંગેલાં હતાં તેના શોભાનાં વખાણ કરવાં કોઇ કવિની કલમ જોઇએ.

સામેના પલંગ પર અજયની નજર ગઇ. બધી સુગંધ ત્યાંથી આવતી હતી.

એક સુંદરી ત્યાં ધસધસાટ ઉંઘતી હતી. તેના શ્વાસની આ સુગંધ આવતી હતી.

સ્ત્રીની સુંદરતા અજબ હતી. કોકશાસ્ત્રમાં પદમીની[1] કહેવાય તે જાતની આ સ્ત્રી હતી.

---

१ भवति कमलनेत्रा नासिका शुकरंध्रा अविरल कुच युग्मा दीर्घकेशा कृशांगी। मृदुचरण सुशिला गीत नृत्या नुरक्ता। सफल तनु सुवेषा पद्मिनी पद्मगंधा ॥

ભાવાર્થઃ–જે સ્ત્રીનાં નેત્રો કમલ સમાન હોય, જેનાં નાકનાં

તેની ઉંમર અઢાર વરસથી વધારે ન્હોતી. સુન્દરતા કરતાં ય તેના મોઢા પરની પવિત્રતા વધારે આકર્ષક હતી. તેનું મુખ સ્વર્ગની પવિત્ર દેવીનો ખ્યાલ આપતું હતું. ગમે તેવો કામી અને લફંગો માણસ તેને દેખતાં જ પવિત્ર બની જાય, એવો તેનો દેખાવ હતો.

અજય તેને વધુ જોવા માટે તેના પલંગ પાસે ગયો, પણ તે જ ક્ષણે પાછો ફર્યો.

"પરસ્ત્રીને આવી સ્થિતિમાં જોવી એ ભીષણ પાપ છે. મને તેને જોવાની ઇચ્છા થઇ એ જ મારા પતનની નિશાની છે." તેણે મનમાં કહ્યું.

તેણે જેસંગને ઇસારો કર્યો. બન્ને ઓરડામાંથી બહાર નીકળી આવ્યા.

બ્હાર આવી ત્યાં પડેલી બે ખુરશી ઉપર તેઓ બેઠા. આ બધું શું છે, તે જાણવા માટે પેલી પવિત્ર સ્ત્રી સાથે વાત કરવી જોઇએ એમ અજયને લાગ્યું. આ બધું ય અદભુત છે, અને બધી અદભુત વાતોનો ભેદ તે બ્હેન પાસેથી મળી શકશે, એવી અજયની ધારણા હતી. તેથી તે બ્હેન ઉઠીને બ્હાર આવે ત્યાં સુધી તેની રાહ જોઇને ત્યાં બેસી રહેવાનો અજયે નિશ્ચય કર્યો.

અરધો કલાક સાવ શાંતિથી પસાર થયો. અંદર જરા અવાજ થવા લાગ્યો. કદાચ તે સુન્દરી ઉઠી હશે.

છીદ્રો સાંકડાં હોય, જેનાં સ્તનો ઉન્નત અને પુષ્ટ હોય, જેનો કેશ કલાપ જાડો અને લાંબો હોય, જેની ચાલ મૃદુ અને ધીમી હોય જેને ગીત અને નાચ આવડતાં હોય, જેની આખી ય કાયા સુંદર, સફેદ અને મનોહર હોય, જેના શરીરમાંથી પદ્મીની સુગંધ આવતી હોય તેને પદ્મીની સમજવી.

અને હતું પણ તેમજ. સુન્દરી તરત જ બ્હાર નીકળી. અજય અને જેસંગને જોઇને ચમકી. મોઢા પરથી લોહી ઉડી ગયું સાવ ફીક્કી પડી ગઇ.

"તમે કોણ છો ?" તે પવિત્ર સુન્દરીએ ચીસ પાડી.

"બ્હેન ગભરાવ મા ! અમે તમારો વાળ પણ વાંકો નહિ કરીએ." અજયે આશ્વાસન આપ્યું.

"પણ તમારે જીવ બચાવવો હોય તો કૃપા કરીને નાસી જાવ. તમે અહીં કેવી રીતે આવી શકયા, એ હું નથી સમજી શકતી. આ ઘરનો માલેક હમણાં જ અહીં આવી પહોંચશે. અને તમને ચોકકસ મારી નાખશે." સુન્દરીનો ડર ચાલ્યો ગયો. તે અજયની સામે પડેલ ખુરશી ઉપર બેઠી.

"તમે ગભરાવ મા ! હું ક્ષત્રિય છું. જીવ બચાવવા ખાતર નાસવાને બદલે, મોતને હું વધુ વ્હાલથી ભેટી શકું છું. પણ આ ઘરનો માલેક કોણ છે તે કહેશો ? અને અહીં તમારા સિવાય કોઇ માણસ કેમ નથી દેખાતું, એ જણાવશો ?"

"મને આપની નિડરતા માટે માન ઉપજે. પણ કોઇ જાતના લાભ વિના જીવના સોદા શા માટે કરવા ? અને આ ઘરનો માલેક અસાધારણ શકિતવાળો છે. તે મનુષ્ય નથી. પણ તમે અહિં આવ્યા કેવી રીતે ?"

"મણીની મદદથી." અજયે જવાબ આપ્યો.

"મણીની મદદથી ?" સુન્દરી ચમકી. "તમારી પાસે મણી કયાંથી આવ્યો ?" ત્યારે તમે મને નહિ બચાવી શકો ? મણી ચોરી લઇને નાસવા માટે મેં કેટલા પ્રયાસ કરેલા ? પણ તમારા હાથમાં તે કયાંથી આવ્યો ?" સુંદરી ઉશ્કેરાઇ ગઇ હતી.

" જરા ધીરજ ધરે. અમે વાવમાંથી નાગને મણી સાથે નીકળતો જોયો. તેને અમે મારી નાંખ્યો, અને મણીની મદદથી અમે અહિં આવ્યા. હવે તમે તમારી અને આ ઘરના માલેકની વાત કહેશો ?"

" પ્રભુ તમારૂં કલ્યાણ કરો ! " સુન્દરીની આંખમાં હર્ષનાં આંસુ ઉભરાઇ આવ્યાં. તે અજયને પગે પડી. અને તે પગને બે હાથે ઝાલીને ચુમવા લાગી. આંખમાંથી આંસુની ધારૂ વરસતી હતી.

અજયે પોતાનો પગ ધીમે ધીમે છોડાવ્યો. સ્વર્ગની દેવી જેવી પવિત્ર સ્ત્રી પોતા જેવા પામર માણુસના પગ ચુમે એ જોઇ અજયને ખૂબ શરમ થઇ.

પણ તે ખૂબ હર્ષમાં બેભાન થઇ ગઇ હતી. જેસંગ દોડીને શયનગૃહમાંથી ગુલાબજળનો એક શીશો લાવ્યો, અને બેશુદ્ધ સુન્દરીના મોઢા ઉપર તેમાંથી થેડું ગુલાબજળ છાંટયું.

પ્રકરણ ૪૫ મું

ઉષાની આત્મકથા

થોડીવારે સુંદરી ભાનમાં આવી. ચારે બાજુએ દ્રષ્ટી ફેરવી. બધુ યાદ આવ્યું અજયને પંખો નાખતા જોઇને શરમાઇ. એકદમ ઉભી થઇ, અને ખુરશી ઉપર બેસી ગઇ.

" અવીવેક માટે ક્ષમા આપજો. ખુબ આનંદ થવાથી હું બેભાન થઇ ગએલ. આપે લીધેલ મ્હેનત માટે હું આપની ઋણી છું."

" તમને કાંઇ વાંધો ન હોય તો તમારી કથની કહો. "

" ભલે મને કોઇ જાતનો વાંધો નથી. રત્નપુરના મહારાજની હું એકની એક પુત્રી. મારૂં નામ ઉષા. બાબાપે મને ખુબ લાડથી ઉછેરી, મને ખુબ કેળવણી આપી. દુનીયાની ઘણી ખરી ભાષા જાણી શકું. તે માટે જુદા જુદા વિદ્વાન શિક્ષકો રોકીને મને ઘણી ખરી ભાષાનું જ્ઞાન અપાવ્યું.

મારી પંદર વરસની ઉંમર થતાં મારી કીર્તી બધે ફેલાઇ દેશ દેશના રાજાઓએ મારે માટે માગાં મોકલ્યાં. મારા બાપે બધાને ના સુણાવી. "

તે તો સુધરેલા વિચારના હતા. હું જેને પસંદ કરૂં તેની સાથે મારાં લગ્ન કરવાની ઉમેદ હતી.

એક દીવસે મારી એક સહીયરે વિલાસપુરના યુવાન રાજા અજયસીંહની છબી બતાવી. તેનાં તેણે ખુબ વખાણ કર્યાં તેની બહાદુરી, તેની સત્યનીષ્ઠા તેની નીડરતા, તેનુ ચારીત્ર્ય અને તેના જ્ઞાનની વાતો સાંભળીને હું મુગ્ધ બની ગઇ. છબી તેની પંદર વર્ષની ઉંમરે લેવાયેલ હતી તે છબી જોઇને હું ચકીત થઇ, આવો પાણીદાર યુવાન મેં મારી જીંદગીમાં ન્હોતો જોયો.

પરણું તો તેને જ પરણું એમ મને લાગી આવ્યું. મારી માતા મારફત અજય તરફનો મારો પ્રેમ મેં પિતાશ્રીને જણાવ્યો. મારા પિતાએ તેમાં સંમતિ આપી. અને ગોર ને નાળીએર આપી અજયસિંહને ત્યાં મોકલ્યો.

પણ ગોર તો નિષ્ફળ થઇને પાછો આવ્યો અજયે દીલગીરી સાથે ના સુણાવી. "મારો હમણાં લગ્ન કરવા વિચાર જ નથી. માટે માફ કરશો. એમ કહાવ્યું."

આટલું બોલી ઉષાએ અજય સામે બરાબર જોયું. અજય શરમાઇ ગયો. એક મીનીટ સુધી તે અજય સામે જોઇ રહી. તરતજ તે ચમકી તેનાથી ચીસ પડાઇ ગઇ. "તમે પોતે અજય તો નહિ ને ?"

પ્રકરણ ૪૬ મું.

"મારા અવીવેક માટે ક્ષમા કરો."

અજય આમ ઓળખાઇ જવાથી જરા ગભરાયો જરા શરમાયો, એક ક્ષણ નીચું જોઇ રહયો, અને બોલ્યોઃ- "હા ! તે હું પોતેજ મારા અવીવેક માટે ક્ષમા આપો. મેં તમારાં વખાણ સાંભળેલાં પણ તે મેં જુઠાં માનેલાં. તમારા જેવાં મહાન પવીત્ર આત્માનો હાથ પાછો ઠેલવા માટે મને આજ ખુબ લાગી આવે છે. આપનો મારા માટે વીચાર કર્યો ન હોય તો- "

"ત્યારે તમે મને તમારી કરશો ?" અજયનું વાકય અધુરૂ રાખીને ઉષાએ આશા આનંદ, ઉલ્લાસ અને શરમથી નીચું મોઢું કરીને પુછ્યું.

"તમે મને જો તમારે લાયક માનતા હો તો હું સદભાગી.

"બહુ વીવેકની જરૂર નથી મને સ્વીકારવા તમે તયાર થયા. છો, એ જાણી મારૂ રોમેરોમ આનંદીત થયું છે" આમ કહી તે અજય પાસે ગઇ.

પવિત્ર પ્રેમ બંનેના મુખ પર ઝળકી રહયો હતો. વિષયવાસનાનો એક છાટો ય ન હતો.

અજય આજ સુધી પોતાને ઓળખી શકે એવા ચીત્ર આભારીની શોધમાં હતો. આજ તેની વાંચ્છના પરીપુર્ણ થઇ.

" તમારી કથની આગળ લંબાવોને ? " અજયે વીનંતી કરી

" પ્રેમમાં તમે વિવેકને સ્થાન આપો છો ! મને ' તમે ' કહેશો તો હું માનીશ કે તમારા મારા પરના પ્રેમમાં સ્હેજ ઉણુપ છે"

" તો હું સુધારી બોલું તારી કથની આગળ ચલાવ ? હવે તને ગમશે ને ? પણ ત્યારે તું મને 'તમે' કહીને શા માટે બોલાવે છે ? તારા પ્રેમમાં કાંઇ ઉણુપ છે. ? "

" ના, પણ સ્રીએ પોતાના પતિને માનાર્થે બોલાવવો જોઇએ એવી રૂઢી પડી ગઇ છે. "

" શુદ્ધ પ્રેમમાં રૂઢીને સ્થાન નથી. "

" તો ભલે હુ પણ તુ કહીને બોલાવીશ જો કે તેમ કરતાં મુસ્કેલી તો પડવાનીજ. "

" ભલે મુસ્કેલી પડે પણ તારી વાત તો આગળ ચલાવ !

" મેં વાત કયાંથી પડતી મુકી ! હં યાદ આવ્યું પેલા હરામખોર અજયે " સુંદરીએ હસતાં હસતાં કહ્યું.

" ખબરદાર ! તારા પ્રેમીને હરામખોર કહી અપમાને છે ? " અજયે હસતાં હસતાં તેને અટકાવી.

" જે થાય તે કરી લેજે હું તો મને ઠીક પડશે તેમ બોલીશ પેલા હરામખોર અજયે તો ના સંભળાવી દીધી. મારા પિતા આમ અપમાન થવાથી ગુસ્સે થયા. હું પણ છાનીમાની ખુબ રડી. લુચ્ચા અજયને મારા મનમાં ખુબ ગાળો આપી, વિનંતિઓ કરી, અને રડતાં રડતાં ઉંઘી ગઇ.

પ્રકરણ ૪૭ મું.

ઉષાની આત્મકથા (ચાલુ)

બપોરે બાર વાગ્યે—એટલે કે સુતા પછી બે કલાકે જરા અવાજ થવાથી હું જાગી ગઇ, બારીમાંથી એક નાગ મારા ઓરડામાં દાખલ થયો. તે દીવસે ગામમાં મેળો હોવાથી મારા માબાપ ત્યાં ગયાં હતાં. હું ઉંઘી ગયેલ હોવાથી અને શોકમાં હોવાથી મને તેમણે ન ઉઠાડી.

નાગને જોતાંજ હું ગભરાઇ. આવો ભયાનક નાગ મેં મારા જીવનમાં ન્હોતો જોયો. હું ચીસ પાડવા જતી હતી, તેવામાં નાગ અદ્રશ્ય થયો, અને એક રૂપાળો પુરૂષ મારી નજર સામે ઉભો રહયો.

હું વધારે ગભરાઇ. મને ચૂપ રહેવા નિશાની કરી. ક્રોધમાં આંખો લાલ કરી. હું બ્હી ગઇ. કાંઇ ન બોલી શકી.

તેણે મને તરતજ ઉપાડી લીધી, અને એક છુપા દરવાજેથી ચાલતો થયો. મેં એક ચીસ પાડી. તેણે પોતાનું એક કપડું ફાડીને મારા મોંઢામાં ડૂચો માર્યો. હવે ચીસ પાડવાની મારામાં શક્તિ ન રહી.

તે મને ઘોર અરણ્યમાં લઇ આવ્યો. ખાવા માટે થોડાં ફળ આણી આપ્યાં મારા તરફનો પોતાનો પ્રેમ તેણે બતાવ્યો. તેણે કહ્યું કે 'હું નાગ દેવ છું પ્હેલાં ઇદ્રના દરબારમાં તેના માનીતો દેવ હતો એકવાર તે મારી ઉપર કોપ્યા. તેણે મને નાગ બની જવાનો શ્રાપ આપ્યો, મેં આજીજીઓ કરી એટલે તેણે કહ્યું કે દિવસે પુરૂષ બનવું કે નાગ બનવું એ તારા હાથમાં રહેશે. પણ રાને તો તું ફરજીઆત નાગ બની જવાનો. એક દિવસે એક કુંવારા વીરને હાથે તારૂં મોત થતાં તારો ઉદ્ધાર થશે ?"

"હવે તે નાગે મને કહેવા માંડયું, થોડા દિવસ પહેલાં મેં તને જોઇ. હું તારા પર મોહિત થયો. તું જે માગે છે એ તને આપીશ, તું મારી થા."

મેં તો તેને ચોકખી ના સંભળાવી. મારૂં હૃદય તો લુચ્ચા અજયને અપાઇ ગયું હતું. તે મને આ વાત્ર નીચે લાવ્યો. આ મહેલ બતાવી, મને લલચાવવા પ્રયત્ન કર્યો, પણ હું ન લલચાઇ.

તે કોઇ પ્રેમનો ભુખ્યો નહોતો. મારા માંસનો ભુખ્યો હતો. મારા મોહક દેહનો ભુખ્યો હતો. તે તો તે દિવસેજ મારી ઉપર બળાત્કાર કરવા તૈયાર થયો. મેં વખત વિચારીને એક યુકિત અજમાવી.

"મને જો તમે તમારીજ કરવાનો નિશ્ચય કર્યો હોય તો મારો કાંઇ ઉપાય નથી. પણ મારી એક પ્રતિજ્ઞા છે. સોળ વરસ સુધી મારે બ્રહ્મચર્ય પાળવાનું છે. દસ મહિના પછી મને સોળ વરસ પુરાં થશે. તે દિવસે હું તમારી થઇશ."

મને ખુશ કરવા માટે દસ મહિના રાહ જોવાનું તેણે કબુલ કર્યું, અને હું પવિત્ર રહી ગઇ, મને રાજી રાખવા માટે તે હમેશાં પ્રયાસ કરતો. મારે માટે દુનિયાની દરેક ભાષાના પુસ્તકોનું પુસ્તકાલય પણ વસાવ્યું

તે દિવસે પુરૂષ તરીકે રહેતો, રાત્રે નાગ બની જતો, એટલે પોતાનો મણી લઇને બહાર ચારો ચરવા જવા નીકળી પડતો.

આ મણીને લઇને મેં નાસી જવા ઘણોય પ્રયાસ કર્યો, પણ તે પ્રયાસ નિષ્ફળ નિવડયો.

છેવટે આ લુચ્ચા અજયે મારો ઉદ્ધાર કર્યો છે. નાગને મારીને તેનો પણ ઉદ્ધાર કર્યો.

પ્રકરણ ૪૮ મું.

ઉષાને ઘેર આનંદ.

પણ તમે આ મણી કેવી રીતે લીધો અહિં શા માટે આવ્યા કેવી રીતે આવ્યા તે સવિસ્તાર નહિ જણાવો ! ઉષાએ પુછ્યું.

અજયે બધી વાત વિસ્તારથી જણાવી જોદુદ્દ માછલીની પણ વાત કહી અને આ ભેદની શોધમાં હું આવ્યો છું એમ જણાવ્યું.

"મને લાગે છે કે તે હરામખોર સુન્દરીનો પત્તો અહીં લાગવાનો. તમે કહી તેવાજ દેખાવવાળી બહુજ વિષયલોલુપ અને હરામખોર જણાતી સ્ત્રી નાગ પાસે પોતાના એક પ્રેમી માટે દવા લેવા ત્રણ ચારવાર આવેલી. નાગ પાસે કેટલીક અકસીર દવાઓ હતી. કુમાર જો તે લેવા આવતી તેથી તેનો પત્તો કદાચ આટલામાંજ લાગી જાય." ઉષા બોલી.

"પણ હવે તે કામ કર્યા પહેલાં મારે એક બીજું કામ કરવાનું છે. આ જેસંગ મારો વિશ્વાસુ માણસ છે. તેની સાથે હું તને તારા બાપને ત્યાં મોકલી આપું. તારા માબાપ તારી ખૂબ ચીંતા કરતા હશે તારા માબાપની સંમતિથી આપણા લગ્ન કરીશું.

"તારી વાત યોગ્ય છે વ્હાલા ! પણ મારી એક વિનંતી છે. તું પોતેજ મારા બાપને ત્યાં મને મુકવા ન આવી શકે ? બે દિવસ પછી તું તારૂં કામ કરી શકે છે. ફકત બે દિવસનોજ રસ્તો છે." ઉષાએ વિનંતી કરી.

"પણ મારી પ્રતિજ્ઞા છે કે આ ભેદ જાણ્યા પહેલાં કોઇ શહેરમાં દાખલ ન થવું."

" તું ગામને પાદર ઉભો રહેજે ને ? તારો માણસ મને મહેલમાં લઇ જશે. "

છેવટે તેમજ નક્કી થયું. ત્રણે જણ વાવમાંથી બહાર નીકળ્યા. વાવથી કેટલેક દુર અજયે અને જેસંગે પોતાના ઘોડા બાંધેલા, જેસંગ તે ઘોડા છોડી આવ્યો. એક ઘોડા ઉપર ઉષા અને અજય બેઠાં, બીજા પર જેસંગ બેઠો. ઘોડા પુરપાટથી દોડાવી મુકયા.

બીજે દિવસે રત્નપુરને પાદર આવી પહોંચ્યા. અજય અને ઉષાને છુટા પડવાનો સમય આવ્યો બંને ઘોડા પરથી ઉતર્યા બંનેની આંખમાં આંસુ ભરાઇ આવ્યા.

" વ્હાલા ! અજય ! મને ભુલી તો નહિ જાવ ને ? " ઉષાએ રડતાં રડતાં પુછ્યું.

" ગાંડી ! હું તને ભુલી જઇશ ! મારા આત્માને મારા પ્રાણને, મારી આંખોના નુરને ભુલી જઇશ ? " અજયની આંખમાંથી પણ એક આંસુ પડ્યું.

" ત્યારે તમે પાછા કયારે આવશો ? "

" એ તો કાંઇ નક્કી નહિ પણ હું આ ભવમાં તો નથી ભુલવાનો એ ચોકક્સ માનજે. મારા પર વિશ્વાસ રાખજે મારા દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી તો હું તારી પાસે પ્હેલી તકે જ આવી પહોંચીશ. "

બન્ને છુટા પડયાં જેસંગની આંખમાં પણ આંસુ આવ્યાં જેસંગ અને રૂપ જુદે જુદે ઘંડે બેસીને શહેરમાં ગયા, અને રાજમહેલમાં આવી પહોચ્યાં.

રાજા રાણીને પુત્રિને સલામત પાછી આવેલી જોઇ, ખુબ આનંદ થયો જેસંગે તેને બધી વાત સમજાવી. અજય ઉષાને પરણવા તૈયાર થયો છે, તે ખબર સાંભળી આનંદની અવધી આવી.

રાજા અજયને મળવા પાદરમાં આવ્યો. તેનામાં ખોટો ઘમંડ ન્હોતો. આ જગ્યાએ બીજો કોઇ હોત તો અજય તરફ તિરસ્કાર બતાવત. એક વખત અજયે ના પાડી તેનો દ્વેષ તે ન ભુલત. આ તો ખુલ્લા દીલનો માણસ હતો. તેણે અજયનો ખુબ સત્કાર કર્યો. શહેરમાં આવવા આગ્રહ કર્યો પણ અજયે પોતાની પ્રતિજ્ઞાને ખાતર આવવા ના પાડી પોતાનું કામ પતાવીને પ્હેલીજ તકે ત્યાં આવવાનું વચન આપ્યું.

ઉષાના માબાપ નવા જમાનાનાં માણસો હતાં. જુના જમાનાના માણસો હોત તો એક વરસ થયા ખોવાયલી છોકરીને ઘરમાં ન પેસવા દે. તેને કંલિત માનત અને ધુતકારીને કાઢી મુકત. પણ તે સમજુ હતાં પુત્રિના પવિત્ર આત્માને બરાબર પીછાનતાં હતાં. તેમને ખાત્રી હતી કે સુર્ય ભલે પશ્ચિમમાં ઉગે, પણ પુત્રિ કલંકીત નહિ થાય. આપણાં દરેક માબાપને પોતાના સંતાનો–અને ખાસ કરીને પવિત્ર પુત્રિઓ માટે આવો વિશ્વાસ હોય તો કેવું સારૂં ? પુત્રીના પવિત્ર મોઢા પર તેમણે પવિત્ર નુર જોયું આવું નુર અપવિત્ર માણસના મોઢા પર નજ હોઇ શકે.

આજ તેમને ત્યાં સોનાનો સુરજ ઉગ્યો. પ્રાણથી પણ વ્હાલી પુત્રી એક વરસના વિયોગ પછી મળતા તેમના હૃદય આનંદથી ફાટું ફાટું થઇ રહ્યાં.

ગામમાં મોટો ઉત્સવ ઉજવવામાં આવ્યો. ગરીબોને અને અપંગોને દાન અપાયાં. આખી પ્રજા હર્ષમાં આવી ગઇ.

ઉષાએ પોતાના માબાપને એક વરસમાં પોતા પર વિતેલા વિતકોની વાતો કહી. વાત કરતાં કરતાં ઉષાના માતા અને પિતાની આંખોમાં આંસુ ભરાઇ આવતાં.

પ્રકરણ ૪૯ મું

જંગી કિલ્લો

અજય અને જેસંગ ઉપડયા. અજયે જેસંગને ઘેર જવા સુચના કરી. પણ જેસંગે અજયને આમ એકલા છોડીને ચાલ્યા જવાની ચોકખી ના સંભળાવી.

તેઓ પાછા વાવ પાસે આવ્યાં. હવે તો તેઓ રસ્તાથી ટેવાઇ ગયા હોવાથી સ્હેલાઇથી અંદર ઉતરી શકયા.

મ્હેલમાં ગયા. મ્હેલ ખાલી હતો. કોઇ ત્યાં આવ્યું હોય એમ લાગતું ન્હોતું. એક ઓરડામાંથી તેમને ત્રણ ચાર મજબુત તાળાં મળી આવ્યાં. તેમને તે તાળાં મ્હેલના દરવાજા બંધ કરી તેમાં વાસ્યાં. અને પેલી જાદુઇ રૂપસુંદરીની શોધમાં ચાલ્યા.

ચાલતાં ચાલતાં તેમણે બે ગાઉનો પંથ કાપ્યો. પણ હજુ કોઈ મકાન કે કોઇનું રહેઠાણ દેખાતું ન્હોતું છતાં તેઓ હિમતમાં ને હિમતમાં ચાલવાજ મંડયા.

તેવામાં જેસંગે અજયનો હાથ પકડી તેનું ધ્યાન ખેંચ્યું. "બાપુ ! પેલું શું દેખાય છે ?"

અજયે આંખો ઝીણી કરીને જોયું. જરા દુર કોઇ મોટી ઇમારત હોય એમ જણાયું. અજયના મોઢા ઉપર હર્ષની નિશાનીઓ દેખાઇ. પોતાની મ્હેનત સાવ નિષ્ફળ તો નથી ગઇ એમ તેને લાગ્યું.

ગા ડલામાં તેઓ તે ઇમારત પાસે આવી પહોંચ્યા. પાસે જતાં માલુમ પડયું કે તે તો મોટો કીલ્લો હતો. કાળમીંઢ પથ્થરથી

બાંધેલો હતો. કામ બહુજ નકશીદાર હતું. કીલ્લો ભવ્ય અને સુંદર લાગતો હતો.

"કદાચ આપણા ભેદનો પત્તો અહીં મળી જાય, તો નવાઈ નહિ. નહિ તો વાવ નીચે આ પાતાળમાં આવો સુશોભિત કીલ્લો શા માટે હોય ?" અજયને વિચાર આવ્યો.

"બાપૂ ! હું ધારૂં છું કે આપણે જાણવા ધારેલ ભેદનો ઉકેલ કદાચ અહિં મળી શકે." જેસંગે અજયના વિચારને ટેકો આપ્યો.

તેમણે કિલ્લાનું બારીકીથી નિરિક્ષણ કર્યું. આવો અદ્ભુત નકશીદાર કિલ્લો આખી દુનિયામાં નહિ હોય એમ લાગ્યું.

"પણ આવી અદભુત ચીજો પ્રભુએ લોકો ન જોઇ શકે એવે સ્થાને શા માટે આપી હશે ?" જેસંગે પુછયું.

"પ્રભુએ નથી આપી. પણ પ્રભુની શક્તિને ન ગણકારવા ઇચ્છતા હરામખોરોનાં આ કારસ્થાન છે. પ્રભુ કાંઇ ગાડો નથી. અને આવા હરામી માણસો ભલે પોતા માટે ઘમંડ રાખે. પ્રભુ તેમનો ચોક્કસ નાશ કરાવે છે. પેલા ઘમંડી નાગનો નાશ પ્રભુએ આપણી પાસે કરાવ્યો કદાચ અહિં પણ પ્રભુના કોઇ દુસ્મનનો વાસ હોય ! અને તેનો નાશ કરવાનું કદાચ આપણા ભાગ્યમાં લખાયું પણ હોત" અજયે જવાબ આપ્યો.

"ત્યારે આપણે આ કિલ્લામાં દાખલ થઇશું ને ? તેના દરવાજા ઉઘાડા પડયા છે. વાવ નીચેની આ દુનિયામાં દરવાજા બંધ કરવાનો નિયમ હોય એમ લાગતું નથી. નાગના મ્હેલના દરવાજા ઉઘાડાજ હતા ને ?"

"હા. છતાં પણ આપણે તપાસ કરીએ કે અહિં કોઇ ચોકીદાર કે બીજું કોઇ માણસ છે કે નહિ ?" અજયે જવાબ આપ્યો. અને દરવાજો સાવ ઉઘાડો હોવા છતાં જોરથી સાંકળ ખખડાવવા મંડયો. અને બુમો પાડવા મંડયો પણ કોઇએ જવાબ ન આપ્યો.

અજયે જેસંગના હાથમાં તલવાર આપી. પોતાનો હાથમાં પીસ્તોલ તૈયાર રાખી. બંને સાવચેતીથી ધીમે પગલે અંદર દાખલ થયા.

તેઓ કીલ્લાની પરશાળમાં ફર્યા. ત્યાં કોઇ દેખાયું નહિ. પછી તેઓ ભવ્ય દીવાનખાનામાં ગયા. તે જગ્યા બહુજ સરસ હતી. ત્યાં તરેહ તરેહના વિવિધ રંગથી રંગેલા ઉન તથા સુતરથી ભરેલા ગાલીચાઓ પાથર્યા હતા. સુંદર ખુરશીઓ હતી. બારીઓમાં અજબ ભરત ગુંથણવાળા મોહક પડદાઓ ટાંગેલા હતા. બે ત્રણ સરસ પલંગો ગોઠવેલા હતા.

ત્યાંથી આગળ ચાલતાં ભવ્ય ઓરડામાં દાખલ થયા.

આ ઓરડાની બરાબર મધ્યમાં એક સુંદર પાણીનો હોજ હતો. તેના પર મોહક ઝાડની લતાઓ લટકાવેલી હતી હોજને ચારેય ખુણે ચાર મોટા સોનાના સિંહ હતા. તેમના મોઢામાંથી પાણી હોજમાં પડતું હતું હોજના મધ્ય ભાગમાં નકશીદાર ફુવારાની નળીયો હતી. તેમાંથી પણ પાણી કલાયુક્ત રીતે પડતું હતું.

હવે તેઓ એક સુંદર બગીચામાં દાખલ થયા. બાગમાં દુનિયાના જુદી જુદી જાતના ફુલ અને છોડ મોહક સોના રૂપાના કુંડાઓમાં ગોઠવેલા હતા. આ અજબ ફુલોની મીઠી સુગંધ ચારે

બાજુએ પ્રસરી રહી હતી આ મીઠી સુગંધમાં મુગ્ધ બની રાજા અને જેસંગ એક ભીંતને અડેલીને બેઠા.

થોડીવારમાં તેઓએ એક દુઃખી માણસના શબ્દો સાંભળ્યા. શબ્દો પાસેના ઓરડામાંથી આવતા હતા. અજય એકેએક શબ્દ સાંભળી શકતો હતો. તે શબ્દો આ રહ્યા:-

" પ્રભુ ! પ્રભુ ! હવે આ દુઃખ નથી સહન થતું. કૃપા કરીને મારી જીવનદોરી હવે ખેંચી લે. આવાં દુઃખો કરતાં રૈરવ નરક હું વધું પસંદ કરૂં છું. પ્રભુ ! તું દયાનો સાગર કહેવાય છે. મારી ઉપર આટલી દયા પણ નહિ કરે ? "

અજય અને જેસંગ ચમકયા. જે બાજુએ અવાજ આવતો હતો તે બાજુએ ચાલવા લાગ્યા. ચાલતા ચાલતા એક મોટા ઓરડામાં તેઓ દાખલ થયા. તેમાં દાખલ થતાં જણાયું કે સામેજ એક સિંહાસન ઉપર એક યુવાન બેઠો હતો. તેણે કિમતી જવાહીર અને કપડાં પહેર્યાં હતાં. પરંતુ તેના મોઢા પર દુખનું વાદળ હતું. આનંદની એક પણ નિશાની નથી.

અજય અને જેસંગ તેની પાસે ગયા. તેને વિનયથી સલામ ભરી. પેલા યુવાને પણ સામી સલામ ભરી અને દીલગીર થઇને બોલ્યો.

" પધારો ! મારે ઉભા થઇને આપનો સત્કાર કરવો જોઇએ. તેમ ન કરતો હોવાથી મને અવિવેકી ન ગણતા. એક ભયાનક દુઃખને લીધે હું ઉભો થઇ શકનો નથી, માટે હું આપની માફી માગું છું. "

પ્રકરણ ૫૦ મું.

પત્થરનો પાદશાહ.

" મહારાજા સાહેબ! આપના વિવેક માટે અમે આપના આભારી છીએ. અમે આપના દુખદાયક શબ્દો સાંભળીને અહીં આવ્યા છીએ. આપ ક્યા ભયાનક દુઃખમાં છો તે જણાવી શકશો. અમે તમને વચન આપીએ છીએ કે તમારૂં દુઃખ અમે જીવને જોખમે પણ ટાળીશું હું વીલાસપુરનો રાજા છું આ મારો મીત્ર છે કૃપા કરીને આપના દુઃખની કહાણી કહો અમે તે સાંભળવા ઉત્સુક બન્યા છીએ."

પ્રભુની લીલા વીચીત્ર છે. તે કૃપાનો સાગર છે. ક્રોધનો દાવાનળ છે તે રાયને રંક બનાવે છે. રંકને રાય બનાવે છે એક દીવસ તેણે મને સુખની ટોચ ઉપર મુકી દીધો. આજ મને દુઃખની ખીણમાં ફેંકી દીધો છે પ્રભુ! પ્રભુ! આ દુઃખ હવે નથી સહ્યું જાતું" તે રડવા માંડ્યો.

" આપ આમ રડો મા! આમ રડવાથી તે દુઃખ ઓછું થવાનું છે? અમને તમારી વાત કરો, આપને એટલું બધું શું દુઃખ છે તે જણાવો, દુઃખની વાત બીજાને કહેવાથી દુઃખી માણસનું દુઃખ હલકુ પડે છે એ આપ નથી જાણતા? અને અહીંથી કેટલેક દુર પેલું તળાવ તેની જાદુઇ રંગીન માછલીઓ જાદુઇ રૂપસુન્દરી સાથે તમારી વાતને કાંઇ સંબંધ છે કે નહી તે પણ જણાવો."

" ભાઇ! મારૂં દુઃખ દુનીયામાં કોઇથી કાપ્યું જાય એમ નથી. આ દુઃખ માટે મેં લોહીના આંસુ વરસાવ્યા છે. હવે તો મારી

આંખમાંથી આંસુય નથી પડતાં મારા જેવું દુ:ખ આખી દુનીયામાં કોઇને નહી હોય-લ્યો જુઓ !' આમ કહી તેણે પોતાનો અંગરખો ઉંચો કરી પોતાનું શરીર અજયને બતાવ્યું. શરીરનો કમ્મરથી ઉપરનો ભાગ માણુસ જેવો હતો. કમરની નીચેનો ભાગ કાળમીંઢ પત્થરનો બનેલો હતો.

આ દ્રશ્ય જોઇને રાજા ચમકયો. તેને આશ્ચર્ય સાથે ખુબ દીલગીરી થઇ.

"મહારાજ ! આપનું દુ:ખ જોઇને મને ખરેખર કમકમાટી થાય છે. પ્રભુ આવુ દુખ આપના વેરીને પણ ન આપજે. પણ આપને આ દુખ કેવી રીતે પડયું તે કૃપા કરીને જણાવો. તે જાણવા માટે હવે અમે ખુબ આતુર બન્યા છીએ."

આપની દીલસોજી માટે હું આપનો ખુબ આભારી છું. તમારી ઇચ્છા હોય તો મારી આત્મકથા કહેવામાં મને કંઇ વાંધો નથી. આ કથા સાંભળીને તમારી અજાયબીઓનો પાર નહી રહે. દુનીયાએ આજ સુધીમાં સ્વપ્ને પણ ન ધારેલી આ કથની છે. લ્યો ! નીચે બેસો અને એકચીત્તે સાંભળો.

પ્રકરણ ૫૧ મું

અમારાં લગ્ન

ભાઇ ! મારૂં નામ જયમલ. મારા બાપનું નામ વીરસિંહ. મારા બાપ શ્યામદ્વિપના રાજા હતા. અહિંથી કેટલેક દુર તમે એક

તળાવ અને તેની ચારે બાજુએ ચાર ટેકરી છે, એ તો તમે જોયેલ છે. તે ચાર ટેકરીની જગ્યાએ ચાર ગંજાવર ટાપુ હતા. અત્યારે તળાવ છે તે મારી રાજનગરી હતી. તેમાં માછલાં છે. એ અમારી રૈયત હતી. ત્યાં મારા બાપ રાજ કરતા.

મને સત્તર વરસનો મુકીને મારા બાપ ગુજરી ગયા. રાજની લગામ મારા હાથમાં આવી. મારા બાપે મને પોતાના હાથ નીચે કેળવેલો હોવાથી, મને રાજ કારભારની બધી માહિતી હતી. અને તેથી પ્રજામાં હું ખુબ લોકપ્રીય થઇ પડયો.

એક દિવસ એક રજપુત મારી પાસે ખાનગીમાં આવ્યો. તે સાઠ વરસની ઉંમરનો હતો. માંડમાડ ચાલી શકતો હતો.

"બાપુ ! હું આપની રૈયત છું. પાસેના ગામમાં રહું છું. હવે હું વૃદ્ધ થયો છું. હવે તો કાશીએ જઇને મારૂં જીવન કાશીપતિત સેવામાં વિતાવવા ધારૂં છું. પરંતુ સોળ વરસની ઉમરની મારી એકની એક પુત્રી છે. તેને પરણાવીને જાઉં એવી મારી ઇચ્છા છે."

"તો ભલે ! આપને લગ્ન જેટલું ખરચ આપીશ. તમારી દિકરીને કોઇ સુપાત્ર શોધીને પરણાવી દો." મેં જવાબ આપ્યો.

"હું તો એક બીજી જ યાચના કરવા આવ્યો છું. તમે હજુ સુધી કુંવારા છો. તો મારી પુત્રીને સ્વીકારીને મારૂં જીવન ધન્ય કરો. મારી પુત્રી રૂપરૂપનો અવતાર છે. પિતાએ પુત્રીના રૂપનાં વખાણ કરવાં ઠીક નજ કહેવાય. તમે તેને એકવાર જુઓ. તમે ચોકકસ તેની સાથે લગ્ન કરવા સંમતિ આપશો."

" ભલે ! આપની પુત્રીને આપ કહો ત્યારે જોવા આવું.' મેં કહ્યું.

" જો કાંઇ વાંધો ન હોય તો અત્યારેજ ચાલો ને? " તેણે વિનતી કરી.

" હું તેની સાથે તે વખતેજ ધર્મશાળામાં ગયો. તેની જુદી ઓરડીમાં બેઠો.

"રતી બ્હેન ! દિકરા ! પાણી લાવ જોઇએ ! આપણા ધણીએ આજ આપણી ઓરડી પાવન કરી છે." ડોસાએ બુમ પાડી.

તરતજ નુપુરનો ઝણકાર સંભળાયો. એક અતુલ રૂપવતી સુન્દરી પાણીનો કળશો ભરીને આવી. તેનું રૂપ જોઇને હું દિવાનો થઇ ગયો. સારામાં સારો કવિ પણ તેના રૂપનું વર્ણન ન કરી શકે. મેં ડોસાને હા પાડી.

ખુબ ધામધુમથી અમારાં લગ્ન થયાં. પ્રજાનાં હૃદય પણ આનંદથી ડોલવા લાગ્યાં અને મારા આનંદનો તો પાર ન્હોતો રહ્યો. આવી ત્રિભુવન સુન્દરીને હું પરણી શકીશ એવો મને સ્વપ્નેય ખ્યાલ ન્હોતો. રતીસુન્દરી ખરેખર રતીનો અવતાર હતી.

લગ્ન થઇ રહ્યાં. અમારા મેળાપની પ્હેલી રાત આવી પહોંચી મારા હૃદયમાં આનંદનો સાગર ડોલવા લાગ્યો.

પ્રકરણ ૫૨ મું

લગ્ન પછી પ્હેલી રાત

તે દિવસે મેં તેને ત્યાં મોકલેલ ખાસ શણગાર અને કપડાં પ્હેરીને તે આવી. અત્તર અને સેન્ટનો તેણે ખૂબ ઉપયોગ કર્યો હતો. અત્તર અને ગુલાબજળથી નાહવાની મેં સુચના મોકલી હતી. અને

તેને માટે હજારો રૂપીયાનું અત્તર અને ગુલાબજળ મોકલ્યું હતું. મારા શયનગૃહમાં તે દાખલ થઇ. આખો ઓરડો ધમધમી ઉઠયો.

હું પલંગ ઉપરથી ઉભો થયો, તેની સામે ગયો. તેનો હાથ ઝાલ્યો, અને પલંગ પર લઇ આવ્યો. તેને પલંગ ઉપર બેસાડી.

તેની સાથે મેં સંપુર્ણ સુખનો અનુભવ કર્યો લગ્નની પ્હેલી રાતે કોઇ સ્ત્રી પોતાના પતિને આ સુખનો એક હજારમો ભાગ પણ ન આપી શકે.

હું તેના ઉપર ખુશ રહેવા મંડયો તેને કામશાસ્ત્રના ચોર્યાસી આસનો આવડતાં. તે તેણે મને શીખવ્યાં અને મારા સંસારમાં સ્વર્ગ ઉભું કરવા લાગી.

રતીસુન્દરી મારા તરફ બેહદ પ્રેમ બતાવતી. મને ખુશ રાખવા માટે સેંકડો પ્રયાસ કરતી. મારો આખા દીવસનો થાક અને ચિંતા તે પાંચ મીનીટના સહવાસમાં ભુલાવી દેતી. મારૂ ગૃહ મારી આરામગાહ બન્યું હતું. મહેલમાં જાઉં એટલે હું ગમે તેટલી મોટી ચિંતાઓ ભુલી જાઉં, અને અપુર્વ આનંદ મારી રગેરગમાં ફેલાઇ જાય.

મને લાગવા માંડયું કે મારા જેવો સુખી માણસ આખી સૃષ્ટિમાં નથી. આવી આદર્શ પત્નિ આખી સૃષ્ટિમાં કોઇને ત્યાં નહિ હોય તે કાર્યમાં પ્રધાનની ગરજ સારતી, ગમે તે વિષયમાં સરસ સલાહ આપી શકતી, કામ કરવામાં દાસી જેવી હતી, મારે માટે ગમે તે જાતનું હલકું કામ કરતાં શરમાતી નહિ, ભોજન વખતે માતાની ગરજ સારતી. એક માતા પોતાના બાળકને જમાડે તેમ ખુબ આગ્રહ કરીને પ્રેમથી જમાડતી, અને શયનમાં—રતીક્રેલીમાં સાક્ષાત રંભા અને ઉર્વશીનો અવતાર હતી.

પરંતુ થોડા મહીના પછી મને લાગવા માંડયું કે તેનો મારા ઉપર બરાબર પ્રેમ નથી. 'મારા ઉપર પ્રેમ છે.' એવો બનાવટી દેખાવ કરવા તે ખુબ પ્રયાસ કરતી હોય એમ લાગ્યું. પણ મેં તરતજ મારા મનને ઠપકો આપ્યો. "હું ખરેખર બેવકુફ છું. તે મારે માટે મરી ફીટે છે છતાં હું ખોટી શંકાઓ લાવું છું."

એક રાતે ચાર વાગે મારી આંખ ખુલી ગઇ. ઘણું ખરૂં ૬ વાગ્યા પ્હેલાં મારી આંખ ભાગ્યેજ ખુલતી.

મારી પડખે નજર નાખતાં રતીસુંદરી ત્યાં નહોતી. પહેલાં મને થયું. "અત્યારે કયાં ગઇ હશે ?" પણ તરતજ મન વાળ્યું કે "દિશાએ ગઇ હશે ?" થોડીવાર પછી મારી આંખ પાછી મળી ગઇ. કલાક બે પછી મારી ઉંઘ ઉડી ગઇ. રતીસુંદરી મારી પડખે સુતેલી ઘસઘસાટ ઉંઘતી માલમ પડી. ઉઠતી વખતે મેં તેને પુછ્યું, "આજ ચાર વાગ્યે કયાં ગઇ હતી ? દિશાએ !" તેના મોઢા પર આ વાત સાંભળતાં ચિંતાનું વાદળ છવાયું. એક ક્ષણમાં વાદળ વીખરાયું. અને હસીને જવાબ આપ્યો. 'હા.'

મને હજુ સુધી મારી સ્ત્રીના ગેરવર્તન માટે જરા પણ શક ન્હોતો. રહેજ શંકા આવતી કે તરતજ તે રતીના પ્રેમાળ વર્તનથી ચાલી જતી. હું ઉલટો મને પોતાને ઠપકો આપવા લાગતો. મને લાગતું કે, હું 'વ્હેમી છું. મારી સતી સ્ત્રી માટે જરા પણ શંકા લાવવામાં પાપ છે ઘોર પાપ છે.' એમ મને થવા લાગ્યું. અને મારી સ્ત્રી ઉપર મારો પ્યાર વધુને વધુ જામવા લાગ્યો.

પ્રકરણ ૫૩ મું.

રાંડ રતીસુંદરી કયાંયને કયાંય ભટકવા જાય છે.

એક દિવસ રતીસુંદરી જરૂરી કામે બહાર ગઇ હતી. હું ખુબ ગરમી હોવાથી સોફા પર ઉંઘી ગયો હતો. દાસીઓ મને પંખો નાખતી હતી. હું ઉંઘી ગયો છું એમ લાગતાં બંને દાસીઓ મારો ઓરડો છોડીને બહાર જઇને બેઠી, અને વાતો કરવા લાગી, તેમના અવાજથી મારી ઉંઘ ઉડી ગઇ અને તેની વાતો સાંભળવા લાગ્યો.

"આ રાજા કેટલો બધો સારો માણસ છે. કેવો ભલો અને માયાળુ છે. રૂપમાં પણ કામદેવને લજાવે તેવો છે, ડાહયો છે, સમજુ છે. છતાં રાંડ રતીસુંદરી કયાંયને કયાંય ભટકવા જાય છે. મીષ્ટાન મુકીને ટુકડા ભીખવા જાય છે. એક દાસી બોલી.

" તું શું કહે છે ? ખરેખર સાચું બોલે છે" બીજી દાસીએ આશ્ચર્ય બતાવ્યું.

" તને ત્યારે ખબર નથી ? મહેલમાં તે વાત બધી દાસીઓ જાણે છે. જા ! જા ! "

" મારા સમ ? મને તે જરાય ખબર નથી કહે તો ખરી છે શું ? "

" એ રાંડ બાર વાગે રોજ કયાંક ચાલી જાય છે, અને ચાર સાડાચારે પાછી આવતી રહે છે. "

રોજ રોજ જાય અને રાજાને ખબર ન પડે એ કાંઇ બનાવ બનવા જોગ છે ? હું તો આ વાત નથી માની શકતી.

ન માનવું હોય તો કાંઇ નહિ. રાત્રે સુતી વખતે રાંડ રાજાના પાણીના પ્યાલામાં કાંઇક કેફી દવા નાંખે છે. તેથી રાજા પાંચ વાગ્યા પહેલાં જાગી શકતોજ નથી. અને બાઇ સાહેબ બહાર ફરી આવે છે. આવા કામદેવ જેવા રાજાને મુકીને તેને પરપુરૂપ પાસે જવું કેમ ગમતું હશે ? ખરેખર રાંડનું મોં બાળી નાખવું જોઇએ. રાંડ કોઇ કજાતની દીકરી લાગે છે.

"તું ધીમે બોલ. કોઇ સાંભળી જશે તો આપણા બાર વાગી જશે. રાણી કજાતની દીકરી છે એ તો હું પણ જાણું છું. એ તો પેલી રધી ખવાસણીની છોકરી વિધવા થયા પછી તે કોઇ મકરાણી સાથે ચાલતી. રધીને ગર્ભ રહયો. આ છોકરી થઇ એટલે પેલા વૃદ્ધ રજપુતને ઘેર છાનીમાની મુકી આવી. વૃદ્ધ રજપુતને કાંઇ છોકરૂં ન્હોતું. તેણે પોતાની છોકરી ગણીને પાળી અને પોષી. પણ કાંઇ મા અને બાપના ગુણ જાય ? પણ હવે આપણે રાજા સાહેબને ચેતવી દઇએ તો ?"

"ના બાઇ ! આપણે કમોતે નથી મરવું. રાજા તો રાંડ પાછળ આંધળો છે. તે વાત કદિ સાચી ન માને અને આપણને કમોતે મરવાનો દીવસ આવે.

આ વાત સાંભળીને હું ચમકયો. રતી પેલી રધી ખવાસણની છોકરી. રધી ખવાસણ એટલે પહેલા નંબરની બજારૂ વેશ્યા જોઇ લો. આગલા બનાવોએ મારી શંકાને જોર આપ્યું. મને લાગ્યું કે રતી ખરેખર વ્યભિચારીણી છે. રતીનું મોઢું પણ રધીને સ્હેજ મળતું આવે છે. એમ હવે મને લાગવા માંડયું. મારૂં મન મનાવવા પણ

મેં ખૂબ મહેનત લીધી. પણ મન ન માન્યું. હવે તો મને તેના નામ ઉપરજ અણગમો આવવા લાગ્યો. તેના તરફ મને તીરસ્કાર પેદા થયો.

રાત્રે તે રૂમઝુમ કરતી મારી પાસે આવી. પ્રેમની ખુબ વાતો કરી મને તેના તરફ ખૂબ તિરસ્કાર આવ્યો હોવા છતાં, તે તિરસ્કાર મહામહેનતે મેં છુપાવી રાખ્યો. તેની સાથે ખુબ વાતો કર્યા પછી મેં કહ્યું. "મને ખુબ તરસ લાગી છે વ્હાલી !"

વાકય પુરૂં થયું તે પહેલાં તો 'આ લાવી' એમ કહીને તે દોડી. થોડીવારમાં સોનાની ઝારી લઇ આવી અને મારી સામે મુકી. ઝારી મોંઢે અડાડી અને તરતજ બુમ પાડી, "રે ! દીવાનખાનામાં હું તીજોરીની ચાવી ભુલી ગયો લઇ આવીશ ?"

રતી તે લેવાને દોડી. મેં પાણી પીધા વીના ફેંકી દીધું દિવાનખાનામાં મેં આ પ્રસંગ માટે ખાસ ચાવી મુકીહતી. રતી તે લઇ આવી.

"આજ તો ઉંઘ આવે છે ચાલો સુઇ જઇએ." મેં કહ્યું અમે બંને સુતાં. પછી થોડીવારમાંજ મેં ઘસઘસાટ ઉંઘવાનો ડોળ કર્યો.

રતીને લાગ્યું કે હું ઉંઘી ગયો છુ. તે તરતજ પલંગ ઉપરથી ઉતરી ગઇ. હું ઝીણી આંખો કરીને તેની બધી હિલચાલ તપાસવા લાગ્યો.

તેણે પોતાનો કબાટ ઉઘાડયો. સરસમાં સરસ કપડાં અને સરસમાં સરસ ઘરેણાં કાઢયાં. ટાપટીપ કરીને તે પહેર્યાં. કપડાં પહેરીને મારી પાસે આવી. હું ઉંઘી ગયો છું તેની ખાત્રી કરી.

" ભગવાન આ બાયલાને ટુંકો કરી નાખ તો હું સુખી થાઉં આની ખ્હીકે મારે કેટલી સાવચેતી રાખવી પડે છે.' એમ કહી મારા તરફ ધિક્કારની દૃષ્ટિ તેણે ફેંકી અને ચાલી ગઇ.

હું પલંગ પરથી ઉભો થયો. મારી તલવાર હાથમાં લીધી અને તેની પછળ પાછળ ચાલવા લાગ્યો.

પ્રકરણ ૫૪ મું

રાક્ષસોની રતીક્રીડા.

હું પાછળ ચાલ્યો. તે મહેલના દરવાજા હાથેથી ન્હોતી ઉઘાડતી દરવાજા પાસે ઉભી રહીને કોઇ મંત્ર બોલતી એટલે ધીમેથી દરવાજા ઉઘડી જતા. બહાર નીકળીને ઉભા રહ્યા વીના આગળ ચાલતાં ચાલતાં એક શબ્દ બોલતી અટલે દરવાજા બંધ થઇ જતા, મને ખુબ નવાઇ લાગી હું સાવચેતીથી તેની પાછળ ચાલવા લાગ્યો.

મહેલમાથી નીકળીને અમે પાછળના ભાગમાં ગયાં. ત્યાં નીર્જન જેવું હતું. જરા દુર જતાં એક બાવાની ઝુંપડી આવી. રતી તેમાં દાખલ થઇ.

હું ઝુંપડીના પાછળના ભાગમા ગયો. ત્યા નાનકડી મોરી હતી ત્યાંથી બધુ જોઇ શકાતુ હતુ.

ઝુંપડીમા એક અલમસ્ત બાવો એક ગંધાતી ફાટલ ગોદડી પર બેઠો બેઠો ભુંગળી પીતો હતો, જેણે કેટલાય વરસથી તે નાહ્યો નહીં હોય, તેના શરીરમાંથી માથું ફાડી નાખે તેવી દુર્ગંધ આવતી હતી. ક્રોધથી તે લાલચોળ થઇ ગયો હતો.

રતી ગભરાતી ગભરાતી ઝુંપડીમાં દાખલ થઇ.

"રંડી ? કયું મોડી આઇ ?" તે તડુકયો.

રતી ધ્રુજવા મંડી.

"વ્હાલા ! પ્રાણપ્યારા !" આમાં મારો જરાય વાંક નથી. મારો ધણી સુઇ જાય ત્યારે જ મારાથી આવી શકાય. તારા માટે મારો જીવ કેટલો વલખે છે, એ તો મારૂં મન જાણે છે. તું હુકમ આપે તો મારા ધણીના ટુકડે ટુકડા કરી નાખું પણ મને તેની દયા આવે છે જણ તારી ખાતર હું ગમે તે કરવા તૈયાર છું આપણા છેલ્લા પાંચ વર્ષના સંબંધમાં એક રાત પણ હું ન આવી હોઉં એવું બન્યું છે ?"

"રંડી ! વધુ મત બોલ ! પ્હેલાં તું ખુબ વ્હેલી આવતી હતી. આખી રાત લ્હેર કરાવતી. અને હવે તો આટલી બધી મોડી આવે છે અને વહેલી વહેલી ચાલી જાય છે. એમ નહિ ચાલે. ગરજ હોય તો વહેલી આવતી જજે. નહી તો તારા જેવી રંડી સતરસોને સાઠ મળી રહેશે. મારા જેવા મર્દ પાસે આવવા કોણ તૈયાર ન થાય ?" આમ કહી તે ગાળો આપવા લાગ્યો.

રતીસુંદરીએ તેનો ક્રોધ શાંત કરી તેને ખુશ કરવા પોતાનાં બધાં કપડાં ઉતારી નાખ્યાં અને વ્હાલના અને પ્રેમના શબ્દો બોલતી બાવાને ભેટી પડી.

"હરામજાદી ! તને ફોસલાવતાં સરસ આવડે છે એમ નહી ચાલે."

તેણે રતીસુન્દરીને દુર ખસેડી. ખુણામાં પડેલ ચાબખો હાથમાં-

લીધા સડસડાટ કરતો એક ચાબખો તેના નગ્ન દેહને માર્યો. રતીની રાડ ફાટી ગઇ.

"મને માફ કર ! હું પહેલાં વહેલી આવતી કારણ કે હું સ્વતંત્ર હતી હવે તો પરણી છું, તેથી મોડું થાય છે." તેણે રડતાં રડતાં કહ્યું.

"કમજાત !" કહીને બાવાએ તેને બાથમાં લીધી નીચે જમીન ઉપર પછાડી અને પોતાની વિષયવાસના તૃપ્ત કરવા તેની સાથે શ્વાન ચેષ્ટા કરવા લાગ્યો.

બાવો અજબ અલમસ્ત હતો ભાંગ અને ગાંજો પીને ગાંડો બન્યો હતો તેના ભારથી રતીસુંદરી ચગદાઇ જતી હતી અને જોરથી સીસકારા અને ઉંકારા કરતી હતી આટલા દુઃખ છતાં ય રતીસુંદરીના મોઢા પર અપૂર્વ આનંદ જણાઇ આવતો હતો.

બાવો તો એક પશુથી પણ ખરાબ કર્મ કરતો હતો.

અરધા કલાકે તેણે પોતાનું નીચકર્મ પતાવ્યું રતિસુંદરી કાર્ય થઇ રહ્યા પછી દશ મીનીટ આનંદમાં મસ્ત પડી રહી પછી પાણીથી પોતાના શરીરના ભાગો અને ગાલ ધોઇ નાખ્યાં, ત્યાં ઝુંપડીમાં પોતે રાખેલ દવાની શીશી લઇ તેમાંની દવા આ બધા ભાગમાં ચોપડી દીધી અને બાવાને આલીંગન આપીને તેની ગંધાતી ગોદડીમાં તેની સાથે સુઇ ગઇ બાવાના શરીરમાંથી અસહ્ય દુર્ગંધ આવતાં છતાં તે આનંદથી બાવાને ચુમ્બન આપતી હતી.

આ દેખાવ જોઇ મારી આંખમાથી લોહી વરસવા લાગ્યું મારી પરણીત સ્ત્રીની આ સ્થિતી ? એ બે દોકડાના બાવાને મારી અર્ધાંગના પોતાનો દેહ અર્પે ? બંનેના ખુન કરવા મેં નિશ્ચય કર્યો.

ધીમેથી મેં ઝુંપડીમાં પ્રવેશ કર્યો, બંને ઘસઘસાટ ઉંઘતાં હતાં. રતીના મોઢા પર સ્મીત દેખાતું હતું જેની સાથે ઉભા રહેતાં પણ મહા દુઃખ થાય તેવા કુતરા સાથે સમાગમ કરવામાં આવી અપુર્વ સુંદર સ્ત્રીને કેમ આનંદ આવતો હશે ? વિધાતા ! તારી લીલા અજબ છે.

પહેલાં મેં બન્નેનાં ખુન કરવાનો નિશ્ચય કરેલો પણ રતીને જોતાં મને તેનું ખુન કરવા મન ન થયું. સ્ત્રીહત્યા મોટું પાપ છે એમ મને લાગ્યું તેથી બાવા પર તલવારથી એક ઝાટકો માર્યો અને ઝડપથી બહાર ચાલ્યો આવ્યો.

આકાશમાં ચાંદની ખીલી હતી ચંદ્રિકા પોતાના રૂપેરી કિરણોની ચાદર જગત પર બીછાવતી હતી, પ્રેમીઓને સ્વર્ગસમ દેખાવ હતો પણ હાય ! મારા ઉરમાં જ્વાળામુખી સળગતો હતો તેમાં ન સહન થઇ શકે એવો અગ્નિ પ્રકટયો હતો મારી રતી વ્યભીચારીણી ? એ ખ્યાલ આવતાં મારાં રોમાંચ ખડાં થવા લાગ્યાં.

રસ્તામાં વાવ આવી તેમાં ઉતરીને મારી લોહીવાળી તલવાર ધોઇ નાંખી મારા હાથ અને મોઢા પર ઉડેલા લોહીના છાંટા ધોઇ નાખ્યા મારા માથામાં તો ઘણુ વાગતા હતા તેને ઠંડક આપવા માથુ પાણીમાં ઝબોળ્યું પણ આ ઠંડુ પાણી મારા મગજને શાંતી ન આપી શક્યું

ઘેર આવીને હું સુઇ ગયો મને જરા ય ઉંઘ ન આવી, બે કલાક પછી તે ઘેર આવી. પોતાનાં કપડા ઉતારીને મને આલીંગન આપીને સુઇ ગઇ. તેની આંખમાં આંસુ હતા. તેનું મોં કાળુ પડી ગયું હતું. પરંતુ મોતને લીધે તે ખુબ દીલગીર થઇ હાય એમ લાગ્યું.

પ્રકરણ ૫૫ મું

સ્ત્રી ચરીત્ર

તે સ્હવારે મેં તેની સાથે કાંઇ વાત ન કરી, હું નિયમ પ્રમાણે રાજસભામાં ગયો. સાંજે બધાં કામ પતાવી ઘેર પાછો આવ્યો.

ઘેર આવીને જોતાં માલુમ પડયું કે રતી શોકમાં નિમગ્ન થઇને બેઠી હતી. કાળી સાડી પહેરી હતી. ઘરેણાં કાઢી નાખ્યા હતા. ચોટલો ગુંથ્યો ન હતો. માથા પરના વાળ આમ તેમ ઉડતા. થોડા વાળ આંખો પર પડેલા હતા. તેમાંના કેટલાક વાળ તેણે તોડી નાખ્યા હોય, એમ લાગતું હતું. આંખો રોઇ રોઇને સુજી ગયેલી હતી.

"વ્હાલી!" મેં તેને કહ્યું. વ્હાલી કહેતાં તો મારો જીવ નિકળી જતો હતો. આજ તો મહા મહેનતે આ શબ્દો બોલી શકયો, "આમ કેમ પડી છે? શોકનો પોષાક શા માટે પહેર્યો છે? તારી આંખો પણ સુજેલી છે. આ બધું છે શું?"

"પ્રાણનાથ! મારો આ વેશ જોઇ, આપને ખુબ નવાઇ લ ગી હશે. પરંતુ ખરૂં કારણ જાણતા આપને પણ શોક થશે આજ કાશીથી એક કાસદ આવ્યો હતો. તેણે સમાચાર આપ્યા કે મારા બાપ ગુજરી ગયા છે. મારા વ્હાલા બાપના મોતના સમાચાર સાંભળી મને કાંઇ ને કાંઇ થઇ જાય છે." આમ બોલી તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી તેની આંખોમાથી આંસુની ધાર પડવા લાગી.

તેના બાપના (!) મરણના સમાચાર સાંભળી મેં પણ દિલગીરી દેખાડવાનો ઢોંગ કર્યો. તેને ખુબ આશ્વાસન આપીને છાની રાખી. મારે તેનો ત્યાગ કેવી રીતે કરવો તેના વિચારમાં હું પડયો.

પ્રકરણ ૫૬ મું

સુંદરી કે સાપણ ?

તે દિવસે હું વ્હેલો સુઇ ગયો. મને હજુ ઉંઘ ન્હોતી આવી, ત્યાં તો રતી તેના આ શોકનાજ વેશમાં પલંગ પરથી ઉઠીને બહાર જવા મંડી. તે ક્યાં જતી હશે તે જાણવા હું પાછળ પડયો. કોઇ નવો યાર તેઃ નહિ શોધ્યો હોય ?' મને વિચાર આવ્યો. પણ નવા યાર પાસે આવા ખરાબ વેશમાં શા માટે જાય ?

ચાલતાં ચાલતાં અમે ઝુંપડી પાસે પહોંચ્યો. હું આગલે દિવસે ઉભો હતો, તેજ જગ્યાએ ઉભો રહયો. જરા અજાયબી સાથે મને માલુમ પડયું કે બાવો મરી ન્હોતો ગયો. સખ્ત ઘાયલ થયો હતો. કદાચ રતીએ પોતાના મંત્રને બળે તેનો જીવ જતાં અટકાવ્યો હોય. અત્યારે તો બાવો જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતો હતો. તેનામાં બોલવાની કે શરીર ફેરવવાની પણ શકિત ન્હોતી.

રતીએ તેને પાટાપીંડી બાંધ્યા. તેનું માથું પોતાના ખોળામાં લીધું. તેને બોલાવવા ખુબ પ્રયાસ કર્યો. પણ તે ન બોલી શકયો. પછી રાંડ ચોધાર આંસુ પાડી વિલાપ કરવા લાગી. 'મારા વ્હાલાની આ સ્થિતિ કરનારને ત્રાહી ત્રાહી પોકરાવીશ.' તેણે પ્રતિજ્ઞા લીધી. હું તરતજ ઘેર ચાલ્યો આવ્યો.

મારા આવ્યા પછી કેટલીક વારે તે પાછી આવી. હું તલવાર લઇને ઉભો થયો અને તડુકીને બોલ્યો.

"રાંડ ! કુલટા ! અત્યારે તારા ક્યા બાપ પાસે ગઇતી. ગઇકાલે મેં તારૂં પણ ખુન કરવા નિશ્ચય કરેલ. પણ મને દયા આવી.

પણ મોત સિવાય તારે માટે કાંઇ ઉપાય નથી." આમ કહીને મેં તેના ઉપર તલવારનો છુટો ઘા કર્યો. તે તરત જ ચપળતાથી ખસી ગઇ, અને ઘા ચુકાવી દીધો.

"બાયલા ! તું જ મારા આ દુઃખનું કારણ છે. તારૂં હવે આવી બન્યું છે. મારા વ્હાલાને મારનાર પર વેર લેવા મેં પ્રતિજ્ઞા લીધી છે. મારા સહવાસથી તને કેટલો આનંદ અને કેટલું સુખ મળતું ? કૃતઘ્ની ! તેનો બદલો તેં મારા પર ચોકી રાખવામાં અને મારા વ્હાલાને મારવામાં આપ્યો ને ? ધીટકાર છે તને." આમ કહી તેણે મારા ઉપર મંત્રેલા દાણા નાખ્યા અને શ્રાપ આપ્યો. "મારી મંત્ર વિદ્યાના પ્રભાવથી, હું તને આજ્ઞા કરૂં છું કે આ ક્ષણે જ તું અરધો પાષાણ અને અરધો માનવ દેહધારી બની જા." તે જ ક્ષણે મારી આ સ્થિતિ થઇ ગઈ.

અમારી રકઝકથી મ્હેલના નોકર ચાકરો ત્યાં દોડી આવ્યા. મારી આ સ્થિતિ જોઇને શહેરમાં દરેક જગાએ આ સમાચાર ફેલાવી દીધા. આખી પ્રજા ઉશ્કેરાઇ ગઇ. રાંડને સખ્ત સજા કરવા બધી પ્રજા મારા મ્હેલ પર આવી પહોંચી.

શહેરના લોકો પોતાને સજા કરવા આવે છે, એ ખબર પડતાં તેના ક્રોધનો પાર ન રહ્યો. પોતાના મંત્ર પ્રભાવથી આખા શહેર અને આખા રાજ્યનો નાશ કર્યો. મારા રાજ્યનું ન્હાનું જંગલ બનાવી દીધું મારા પાટનગરને જંગલની વચમાં ન્હાનકડું તળાવ કરી નાખ્યું. ચાર મોટા ટાપુઓને નાનકડી ટેકરીઓમાં ફેરવી નાખી, અને બધી પ્રજાને તળાવમાંનાં માછલાં બનાવી દીધાં. તે તળાવ માછલાં, અરણ્ય, અને ટેકરીઓ તમે જોયેલ છે માછલાં ચાર રંગનાં

છે. તે ચાર વર્ણના–બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર લોકો છે અને રાંડ મને અહિં જમીન નીચે કિલ્લામાં લઇ આવી.

હજુ મારા દુઃખનો અંત નથી રાંડ દરરોજ સવારે મારી પાસે આવે છે. મારૂં શરીર ઉઘાડું કરે છે. અને મીઠું પાયેલા દોરડાના સો ફટકા જોરથી લગાવે છે. તે મને કહે છે કે "તારાં કાળાં કામને પ્રતાપે મારો યાર હજુ સાજો નથી થયો. જ્યાં સુધી તે સાજો નહિ થાય ત્યાં સુધી દરરોજ આમ શિક્ષા કરવાની."

